વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ માર્ચ-એપ્રિલ, ૨૦૨૩
● વર્ષ : ૪૮ ● અંક : ૦૩-૦૪



૯૧મા પ્રાગટ્ય પર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન



(૧-૪) વાસણા ઝોન ખાતે અનુક્રમે શિબિર તથા પધરામણીમાં લાભ (૫-૮) વાસણા ખાતે ૩૬મો દિવ્ય પાટોત્સવમાં ગુરુજીનો લાભ



# અનુક્રમણિકા


04 દિવ્યવાણી

06 પ્રાસ્તાવિક લેખ ૯૧મા પ્રાગટ્ય પર્વે

09 કોઈને દુ:ખી જોઈ ન શકે

13 નિજની નહિ, પરની ચિંતા

18 અનંત ભૂલોને ભૂલી કૃપા વહાવી

22 પ્રાર્થના અને આશીર્વાદ રૂપે કરુણા વહાવે

26 કઠોર દયા

30 ભક્તોનું દુ:ખ પોતે લેવા રૂપ દયા

33 જન જન પ્રત્યે દયા

38 અબોલ જીવ સજીવ સૃષ્ટિ પ્રત્યે દયા

43 આત્માની દયા

47 દયા-કરુણાથી કર્યાં અનેકનાં પરિવર્તન

# દિવ્યવાણી

## (તા. ૧૭-૨-૨૦૨૩ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સંકલ્પ સભામાંથી સંકલિત)

કારણ સત્સંગ એટલે મૂર્તિનો વેપાર. મૂર્તિરૂપી માલનો વેપાર કરવા શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુ સંતો તથા ગુરુદેવ પ.પૂ. બાપજી આ બ્રહ્માંડને વિષે પધાર્યા. અનંત બ્રહ્માંડોમાં આ વેપાર ચલાવવો તે કાંઈ એક-બેથી થાય તેમ નહોતું એટલે મહારાજ પોતાની સાથે સંકલ્પોનો સાજ લઈને પધાર્યા.

સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી, આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ આ બધા મહારાજના સંકલ્પો હતા. મૂર્તિનો વેપાર કરવા મહારાજ આ બધાને સાથે લઈને પધાર્યા.

ગઢડા પ્રથમના ૧લા વચનામૃતથી જ મહારાજે મૂર્તિરૂપી માલનો વેપાર કરવાનો શુભારંભ કરી દીધો ! પહેલા વચનામૃતમાં અદ્‌ભુત પ્રશ્ન પૂછી મૂર્તિરૂપી માલની બોણી કરાવી અને પ્રશ્નનો ઉત્તર પણ પોતે જ કર્યો.

**પ્રશ્ન :** સર્વે સાધનમાં કિયું સાધન કઠણ છે ?

**ઉત્તર :** ભગવાનના (અમારા) સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના (અમારા) સ્વરૂપમાં અખંડ રહે છે, તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી, કાં જે ભગવાનની મૂર્તિ છે, તે તો ચિંતામણિ તુલ્ય છે.

અહીં મહારાજે સીધી જ મૂર્તિની વાત કરી. કારણ, જપ, તપ, માળા, ધ્યાન આ બધાં સાધન છે. જ્યારે મૂર્તિ એ સાધ્ય છે, સર્વે સાધનનું ફળ છે. ગમે તેટલાં સાધન કરીએ પણ મૂર્તિમાં વૃત્તિ ન રહે તો તેનું કાંઈ ફળ ન મળે.

મહારાજે અહીં 'વૃત્તિ' શબ્દ વાપર્યો છે તેનું બહુ મોટું રહસ્ય છે તે જોઈએ. સત્સંગમાં શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ લેવા માટેનાં ત્રણ સ્ટેપ છે. સત્સંગમાં આવી આશ્રિતમાત્રએ કરી કરીને આટલું જ કરવાનું છે :


૧. શ્રીજીમહારાજના સ્વરૂપને જાણવું-ઓળખવું.
૨. શ્રીજીમહારાજના સ્વરૂપને પામવું.
૩. શ્રીજીમહારાજના સ્વરૂપને માણવું.

કોઈ કહે કે, ગુલાબજાંબુ બહુ સરસ ! બહુ સરસ ! આ સાંભળ્યા પછી તમામ આઈટમો જોઈ. એમાંથી કાળા ને ચાસણીવાળા છે તે ગુલાબજાંબુ છે એવી ખબર પડી તે ગુલાબજાંબુને જાણ્યા કહેવાય. આપણી ડિશમાં આવી જાય તે પામ્યા કહેવાય અને મોંમાં મૂકી દઈએ તે ગુલાબજાંબુને માણ્યા કહેવાય. કંઈ પણ માણવા માટે પહેલાં તેને પામવું પડે ને તેને પામવા માટે તેના સ્વરૂપને જાણવું પડે. માણવું એટલે એનો સ્વાદ લેવો, અનુભવ કરવો. જાણવું એ પ્રથમ સ્ટેપ છે અને માણવું એ અંતિમ સ્ટેપ છે. એ જ રીતે સત્સંગમાં આવ્યા પછી સૌપ્રથમ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને જાણવું પડે, ત્યારપછી ભગવાનના સ્વરૂપને પામવું પડે અને પછી માણવું પડે.

### ૧. શ્રીજીમહારાજના સ્વરૂપને જાણવું-ઓળખવું :

શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે એમ સમજવું તે મહારાજના સ્વરૂપને જાણ્યું કહેવાય. અર્થાત્ સ્વરૂપનિષ્ઠા દૃઢ થઈ કહેવાય. સ્વરૂપનિષ્ઠા એ સત્સંગનો એકડો છે, પ્રથમ પગથિયું છે. સત્સંગમાં ઍડમિશન લીધું કહેવાય. તપ, જપ, વ્રત, માળા, પૂજા, ધ્યાન કરીએ, શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોક મુજબ વર્તીએ પણ જો મહારાજના સ્વરૂપની ઉપાસના દૃઢ ન હોય તો સત્સંગમાં હજુ ઍડમિશન જ લીધું ન કહેવાય.

સ્કૂલમાં ઍડમિશન લીધા વિના કોઈ સ્કૂલ ડ્રેસ પહેરીને ફરે તો તેને સ્કૂલમાં પ્રવેશ ન આપે. તેમ તિલક-ચાંદલો કરવો, કંઠી-માળા ધારણ કરવી, ભગવું કપડું પહેરવું એ સ્કૂલ ડ્રેસ પહેર્યો કહેવાય. માત્ર ડ્રેસ પહેરવાથી ધામની પ્રાપ્તિ ન થાય. ધામના ધામીને ઓળખવા પડે. માટે આશ્રિતમાત્રએ શ્રીજીમહારાજના સ્વરૂપને જાણવું ફરજિયાત છે. ગઢડા મધ્યના ૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજે સ્વમુખે સ્વરૂપનિષ્ઠાનું



મહત્ત્વ જણાવ્યું છે કે, "ભગવાનની મૂર્તિનું બળ અતિશે રાખવું જે, સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મુને પ્રાપ્ત થયું છે અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બહાર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી ને તે હમણાં તો સત્સંગથી બહાર છે, પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જાશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે ને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જાશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જાશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય."

**૨. શ્રીજીમહારાજના સ્વરૂપને પામવું :**

સર્વોપરી, સર્વ અવતારના અવતારી એવા ભગવાન સ્વામિનારાયણ જે મનુષ્ય રૂપે દાદાખાચરને મળ્યા'તા એ જ મહારાજ પ્રતિમા સ્વરૂપે પ્રગટ ને પ્રત્યક્ષ મુને મળ્યા છે. આ ફોટો-પ્રતિમા નથી. સાક્ષાત્ મહારાજ છે. આવું સમજવું તે શ્રીજીમહારાજના સ્વરૂપને પામ્યા કહેવાય.

**ગુરુદેવ પ.પૂ. બાપજીએ આ બે સ્ટેપ ખૂબ ઘૂંટાવી ઘૂંટાવીને પાકાં કરાવ્યાં છે. અમારી ભાગીદારી પેઢી હતી. તેથી બાપજીએ મને કહેલું કે, "સ્વામી, છેલ્લું કામ તારે કરવાનું છે. મહારાજ તારા દ્વારા કરશે." એ માણવાનું કામ પૂરું કરવા અત્યારે અખાડો ખોલ્યો છે, ભાઈ !**

**આખા બ્રહ્માંડને આમંત્રણ આપીએ છીએ કે, જેને અનાદિની સ્થિતિ પામવી હોય – ત્યાગી હોય કે ગૃહી, જેને મૂર્તિનું સુખ જોઈતું હોય, ભગવાન સ્વામિનારાયણના સુખને માણવું હોય તે આવો... પધારો... પધારો...** Welcome.

ભગવાન સ્વામિનારાયણનો આ વખતનો ભવ્ય ને પ્રચંડ સંકલ્પ છે – અનંતને મૂર્તિસુખ માણતા કરવાનો. ધણીનો સંકલ્પ અત્યારે સોળે કળાએ ખીલી રહ્યો છે. એમાં આપણે ફાવી ગયા છીએ. શેરડીના સાંઠાની વચલી ગાંગડીનો સમય ! આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મોંમાં આવી ગયો છે. હવે ભગવાનના સ્વરૂપને જાણ્યા-પામ્યા પછી માણવાનો સમય આવ્યો છે.

**૩. શ્રીજીમહારાજના સ્વરૂપને માણવું :**

માણવું એટલે શ્રીજીમહારાજના સ્વરૂપ સાથે જોડાવું, એકતા કરવી. જેનું સુખ લેવું હોય તેની સાથે એકતા કરવી પડે. ખુરશીનું સુખ લેવા ખુરશી સાથે એકતા કરવી પડે એમ ભગવાન સ્વામિનારાયણ મળ્યા પછી એમની સાથે જોડાવું એ અંતિમ કાર્ય છે. ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપમાં જોડાવા માટેના ત્રણ રસ્તા છે :

**(૧) વૃત્તિએ કરીને જોડાવું :** માણવાની શરૂઆત વૃત્તિએ કરીને થાય છે. એટલે પ્રથમના ૧લા વચનામૃતમાં મહારાજે વૃત્તિની વાત કરી છે અર્થાત્ હાલતાં-ચાલતાં સર્વે ક્રિયામાં વૃત્તિએ કરી મહારાજ સાથે જોડાયેલા રહેવું.

**(૨) પ્રતિલોમભાવે જોડાવું :** મહારાજ કૃપા કરી દેહના સ્થાને આવી બિરાજી ગયા છે. એ ભાવે હાલતાં-ચાલતાં સર્વે ક્રિયામાં પ્રતિલોમપણે મૂર્તિમાં રહી મહારાજમાં જોડાવું.

**(૩) ધ્યાને કરીને જોડાવું :** મહારાજની મૂર્તિને પ્રતિલોમ ધ્યાને કરી સળંગ ધારવી અને તેમાં અતિ સ્નેહે કરી લીન થઈ જવું, એકાકાર-રસબસ થઈ જવું.

ભગવાનના સ્વરૂપમાં જોડાવું એને કહેવાય અનાદિમુક્તની સ્થિતિ. હવે આપણે આ એક જ કાર્ય બાકી છે. જે સત્સંગનું અંતિમ ચરણ છે. મહારાજના સ્વરૂપને જાણ્યા-પામ્યા પછી મૂર્તિના સુખનો ટેસ્ટ આવવો જોઈએ. મૂર્તિ સાથે રોમ રોમપણે જોડાવાય ત્યારે મૂર્તિના સુખનો ટેસ્ટ આવે. મૂર્તિનો ટેસ્ટ આવવા માંડે એને કહેવાય અનાદિમુક્તની સ્થિતિ. જ્ઞાનસત્રો, શિબિરો, સભાઓ પાત્રતા કેળવવા માટેનાં માધ્યમો છે. સુખ લેવાની પાત્રતા બંધાતી જાય તેમ તેમ આહાહા... ઓહોહો... થતું જાય. એટલે જ રોમ રોમપણે સુખ લેતા સત્પુરુષોએ મસ્તાઈમાં આવી કીર્તનની રચના કરી છે કે,

"મીઠી મધુરી ભલી મૂર્તિ તારી મૂર્તિ; દીધી દયાળુ ઘનશ્યામ રે,
સુખથી ભરેલી ભલી મૂર્તિ."

"સુખમય તોરી મૂર્તિ અજબ હૈ; શ્રીજી સદા સુખકારી."

મૂર્તિ કેવી મળી છે ? તો મીઠી છે, મધુરી છે, સુખમય છે. ગળપણનો ગાંગડો એનું નામ સાકર. એમ સુખનો ગાંગડો, સુખનો પર્વત, સુખ સુખનો સાગર એટલે મૂર્તિ. સુખ સિવાય કાંઈ નહિ એનું નામ મૂર્તિ. મૂર્તિમાં સુખ છે એમ નહિ, સ્વયં મૂર્તિ જ સુખમય છે. પરંતુ આપણી પાત્રતા ઓછી પડે છે એટલે મૂર્તિ મળી હોવા છતાં સુખ નથી આવતું. જેમ જેમ વૃત્તિએ કરી સર્વે ક્રિયામાં મૂર્તિ સાથે જોડાયેલા રહીશું તેમ તેમ પાત્રતા બંધાતી જશે.

આપણે કારણ સત્સંગના જ્ઞાનનાં પીયૂષ પીધા પછી મહારાજના સ્વરૂપને જેમ છે તેમ જાણ્યું, મહારાજના સ્વરૂપને પામ્યા. હવે મહારાજના સ્વરૂપને માણવા તરફ આગળ વધી છતે દેહે અનાદિમુક્તની સ્થિતિ પામવારૂપ અંતિમ જીવનધ્યેયને સિદ્ધ કરીએ.



# ૯૧મા પ્રાગટ્ય પર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન

દયા અને કરુણા. આ કોઈ માનુષી ગુણ નથી; મહારાજ ને મોટાપુરુષનું બિરુદ છે. આ દ્વિઅક્ષરી શબ્દમાં મહારાજ અને મોટાપુરુષના અનંત કલ્યાણકારી ગુણો સમાયેલા છે, એમની વિરાટતા અને વિશાળતાનું રહસ્ય છુપાયેલું છે, એમની દરેક ક્રિયા, દરેક શબ્દ અને દરેક લીલા પાછળનો ઉમદા હેતુ સમાયેલો છે. મહારાજ અને મોટાની દયા અને કરુણા સત્સંગ સમાજ તથા સમગ્ર વિશ્વ પર અનેક પ્રકારે વરસતી હોય છે. એમાંય આ કારણ સત્સંગ પરની એમની દયા અને કરુણાનો તો કોઈ પાર જ નથી. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં દયાના પ્રાથમિક અનુભવથી માંડીને દયાની અંતિમ, શ્રેષ્ઠ પરભાવીતાનો અનુભવ આજ સુધી અનેક મુમુક્ષુઓએ કર્યો છે અને આજે પણ સમગ્ર એસ.એમ.વી.એસ.નો સમાજ, સમગ્ર સંપ્રદાય તથા સમગ્ર વિશ્વ પણ કરી રહ્યું છે. આવા દિવ્ય સત્પુરુષોનાં આ લોકમાં દર્શન એ જ સમગ્ર જીવ સૃષ્ટિ પરની એમની અપાર દયા અને કરુણા છે. તેમના આ પરભાવમય બિરુદને શબ્દમાં સીમિત કરવું એ ગાગરમાં સાગર સમાવવા જેવું છે. તેમ છતાં એમના મહાત્મ્યથી ભીંજાવા આ વિશેષાંકમાં તેમની દયા-કરુણાના બૃહત પ્રવાહને કિંચિત્ ઝીલી આચમન કરાવવાનો પ્રયત્ન કર્યો છે. ત્યારે સર્વે વાચકગણને આ અંકનાં વાંચન, શ્રવણ અને મનન જરૂર મહાત્મ્યથી ભીના અને ભર્યા કરશે એવી અભિલાષા...





# કોઈને દુઃખી જોઈ ન શકે

અતિ કરુણાભીના થઈ સદૈવ દયાના ધોધમાં આશ્રિતમાત્રને જ નહિ પણ જીવ-પ્રાણીમાત્રને ભીંજવનાર શ્રીહરિના દયા-કરુણાના સ્વાભાવિક ગુણને સદ્. પ્રેમાનંદ સ્વામીએ સ્વાભાવિક ચેષ્ટામાં ગાયો છે,

અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો.
કોઈને દુખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય.

ગઢપુરની બજારમાં ચાલ્યા જતા ગરીબ-ગુરબા, ભિક્ષુક કે ધર્મશાળાના અભાવે અહીં-તહીં ભટકતા સાધુ-મહાત્માને જોતાં જ શ્રીહરિની હૃદયવીણાના તાર ઝણઝણી ઊઠતા. એમાંથી દયા-કરુણાના સૂર સરી પડતા. તેમને સુખ-સગવડ કરવા તેમના માટે જે કરવું પડે તે કરવા અતિ આકળા થઈ જતા.

શ્રીહરિ એક વખત નિત્યક્રમ મુજબ ઘેલા નદીએ સ્નાન કરવા પધાર્યા. રસ્તામાં એક તીર્થવાસી ચૂલો સળગાવતા હતા. પરંતુ ચોમાસાના લીધે લાકડાં ભીનાં હોવાથી ચૂલો સળગતો નહોતો. તે જોઈ શ્રીહરિનું અંતર દ્રવિત થઈ ગયું. જોડે રહેલા જીવાખાચરને શ્રીહરિએ રુચિ જણાવી કે, "આ તીર્થવાસીઓ કેટલી હાડમારી વેઠે છે ! માટે એમને રહેવા ધર્મશાળા થાય તો સારું."

જીવાખાચર શ્રીહરિની વહેતી કરુણાને સમજી ન શક્યા તેથી ઉત્તર કરી દીધો :

"મહારાજ, આવા તો નવા નવા રોજ આવ્યા કરે, એની શું ચિંતા કરવાની ? એ ક્યાં આપણા સત્સંગી છે ?"

શ્રીહરિની અંતર્ગત રુચિ જીવાખાચર ન પકડી શક્યા તેથી શ્રીહરિએ દાદાખાચરને રુચિ જણાવી. શ્રીહરિની રુચિ જાણી દાદાખાચરે તાત્કાલિક પોતાના રહેવાના ઓરડા ખાલી કરાવી ધર્મશાળા શરૂ કરાવી દીધી. તીર્થવાસીઓની મુશ્કેલી દૂર થયાથી શ્રીહરિને હૈયે અતિ આનંદ થયો.

•••

સ્વયં શ્રીહરિ જેમના સંપૂર્ણ કર્તા છે એવા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં પણ આવી જ દયા-કરુણાનાં હૃદયસ્પર્શી દર્શન થાય છે. કોઈને દુઃખી જુએ કે તુરત દયાનું ઝરણું ખળખળ વહેવા માંડે. જેમાં સ્નાન કરી આપણે પણ આ પ્રસાદીરૂપ ગુણને સ્વજીવનમાં દઢ કરીએ.

સ્વામિનારાયણ મંદિર, વાસણા એટલે ગુરુદેવ પ.પૂ. બાપજીની રમણભૂમિ. ઈ.સ. ૧૯૯૭ના અરસામાં ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા ખાતે ભોંયરામાં નિત્યે પ્રાતઃ સભાનો લાભ આપતા. જેમાં તેમના મુખે વચનામૃતનો પ્રવાહ અનરાધાર વહેતો. વાસણા વિસ્તારનો એક ગરીબ યુવક ભાસ્કર રોજ ગુરુદેવ પ.પૂ. બાપજીનો લાભ લેવા આવતો. રોજ આવતા આ યુવકને જોઈ ગુરુદેવ પ.પૂ. બાપજીએ એક દિવસ પૂછ્યું, "અલ્યા, તારું નામ શું છે ? તું ક્યાં રહે છે ? તું શું કરે છે ?" એમ બે-ચાર પ્રશ્નોમાં તેના જીવનનું વૃત્તાંત પૂછી લીધું.

"બાપજી, મારું નામ ભાસ્કર છે. મારે પપ્પા નથી. હું, મારી નાની બહેન અને મારી બા અમે ત્રણ જણાં સામે નાના ઝૂંપડામાં રહીએ છીએ. હું નાનું-મોટું મિસ્ત્રીકામ કરી ઘરનો ગુજારો કરું છું. બાપજી, તમતમારે મંદિરમાં મારા જોગ કોઈ સેવા હોય તો મને કહેજો." તેની નિખાલસ પ્રાર્થના સાંભળી ગુરુદેવ મર્માળું હસ્યા. બસ, આટલી ગુરુદેવ પ.પૂ. બાપજીની યુવક ભાસ્કર સાથે ઉપરછલ્લી મુલાકાત થઈ હતી.

થોડા દિવસ બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ વાસણા મંદિરનો વહીવટ સંભાળનાર હસમુખભાઈને બોલાવ્યા અને પૂછ્યું, "હસમુખભાઈ, પેલો છોકરો ભારે શરીરવાળો, લંગડાતો લંગડાતો ચાલતો હતો તે હમણાંથી પ્રાતઃ સભામાં દેખાતો નથી. કેમ આવતો નથી તમને કંઈ ખબર છે ?"

"હા બાપજી, એ છોકરાનું નામ ભાસ્કર છે. અત્યારે શિયાળો ચાલે છે. ખૂબ ઠંડી પડે છે એટલે એક દિવસ એ સવારે નાહવા જતો હતો અને હાથમાં ઊકળતા પાણીની તપેલી હતી. પગ લથડાતાં તપેલી છટકી અને ભાસ્કરના શરીરના આગળના ભાગ ઉપર ઢોળાઈ ગઈ. આથી ભાસ્કર ખૂબ દાઝી ગયો છે."

"અરરર... મહારાજ... સ્વામિનારાયણ...

સ્વામિનારાયણ... છોકરો બહુ દાઝ્યો છે ?" "હા બાપજી, શરીરના આગળના ભાગમાં બહુ ફોલ્લા પડી ગયા છે." "તે હસમુખભાઈ, ભાસ્કરની દવા-બવા કાંઈ કરાવી કે નહીં ?" "હા બાપજી, અમે બધા હરિભક્તોએ દવા લાવવામાં થોડી મદદ કરી છે." "હસમુખભાઈ, આજે તમે એના ઘેર ફરી જાવ. દવા-ટ્યૂબ, ફ્રૂટ જે જરૂર હોય તે મંદિરના પૈસેથી લાવી દેજો. અને એ તો મિસ્ત્રીકામ કરતો હતો. હવે એ તો કામે જઈ શકતો નહિ હોય તો ઘરમાં બધા શું ખાશે-પીશે ? આવકનું બીજું કાંઈ સાધન નથી. માટે ખાલી દવાનું નહિ, સીધાં-સામાનનું, દૂધનું બધું પૂછતા આવજો. ઘરમાં બધી વ્યવસ્થા કરતા આવજો. એ સાજો ના થાય ત્યાં સુધી એની ચિંતા રાખજો." આવી રીતે ગુરુદેવ પ.પૂ. બાપજીની દયા-કરુણામાં અમીર-તવંગર કે પોતાના-પરાયા એવો કોઈ ભેદ નહોતો.

•••

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા ભોંયરામાં બિરાજ્યા હતા. એક યુવકે ગુરુદેવ પ.પૂ. બાપજીને આવી પ્રાર્થના કરી કે, "દયાળુ, આ સેવક ઉપર ચારેબાજુથી દુઃખના ડુંગર તૂટી પડ્યા છે. ઘર હરાજીમાં ગયું છે, નોકરી છૂટી ગઈ છે તેથી ટૅન્શનના કારણે ઊંઘ પણ નથી આવતી. આ દેહ હવે રોગનું ઘર થઈ ગયું છે. પરિણામે બેસાતું પણ નથી. આના કારણે પરિવારમાં પણ રોજ ઊઠીને ઝઘડા થાય છે. એક ક્ષણ પણ હવે જતી નથી." એમ હરિભક્ત ધ્રુસકે ધ્રુસકે રડતાં રડતાં પોતાના દુઃખની વ્યથા ગુરુદેવ પ.પૂ. બાપજી સમક્ષ ઠાલવતા હતા. તેમની સ્થિતિ જોઈ ગુરુદેવ પ.પૂ. બાપજી પોતાનું ગાતડિયું મુખારવિંદ ઉપર ઓઢી ગયા અને ખૂબ જ દુઃખી થઈ ગયા. સેવક સંતે યુવકને સાંત્વના આપી જળ આપ્યું. યુવકના ગયા બાદ હાલ મૂ.નિ. રાજુભાઈ અબાસણાએ ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખારવિંદ ઉપરથી ગાતડિયું ખસેડ્યું અને પૂછ્યું, "બાપજી, આમ કેમ કર્યું ?"

"અલ્યા રાજ્યા, આ હરિભક્તોનાં દુઃખ અમારાથી જોવાતાં નથી કે સંભળાતાં નથી." એટલું બોલતાં ગુરુદેવ પ.પૂ. બાપજીનાં નેત્ર સજળ થઈ ગયાં અને તે યુવક માટે મહારાજને અંતરથી પ્રાર્થના કરવા લાગ્યા.

•••

તા. ૧૪-૧૨-૨૦૧૮ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી વ્હિલચૅરમાં બિરાજી વાસણા, મૂર્તિધામ હૉલમાં સૌ સંતો-હરિભક્તોને સંધ્યા સમયે દર્શન આપવા પધાર્યા હતા. દર્શનાર્થી હરિભક્તો ગુરુદેવ પ.પૂ. બાપજીનાં નિકટ દર્શન માટે આવતા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી સૌના મસ્તક ઉપર સ્નેહાળ હસ્ત મૂકતા હતા. પરંતુ તેમની ચિંતિત દૃષ્ટિ દૂર કોઈકની તરફ હતી. વાસણા સેન્ટરના એક વડીલ હરિભક્ત સીડી ચડતા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને હસ્તના લટકાથી નજીક બોલાવ્યા અને કહ્યું, "દયાળુ, હવે તમારી ઘણી ઉંમર થઈ ગઈ છે. તમે રોજ સીડી ચડીને ઉપર દર્શન કરવા આવો છો એમાં તમને શ્વાસ ચડી જાય છે. તમને પગથિયાં ચડવામાં પણ ઘણી તકલીફ પડે છે. માટે હવે સીડીએથી નીચે ન ઊતરતાં લિફ્ટમાં નીચે જજો."

"બાપજી, એ તો દેહ છે તે હાલ્યા કરે અને લિફ્ટ તો આપના માટે છે. મારે ન વપરાય." એમ કહી તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરી સીડી તરફ ચાલવા લાગ્યા. તેઓને સીડી તરફ ચાલતા જોઈ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ફરી બૂમ મારી, "બાપા, લિફ્ટમાં જાવ." પણ તેઓ ઓછું સાંભળતા. તેથી ગુરુદેવની આજ્ઞા તેઓને સંભળાઈ નહીં. ગુરુદેવ પ.પૂ. બાપજીએ સેવક સંતને કહ્યું, "સ્વામી, પેલા બાપાને સીડીએથી પાછા વાળી લિફ્ટમાં મોકલો. એમને સીડી ચડ-ઊતર કરવામાં શ્વાસ ચડી જાય છે. તેઓ હાંફી જાય છે. અમ થકી એ દેખ્યું જાતું નથી. જાવ, એમને પાછા નજીક બોલાવી લાવો."

સેવક સંત વડીલ હરિભક્તનો હાથ ઝાલી ફરી ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે લાવ્યા. ત્યારે ગુરુદેવે કહ્યું, "સાંભળો, આજથી અમારી આજ્ઞા છે કે જો તમારે અમારાં દર્શને રોજ આવવું હોય તો લિફ્ટમાં જ આવવાનું અને જવાનું. સીડીએથી દર્શન કરવા આવશો તો અમે તમને દર્શન નહિ આપીએ. માટે જરૂરાજરૂર રોજ આવજો પણ લિફ્ટમાં. મંજૂર છે ને... મંજૂર છે ને..!" ગુરુદેવ પ.પૂ. બાપજીની દયા અને સ્નેહાળ લાગણીથી વડીલ હરિભક્ત બે હાથ જોડી ગુરુદેવ પ.પૂ. બાપજીને વંદી રહ્યા.

•••

નરોડા સેન્ટરના જિજ્ઞેશભાઈના પિતા મહેન્દ્રભાઈ કનુભાઈ પટેલને મોઢાનું કેન્સર હતું. બે ઑપરેશન કરાવ્યાં બાદ તેમના હોઠ બિડાઈ ગયા હતા. ગાલમાં કાણાં પડી ગયાં હતાં. નાકમાં શ્વાસ માટેની તથા જમવાનું આપવાની નળી નાખેલી હતી. છેલ્લા આઠ મહિનાથી તેઓ કેન્સરના દર્દની ભારે પીડા અનુભવતા હતા. દીકરા જિજ્ઞેશભાઈએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે, “પિતાશ્રીને ધામમાં લઈ જાવ તો સારું.” ત્યારે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, “તમારા પિતાને ત્રણ જન્મની કસર છે અને હજી આયુષ્ય પણ ઘણું લાંબું છે.” ત્યારબાદ તા. ૧૬-૭-૨૦૨૨ના રોજ જિજ્ઞેશભાઈએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પિતા મહેન્દ્રભાઈને વિડિયો કૉલથી દર્શન આપવા પ્રાર્થના કરી. અતિ દયાળુમૂર્તિ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈને સાંજે ૬ વાગે વિડિયો કૉલથી દર્શન આપ્યાં. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન થતાં તેઓ આનંદવિભોર થઈ ગયા. પરંતુ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ વિડિયો કૉલમાં જોયું તો તેમના નાકમાં નળીઓ હતી અને કેન્સર થયેલા ભાગમાંથી પરુ નીકળતું હતું. મહેન્દ્રભાઈની આ સ્થિતિ, તેમની અસહ્ય વેદના ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જોઈ ન શક્યા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, “દાદાનું દુ:ખ અમ થકી દેખ્યું જતું નથી. અંતરમાં અરેરાટી થઈ જાય છે. દાદાને આટલી અસહ્ય પીડા થાય છે ! તેમને હજુ ત્રણ જન્મની કસર છે પણ અમો મહારાજને આજે ખૂબ પ્રાર્થના કરીશું.” વિડિયો કૉલ પત્યા બાદ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ મહારાજને ખૂબ પ્રાર્થના કરી, ધૂન કરી અને મહારાજે ત્રણ જન્મની કસર ટાળી બીજા દિવસે તા. ૧૭-૭-૨૦૨૨ના રોજ સાંજે ૭ વાગે ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સંગે દર્શન આપી મહેન્દ્રભાઈના ચૈતન્યને મૂર્તિના સુખમાં મૂકી દીધો. આવી અપાર યાતનાઓને છોડાવી સદા સુખિયા કરવાની દયા દિવ્ય સત્પુરુષ વિના કોણ કરી શકે ?

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કદી કોઈનું દુ:ખ જોઈ નથી શકતા. તો આપણે પણ એમના જેવી સંવેદના કેળવી સૌના પ્રત્યેના સુખ-દુ:ખમાં ભાગીદાર થવાનો સંકલ્પ કરીએ.


SMVS

# ઘનશ્યામ

**૧૦ માર્ચ-એપ્રિલ, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૦૩-૦૪**

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ

લેખનકાર્ય : લેખકવૃંદ

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૫૬ + ૪ ટાઈટલ = ૬૦

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ ‘ઘનશ્યામ’ સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


**GHANSHYAM**

10 March-April, 2023 • Year : 48 • Edition : 03-04


**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આજે જ વૉટ્સઍપ કરો :**

**૯૪૦૮૩૨૦૦૩૬**

**‘GTPL-ભક્તિ’ ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



# નિજની નહિ, પરની ચિંતા

જગતમાં જ્યાં દયા-કરુણા નથી ત્યાં વ્યક્તિ સ્વસુખ, સ્વસગવડ, સ્વઈચ્છાને જ પોષ્યા કરે છે. જેને કહેવાય સ્વાર્થવૃત્તિ. જ્યાં સ્વાર્થ છે ત્યાં પરમાર્થરૂપી દયા ન હોય. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક ભગવાન શ્રી સ્વામિનારાયણ, તદ્ સંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રી તથા દિવ્ય સત્પુરુષ એવા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ અન્યના સ્થાને બેસી એની લાગણી સમજવારૂપી પરમાર્થની પરંપરા અદ્‌ભુત રીતે કંડારી છે. આવો, તેઓના દિવ્ય પ્રસંગો નિહાળી સ્વજીવનમાં પરના સ્થાને બેસવાની પ્રેરણા પામીએ.

શ્રીજીમહારાજ એટલે દયાનું અત્યુત્તમ સ્વરૂપ ! સ્વયં ભગવાન હોવા છતાં અલ્પ જીવની લાગણીને પણ તેઓ ખૂબ પ્રાધાન્ય આપતા.

શ્રીજીમહારાજ ગઢપુરમાં બિરાજતા તે સમયની આ વાત છે. દસેક વર્ષના એક કણબી બાળકને શ્રીજીમહારાજને વિષે અપાર હેત. આ બાળક શ્રીજીમહારાજની સ્મૃતિ સદાય રહે તે માટે મહારાજની પ્રસાદીની વસ્તુ ઈચ્છતો. આ ઈચ્છાના કારણે તે શ્રીહરિની આસપાસ રહેતો.

એક દિવસ મહાપ્રભુએ ગામના વાળંદને બોલાવ્યા. તે સમયે આ બાળકે મહારાજ અને વાળંદ વચ્ચેની વાતચીત સાંભળી. પછી જ્યારે વાળંદભાઈ પોતાના ઘર તરફ જતા હતા ત્યારે બાળક તેમની પાછળ ગયો અને તેમને બે હાથ જોડી પ્રેમપૂર્વક વંદન કરતાં કહ્યું,

"જય સ્વામિનારાયણ. મારે શ્રીજીમહારાજની પ્રસાદીના કેશ જોઈએ છે. તો તમે મને તે પ્રસાદીના કેશ કાલે આપશો ને !" બાળકે વાળંદભાઈ પાસે ઉતાવળે વચન માગી લીધું. વાળંદે બાળકની ઈચ્છા જાણીને મલકાતાં મલકાતાં કહ્યું,

"ભલે ! કાલે સવારે હું તને ચોક્કસ મહારાજની પ્રસાદીના કેશ આપીશ. બસ, રાજી ને !"

બાળક રાજી થઈ પોતાના ઘર તરફ વળ્યો.

સવાર પડી. શ્રીજીમહારાજ પરોઢિયે મુંડન કરાવવા બેઠા હતા. ત્યારે આ બાળક એક ખૂણામાં આવી ઊભો રહ્યો. ને પછી શ્રીહરિનાં દર્શન કરતાં કરતાં હરખાઈ રહ્યો હતો. આજે બાળકના આનંદનો પાર નહોતો. એવામાં શ્રીહરિનું મુંડન કરવાનો વિધિ પૂર્ણ થયો. વાળંદભાઈ તો હજામતનાં સાધનો તથા કેશ લઈ બીજી બાજુના રસ્તેથી વિદાય થયા. બાળકની વાત તો તેઓ સાવ ભૂલી જ ગયા હતા.

બાળકની અંતરની ઈચ્છા પૂરી ન થઈ તેથી તે ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. શાંત વાતાવરણમાં રડવાનો અવાજ સાંભળી શ્રીજીમહારાજ બાળક પાસે આવી પહોંચ્યા. બાળકને આ રીતે રડતો જોઈ મહાપ્રભુ ગમગીન બન્યા. જે શ્રીજીમહારાજ કોઈને દુઃખી ન જોઈ શકે, એ આવા નિર્દોષ બાળકને દુઃખી કેવી રીતે જોઈ શકે !

દુઃખી બાળકના માથે હસ્ત ફેરવી શ્રીહરિ તેને વ્હાલ કરવા લાગ્યા. માથા પર તથા ગાલ પર હસ્ત ફેરવતાં ફેરવતાં શ્રીહરિએ પૂછ્યું, "અરે ! તું શા માટે રડે છે ?"

બાળકે ગઈ કાલની વાળંદભાઈ સાથેની થયેલ બધી જ વાત મહાપ્રભુને કહી દીધી. મહાપ્રભુ આ વાત સાંભળીને બોલ્યા, "અરે ! આટલી નાનકડી વાતમાં આટલું બધું રડવાનું હોય ? લે, તને અમારી શિખામાંથી (ચોટીમાંથી) કેશની પ્રસાદી આપું, બસ !" શ્રીહરિએ આમ કહી પોતાના હસ્તે જ પોતાની શિખામાંથી જરાક કેશ કાપીને બાળકના હાથમાં આપ્યા.

મહાપ્રભુના કેશની પ્રસાદી મળવાથી બાળક ખૂબ ખૂબ રાજી થઈ ગયો.

એક બાળકને રાજી કરવા, સ્વયં શ્રીહરિએ પોતાની શિખામાંથી કેશની પ્રસાદી સ્વહસ્તે આપી ! શ્રીહરિની કૃપાવર્ષાને એ બાળક ક્યારેય ભૂલી શક્યો નહિ હોય...

અનંતાનંતને પોતાની મૂર્તિના સુખભોક્તા કરવાના સર્વોત્તમ પરમાર્થને સાધવાની નેમ લઈને પધારેલા શ્રીહરિ એક નાનકડા બાળકની લાગણી સંતોષવારૂપી પરમાર્થ કરે એ એમની કેવડી મોટી દયા-કરુણા !

• • •

અવરભાવમાત્રથી વિરક્ત રહી, સદૈવ શ્રીહરિની મૂર્તિમાં રહી મૂર્તિનું રોમેરોમનું સુખ લેવામાં અખંડ પ્રવૃત્ત રહેવા છતાં પણ અન્યના સ્થાને બેસી, અન્યના હૃદયમાં વ્યક્ત થતી લાગણી, દુઃખ અને ભાવોર્મિને સમજી કેવળ અન્યના સુખને જ સ્વસુખ માની વર્તવું એ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની અસાધારણ દયા-કરુણાનો એક આગવો આયામ છે.

ફાગણ સુદ પૂનમ એટલે એસ.એમ.વી.એસ.ના સમગ્ર સમાજ માટે આનંદનો ઉત્સવ. કારણ કે આજના દિને શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રીના આશીર્વાદથી આ બ્રહ્માંડને ગુરુદેવ પ.પૂ. બાપજીની ભેટ મળી તેનો પ્રતીક પ્રાગટ્ય ઉત્સવ વર્ષોવર્ષથી ઊજવાય છે. સંતો-હરિભક્તો ગુરુદેવ પ.પૂ. બાપજીને રાજી કરવા ઉપવાસ, એકટાણાં તથા ભજન-ભક્તિનાં સાધનો કરતા હોય છે. ગુરુદેવ પ.પૂ. બાપજીના સેવક સંતે પણ ગુરુદેવ પ.પૂ. બાપજીને રાજી કરવા તેઓના ૮૩મા પ્રાગટ્ય પર્વે ૮૩ કલાકના નકોરડા ઉપવાસ કરેલા. તેઓના ઉપવાસના છેલ્લા દિવસે એટલે કે તા. ૪-૩-૨૦૧૫ના રોજ એક અદ્ભુત પ્રસંગ બની ગયો. ગુરુદેવ પ.પૂ. બાપજીનું અવરભાવનું સ્વાસ્થ્ય જરા નાદુરસ્ત હતું. ગુરુદેવ પ.પૂ. બાપજીએ રાત્રે પોઢતા પહેલાં સેવક સંતને ભલામણ કરી કે, “સ્વામી, આપને ત્રણ દિવસથી નકોરડા ઉપવાસ છે. માટે કાલે વહેલા પારણાં કરી લેજો. આખો દિવસ સેવા-પ્રવૃત્તિનો ભીડો હોવા છતાં આપે ઉપવાસ કર્યા છે. તેથી અમો ખૂબ રાજી છીએ.” આટલું કહી ગુરુદેવ પ.પૂ. બાપજીએ નેત્ર મીંચી દીધાં.

રાત્રે બરાબર ૧:૪૦ વાગે ગુરુદેવ પ.પૂ. બાપજી લઘુશંકા માટે જાગ્યા. હજુ નેત્ર બંધ જ હતાં પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીનો હસ્ત પકડવા સેવક સંતે હાથ લંબાવ્યો ત્યાં ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખમાંથી સહજ રીતે શબ્દો સરી પડ્યા, “સ્વામી, આપને ઉપવાસ પૂરા થઈ ગયા; નહીં ? પારણાં કર્યાં ને ? ભૂખ્યા તો નથી રહ્યા ને ?”

સેવક સંત વિચારમાં સરી પડ્યા, ‘અરે ગુરુદેવ ! આપ દિવસે તો અમારી અને સમગ્ર સજીવ સૃષ્ટિની પળે પળે ચિંતા કરો છો પરંતુ ઊંઘમાંથી ઊઠીનેય બીજાની જ ચિંતા રાખો છો ! આપ કેવા દયાળુમૂર્તિ છો !’

“સ્વામી, આપ કંઈ બોલ્યા નહીં. પારણાં કર્યાં ને !?”

“બાપજી, હજુ તો રાતનો દોઢ વાગ્યો છે. માટે સવારે ઊઠીશું ત્યારે સ્નાન-પૂજા વિધિ બાદ પારણાં કરી લઈશું.”

“એવું છે, સ્વામી ? રાજી રહેજો. આપને અડધી રાત્રે તકલીફ આપી.” સેવક સંત ગુરુદેવ પ.પૂ. બાપજીનું આર્દ્ર વચન સાંભળી ગળગળા બની ગયા.

• • •

બીજા દિવસે અર્થાત્ તા. ૫-૩-૨૦૧૫ના રોજ ફાગણ સુદ પૂનમ એટલે કે ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રાગટ્ય દિન હતો. આથી પૂ. સંતોએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી :

“બાપજી, આજે ઠાકોરજી જમાડવામાં શું લઈશું ?”

“જે રોજ જમાડીએ છીએ તે. શાક-રોટલી, દાળ-ભાત. બીજું શું હોય ?”

“બાપજી, આજે અવરભાવમાં આપનો પ્રાગટ્ય દિન ગણાય. માટે આપને કંઈક વિશેષ બનાવીને જમાડવાની ઈચ્છા છે.”

પૂ. સંતોની વાત સાંભળી ગુરુદેવ પ.પૂ. બાપજી મર્માળું હસ્યા અને બોલ્યા, “સંતો, અમારે આવાગમન છે જ ક્યાં ? અમને તો આ પ્રસંગ બિલકુલ રુચતો નથી. અમને તો એક મહારાજ ખપે. એમના મહિમામાં બધાયનો મહિમા આવી ગયો. છતાં અવરભાવ છે ને સ્વામીનો (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો) અને બધાય સંતો-હરિભક્તોનો ખૂબ આગ્રહ હોય છે એટલે નછૂટકે અમે આ પ્રસંગ ઊજવવા દઈએ છીએ.”

“દયાળુ, આપ પરભાવનું સ્વરૂપ છો એટલે આપને આ બધું હોય નહીં. પરંતુ અમ સેવકોના હૈયામાં શિષ્ય તરીકે ગુરુના પ્રાગટ્ય ઉત્સવનો આનંદ હોય ને ! માટે આપની જે ઈચ્છા હોય તે કહો.”

“સંતો માટે શું બનાવ્યું છે ?”

“ચૂરમાના લાડુ બનાવ્યા છે. પણ બાપજી, આપના માટે તો આપ જે કહો તે બનાવી દઈશું. આપ ચિંતા ન કરો.”

“અમને મહારાજે ડાયાબિટીસની પ્રસાદી આપી છે. માટે ગળ્યું નહિ જમાય.”

“બાપજી, વધુ નહિ; થોડું અંગીકાર કરજો. પણ કંઈક બનાવવાની રજા આપો.” ગુરુદેવ પ.પૂ. બાપજી મૌન રહ્યા. પૂ. સંતોએ ફરી પ્રાર્થના કરી, “બાપજી, વેડમી બનાવીએ ?”

“મારા એકલા માટે બે નંગ વેડમી બનાવવાની થાય ને ! ના, આપને તકલીફ પડે. માટે રહેવા દો. અમે પ્રસાદીનો ચપટી લાડુ લઈ લઈશું.”

પૂ. સંતોની ઘણી વિનંતી છતાં ગુરુદેવ પ.પૂ. બાપજી એમના દયા-કરુણાના આદર્શ પર અડગ રહ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજીની અન્યને તકલીફ ન આપવાની સુહૃદ ભાવનાથી પૂ. સંતોની આંતરવીણાના તાર ઉપકાર ભાવનાથી ઝણઝણી ઊઠ્યા.

• • •



હૃદયની કોમળતા એ સત્પુરુષનો અનાદિ ગુણ છે.

કરુણામય રીતના ધારક ગુરુદેવ પ.પૂ. બાપજીની અનુકૃતિ એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી એટલે દયાથી સદૈવ નીતરતું સ્વરૂપ. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનની અલ્પ ઝાંખી કરીએ તો એવી એક પળ પણ પ્રાપ્ત ન થાય જેમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ નિજનો વિચાર કર્યો હોય. બસ, અન્યનો વિચાર, એની લાગણી, એની ભાવના, એની સંવેદના આદિકનો જ પ્રથમ વિચાર કર્યો છે.

સાધક તાલીમ કેન્દ્રના મુક્તો રસોઈની તાલીમના ભાગ રૂપે એક સ્ટાફ હરિભક્તના ઘરે રસોઈ માટે જતા હતા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને આ વાતની જાણ અલ્પાહાર સમયે થઈ. તેમણે એસ.ટી.કે.ની સેવા નિભાવતા સંતને બોલાવ્યા ને કહ્યું, "આપ જે હરિભક્તના ઘરે રસોઈ કરવા જાવ છો એ અહીં આજીવન સેવામાં છે. એમનો વ્યવહાર મધ્યમ છે. એ રસોઈના ખર્ચને ન પહોંચી વળે. સ્વામી, આપણે એમના વ્યવહારને ધ્યાનમાં રાખવો જોઈએ. એ તો મહિમાવાળા છે. એ રસોઈની ના નહિ પાડે પણ આપણે એમના માવતરને સ્થાને છીએ. આપણે એમના અવરભાવ-પરભાવ બંનેની ચિંતા રાખવાની છે. ક્યારેય આવી ચૂક ન થવી જોઈએ." આ પ્રસંગ જોતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની અન્યને સમજવાની રીત કેવી વિચક્ષણ છે તેનો ખ્યાલ સહેજે આવી જાય. અરે ! કોણ આટલું વિચારે કે, એનું કોણ ? એનું શું ? આ પ્રશ્નો નથી પણ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની કરુણાના આધારસ્તંભો છે.

• • •

દયા-કરુણાનો પર્યાય એટલે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી.

ઈ.સ. ૧૯૮૪માં ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પંચમહાલ ખાતે પ્રથમ વખત સત્સંગ પ્રચારાર્થે પધારેલા. ઉતારાનું કોઈ સ્થળ નહોતું. આથી ગોધર ગામની પ્રાથમિક શાળામાં ઉતારો લીધો હતો. ગુરુજી આઠ દિવસ આ સ્કૂલમાં રહેલા. સ્કૂલમાં નહિ પ્લાસ્ટર કે નહિ ઉપર પતરાં. ખુલ્લામાં જ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે બેસતા.

છેલ્લા દિવસે ગુરુજીએ સંતો-હરિભક્તોને વાત કરી, "આપણે અહીં આઠ દિવસ રહ્યા. અમે જોઈએ છીએ કે બાળકો આવી ખુલ્લી જગ્યામાં જ અભ્યાસ કરે છે. ઉનાળાનો તાપ હોય કે શિયાળાની ઠંડી; પરંતુ વિદ્યાર્થીઓ આમાં જ અભ્યાસ કરવા બેસે છે. બાળકોને ઘણી તકલીફ પડતી હશે !" એમ કહી સેવામાં સાથે રહેલા હરિભક્તોને કહ્યું, "વિચરણમાં ઠાકોરજીને જે ભેટ આવી હોય તે આ સ્કૂલમાં અર્પણ કરી દો. અહીંના આગેવાનને કહેજો કે આ પૈસામાંથી પતરાં નખાવી દે કાં પ્લાસ્ટર કરાવી દે. જેથી બાળકો સુખે બેસીને અભ્યાસ કરી શકે."

શરૂઆતના દિવસોમાં સંસ્થા પોતે આર્થિક રીતે સાધારણ સ્થિતિમાં હતી અને તેવા કપરા સમયમાં વિચરણ દરમ્યાન આવેલી ભેટ પણ આદિવાસી બાળકોના હિત માટે થઈ શાળામાં અર્પી દેવી એ ગુરુજીની દયા-કરુણાની ચરમસીમા હતી !!

• • •

ઈ.સ. ૨૦૦૮-૦૯માં વ્હાલા ગુરુજી અમેરિકા ખાતે વિચરણમાં પધારેલા. એક દિવસ એક પ્રેમી હરિભક્તનો ગુરુજી પર ફોન આવ્યો, "સ્વામીશ્રી, મારા ઘરે ઠાકોરજીની પધરામણી કરો ને !"

ગુરુજીએ પૂ. સંતોને વાત કરી એટલે એક સંતે કહ્યું, "ગુરુજી, આપ જે હરિભક્તની વાત કરો છો, એમનું મકાન અહીંથી ૬૦ માઈલ દૂર છે. એક હરિભક્ત માટે થઈ આપ આટલી લાંબી મુસાફરી કરી સ્વને કષ્ટ ન આપો તો સારું."

"સંતો, ૬૦ માઈલ નહિ, ૨૫૦ માઈલ દૂર હોય તોય જવું જોઈએ. બિચારાના પાંચ ફોન આવી ગયા. એમનો કેટલો ભાવ છે ! માટે રાત્રે નવ વાગે સભા પતે પછી એમના ઘરે જઈશું. કેમ કે પાછળના દિવસોમાં ખૂબ વ્યસ્ત કાર્યક્રમ ગોઠવેલા છે."

રાત્રે ૧૧:૩૦ વાગે એ હરિભક્તના ઘરે પધરામણી થઈ. મંદિરે પરત આવતાં રાતના સવા બાર વાગી ગયેલા. મંદિરથી લગભગ એકાદ માઈલ દૂર હતા ત્યાં આ હરિભક્તનો પૂ. સંતો પર ફોન આવ્યો :

"સ્વામી, રાજી રહેજો. મારી બહુ મોટી ભૂલ થઈ ગઈ છે. મારાં ધર્મપત્ની હમણાં જ જૉબ પરથી આવ્યાં. તેમણે મને અગાઉ કહી રાખેલું કે આપણા પાડોશીએ બધી તૈયારી કરી દીધી છે. માટે ત્યાં ગુરુજીની પધરામણી કરાવજો. પરંતુ હરખમાં ને હરખમાં હું તો સાવ ભૂલી જ ગયો. તેઓ રાહ જોઈને બેઠા છે. માટે શું કરીશું ?"

"દયાળુ, હવે તો મંદિરે પહોંચવા આવ્યા. ફરી ક્યારેક ગોઠવીશું." પૂ. સંતોએ કહ્યું.

"સંતો, શું થયું ?" ગુરુજીએ કુતૂહલથી પૂછ્યું.

પૂ. સંતોએ બધી વાત કરી.

"સંતો, એમને કહો અમે અત્યારે જ આવીએ છીએ. બિચારાએ સાંજની તૈયારી કરી રાખી છે અને આપણે ન જઈએ તો એની લાગણી દુભાય. હંમેશાં ધ્યાન રાખવું, નાના-મોટા કોઈ પણ હરિભક્ત અડધી રાત્રે યાદ કરે તોપણ ક્યારેય ના ન પાડવી. એમના આનંદમાં આપણો આનંદ હોવો જોઈએ." કહેતાં ગુરુજીએ ગાડી પાછી વળાવી.

રાત્રે સવા એક વાગે પધરામણી કરી. મંદિરે પહોંચ્યા ત્યારે રાતના અઢી વાગેલા. ગુરુજી આખા દિવસના વ્યસ્ત શિડ્યૂલમાં ખૂબ થાકી ગયેલા હોવા છતાં રાતના અઢી વાગે પણ ગુરુજીની આર્દ્ર મુખમુદ્રા પર હરિભક્તની લાગણી સંતોષ્યાનો અનેરો આનંદ છલકાતો હતો.

ગુરુજીની દયા-કરુણા સામું જોઈએ તો આપણું મસ્તક નમી જાય. તેઓએ કદી સ્વનો વિચાર કર્યો જ નથી. પરંતુ સામે પક્ષે શિષ્ય તરીકે ગુરુનું જતન કરવું એ આપણી ફરજ છે. અવરભાવમાં ગુરુજીની અવસ્થા થઈ છે ત્યારે આપણે પણ દયા-કરુણાના ભાગ રૂપે પધરામણી કે મહાપૂજા માટે ગુરુજી પધારે એવો દુરાગ્રહ ન રાખવો જોઈએ. આ માટે પૂ. સંતોને પૂછી એમની આજ્ઞા પ્રમાણે આગળ વધવું જોઈએ.

•••

વર્ષ ૨૦૧૯ના અંતે દિવાળીના દિવસો બાદ વ્હાલા ગુરુજી વાસણા ખાતે પધરામણી માટે પધાર્યા હતા. પૂ. સંતોને આસને બોલાવી પોતાની અભિરુચિ જણાવતાં તેઓએ કહ્યું, "આ વખતે અમારે પૈસેટકે સુખી હરિભક્તોને બદલે વ્યવહારે ગરીબ તથા મધ્યમ વર્ગીય હરિભક્તોના ઘરે પધરામણી માટે જવું છે. અમે ઘણા સમયથી એમને ત્યાં ગયા નથી. એમને એમ હોય કે અમે નાના છીએ માટે અમારા ઘરે હવે અમને (ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને) ન બોલાવાય. પણ આપણે એવા હરિભક્તોને ત્યાં સામેથી પધરામણીએ જવું છે. એનાથી તેઓ કેટલા બધા રાજી થાય ! અમારે તો સૌને રાજી કરવા છે."

એ અરસામાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વાસણા સેન્ટરના અમૃતભાઈ તથા લાલજીભાઈ ડાભીના ઘરે પધરામણીએ પધારેલા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની અમીનજર તેમના ઉપર તથા જર્જરિત મકાન પર ફરી વળી. પધરામણીના અંતે તેમણે ઠાકોરજી આગળ ૧૦૦૦ રૂપિયાની ભેટ ધરી. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને થયું, 'આવી સાવ સાધારણ સ્થિતિમાં ગુજરાન ચલાવનારને ૧૦૦૦ રૂપિયા આપવા કેમ પરવડે ?'

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, "તમારી ભેટ આવી ગઈ."

"ના સ્વામી, હરિકૃષ્ણ મહારાજ મારા ઘરે પધાર્યા ને મારાથી એમનેમ ન જવા દેવાય."

"તો પછી ૧૦૦૦ રૂપિયાને બદલે ૧૦૦ રૂપિયા ભેટ આપો. ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે."

"દયાળુ, મહારાજનું આપેલું મહારાજને આપવાનું છે. મહારાજને અર્પણ કર્યા પછી પાછું ન લેવાય." અમૃતભાઈ બોલ્યા.

"આપની ક્ષમતાથી વધુ સેવા લઈએ તો અમારો અહિંસા ધર્મ લોપાય. માટે આ હરિભક્ત ૯૦૦ રૂપિયા પાછા આપે છે તે લઈ લો." કહી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ૯૦૦ રૂપિયા પાછા અપાવ્યા. ગુરુજીના પરહિતચિંતક ગુણને જોઈ અમૃતભાઈ તથા હાજર સર્વે સંતો-હરિભક્તો તેમના ચરણે વંદી રહ્યા. ખરેખર 'નિજસ્વાર્થ નહિ લવલેશ' આ ઉક્તિ ગુરુજીના જીવનમાં મૂર્તિમંત જણાઈ આવે છે.

દયાળુના દયાળુ જ હોય એ ન્યાયે ગુરુદેવ અને ગુરુજીના જીવનમાંથી દયા-કરુણાનો સદ્‌ગુણ સ્વજીવનમાં ચરિતાર્થ કરવા કૃતનિશ્ચયી બનીએ. હંમેશાં નિજના બદલે પરની ચિંતા કરીએ. પરના આનંદમાં નિજનો આનંદ માનીએ. પરસુખને સ્વસુખ માનીએ.

## સંસ્થાનું ગૌરવ વધારનાર મુક્તને અભિનંદન

**કશ્યપ હરેશભાઈ દેવેરા – નિકોલ**



શ્રેયસ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ ગ્રૂપ તબલાં વાદન સ્પર્ધામાં એકસાથે ૨૮૪થી પણ વધુ બાળકોએ સળંગ અઢી કલાક સુધી તબલાં વાદન કર્યું હતું. તેથી ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા તેની નોંધ લેવામાં આવી હતી. આ સ્પર્ધામાં નિકોલ સેન્ટરના બાળમુક્ત કશ્યપ હરેશભાઈ દેવેરાની ઉત્કૃષ્ટ કળા પ્રસ્તુતિને લીધે તેમને શ્રેયશ ફાઉન્ડેશન દ્વારા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના તેમજ રાષ્ટ્રના ગૌરવમાં અભિવૃદ્ધિ કરવા બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન...



બીજાના દુઃખમાં સંવેદનશીલ રહે તે જ સત્પુરુષ.



# અનંત ભૂલોને ભૂલી કૃપા વહાવી

આ સંસારમાં આપણી વચ્ચે જ રહીને ઘૂમતા-ફરતા ઓલિયાપુરુષોની અવરભાવની જીવનશૈલી આપણાથી સાવ અલગ જ હોય છે. એ સદ્‌ગુણોનો ભંડાર છે અને એ જ છે એવા દિવ્યપુરુષોનો વૈભવ. આ એમનો વૈભવ હિમાલય કરતાં પણ ઊંચો હોય છે. આપણે બીજાને જ્ઞાન આપીએ, સાધન-સામગ્રી આપીએ, સુખ-સુવિધા પણ આપી શકીએ પરંતુ જ્યારે અન્યની ભૂલોને ભૂલવાની વાત આવે ત્યારે આપણે ઊણા ઊતરતા હોઈએ છીએ. જ્યારે શ્રીજીમહારાજ અને તેમના સંકલ્પથી જ આ બ્રહ્માંડને વિષે વિચરતા એવા દિવ્યપુરુષો સાવ અલગ જ તરી આવે છે. તેઓ જીવની અનેકાનેક ભૂલોને ભૂલી તેમને નિષ્પાપ કરી મૂકે છે. અને આ છે એ દિવ્ય વૈભવશાળી પુરુષોનો વૈભવ. જેમના દિવ્ય પ્રસંગોનું ગાન આપણે સૌ ભેગા મળીને કરીએ.

રાત્રિનો સમય હતો. અક્ષરધામના અધિપતિ ભગવાન સ્વામિનારાયણ પોતાની અક્ષરઓરડીમાં પોઢ્યા હતા. પણ આજે મહાપ્રભુને ઊંઘ આવતી નહોતી. પડખાં ફેરવતા હતા. પાસે સેવામાં રહેલા બ્રહ્મચારીએ મહારાજને પૂછ્યું, “મહાપ્રભુ, આજે આપને નિદ્રા નથી આવતી કે શું ? આપનું સ્વાસ્થ્ય તો સારું છે ને ?” “બ્રહ્મચારી, આજે અમારા એક ભક્તનો દીકરો બહુ દુઃખી છે અને અમને એની ચિંતા સતાવે છે. માટે તમે ઝટ અમારી માણકી ઘોડી લાવો. અમારે એની સહાયમાં જવું છે.” “અરે મહારાજ, એવા કયા ભક્તનો દીકરો છે જેની ચિંતામાં આપ આટલા વ્યાકુળ થઈ ગયા છો ?!” “તમે ઝટ ઘોડી લાવો. બીજી વાતું પછી કરીશું.” આટલું બોલતાં બોલતાં શ્રીજીમહારાજ સફાળા બેઠા થઈને અક્ષરઓરડીની બહાર આવી ગયા. મૂળજી બ્રહ્મચારી માણકી ઘોડી લઈને આવ્યા અને મહારાજ એકલા જ ઘોડી લઈને નીકળી પડ્યા.

શ્રીજીમહારાજ અર્ધરાત્રિએ ઉગામેડી ગામે વસ્તાખાચરના દીકરા જોઈતાખાચરની રક્ષાએ આવી પહોંચ્યા. આ એ જ વસ્તાખાચર કે જેમના દરબારમાં શ્રીજીમહારાજે ઘણી વાર ઊતરી કથાવાર્તાનો ધોધ વહાવ્યો હતો. જેમણે શ્રીજીમહારાજ તથા સંતો-ભક્તોની તન-ધનથી ખૂબ સેવા કરી હતી. અરે, અગણોતેરા કાળમાં પણ આ જ વસ્તાખાચર શ્રીજીમહારાજ પાસે દાદાખાચરની સેવામાંથી અધવારું કરાવી અડધા સંતો-ભક્તોને કારિયાણી લાવેલા. પરંતુ આ બધું વસ્તાખાચરના દીકરા જોઈતાખાચરથી સહન ન થતું અને તે તેના પિતાશ્રીને ન બોલવાનાં વેણ બોલતા. અરે, શ્રીજીમહારાજની આગળ પણ તેમના આ ભાવો ક્યાંક પ્રગટ થઈ જતા. સમય જતાં વસ્તાખાચર તો ધામમાં ગયા પણ પાછળથી જોઈતાખાચરની પરિસ્થિતિ ખૂબ જ કથળી ગઈ. જમીનો વેચી દેવી પડી. દેવું થઈ ગયું. છેવટે ગામ છોડવાના દા’ડા આવ્યા. કારિયાણી છોડી તેઓ ઉગામેડી જઈને વસ્યા. ત્યાં પણ ખાવા અન્ન કે પહેરવા વસ્ત્ર નહીં. નાનાં છોકરાં ભૂખે ટળવળે અને આ પરિસ્થિતિ સહન ન થતાં પોતે જીવન ટૂંકાવવા અર્ધરાત્રિએ નીકળી પડ્યા અને પહોંચી ગયા ગામના કૂવે. જ્યાં જોઈતાખાચર કૂવામાં પડવા ગયા ત્યાં તો અનંતના આધાર એવા મહાપ્રભુ જોઈતાખાચરની વહારે આવી પહોંચ્યા અને તેમનું કાંડું પકડી લીધું.

દયાળુમૂર્તિ મહાપ્રભુ તેમના પરિવારને ગાડું જોડાવી ગઢપુર લઈ આવ્યા. સવારે સભામાં દાદાખાચર પાસેથી એમની જમીનમાંથી ફળદ્રૂપમાં ફળદ્રૂપ હોય તેવી ૨૦ વીઘા જમીન જોઈતાખાચરને અપાવી તેમને દુઃખમાંથી ઉગાર્યા.

જોઈતાખાચરની ભૂલો શ્રીજીમહારાજે ન જોઈ અને તેમની ભૂલોને ભૂલી તેમના પર કૃપા વહાવી તેમને આ લોક અને પરલોકમાં સુખ કરી આપ્યું. આપણે તો અન્યનાં બે વચન સાંભળીએ તોય તેની સાથે કોઈ વ્યવહાર ન રાખીએ પણ આ જ છે શ્રીજીની સર્વોપરીતા !

•••

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી એટલે દ્રોહીને પણ ખોળે લઈ વ્હાલ, કૃપા વરસાવનાર પરભાવી પુરુષ. આપણા સમગ્ર સમાજમાંથી આ કૃપાવર્ષામાં ભીંજાવામાં કોઈ જ બાકી નહિ હોય. વૃદ્ધ, યુવાન, કિશોર કે બાળક તે જરૂર આ દિવ્યપુરુષની કૃપાવર્ષામાં ભીંજાયાં હશે. આ દિવ્યપુરુષો આગળ જેણે પોતાના આંતરજગતની તમામ ભૂલો નિષ્કપટ થઈ કહી હશે તેની પર આ બંને દિવ્યપુરુષોએ ફટકાર નથી વરસાવ્યો પરંતુ તેને પણ હૈયે ચાંપીને વ્હાલ



બીજાની ખુશીમાં આપણી ખુશી સમજીએ એ જ દયા.

વરસાવી દિવ્યતાના મહાસાગરમાં ડુબાડ્યા છે.

એક વખત એક મુમુક્ષુએ ઘણા સમયથી એમના મનમાં રમતી વાત ગુરુદેવ પ.પૂ. બાપજી સમક્ષ રજૂ કરી, “બાપજી ! સત્સંગમાં આવ્યા પહેલાં મેં અણસમજણે કરીને આપનો ખૂબ જ દ્રોહ કર્યો હતો. ‘લોકોને ધૂતે છે, પૂજાય છે, વિમુખ છે’ એવું બધાને હું કહેતો અને લોકોને ગેરમાર્ગે દોરતો. પણ બાપજી ! સેવકે આટલો બધો આપનો અપરાધ કર્યો છે એ જાણવા છતાં આપે મારી ઉપર કૃપા કરી મને આપની નિકટ લઈ લીધો. મારા પર ખૂબ કૃપા કરી તેનું કારણ શું ? બાપજી, રાજી રહેજો. પહેલાંનું બધું માફ કરજો.” આટલું બોલતાં મુમુક્ષુની આંખોમાં આંસુ આવી ગયા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ રાજી થઈ તેમના માથે પ્રેમથી હસ્ત મૂક્યો અને કહ્યું, “અમે ક્યારેય અમારા ચોપડામાં ઉધાર બાજુ રાખી જ નથી. અમે તારું કાંઈ યાદ નથી રાખ્યું. માટે તારે પણ એ બધું ભૂલી જવું.

વળી, મહારાજ અતિ દયાળુ છે. એ આપણી ભૂલ સામું ક્યારેય જોતા નથી અને જોવા જાય તો ક્યાં મેળ પડે તેમ છે ? માટે ચિંતા ન કરીશ. જા, તારું બધું માફ.” ગુરુદેવ પ.પૂ. બાપજી બોલતા રહ્યા અને આ મુમુક્ષુ તેમના ચરણ પખાળતા રહ્યા. દ્રોહીને પણ નિકટ લેવો આનાથી વધુ કરુણાની ઊંચાઈ કઈ હોઈ શકે ?!

આ એ મુક્તપુરુષ છે કે જેમણે આપણને અન્યની ભૂલોને ભૂલી ઉપકાર કરવાનાં પીયૂષ પાયાં છે. માટે આપણે પણ એમના આ દિવ્ય કલ્યાણકારી ગુણને સ્વજીવનમાં ચરિતાર્થ કરવો રહ્યો.

•••

“જીવોના ગુન્હા નવ જુએ, મહેર કરીને કિલ્મિષ ધુએ,
ચોખ્ખો કરીને કહે છે પ્રભુજી, તું પાત્ર થયો પરમાણ.”

“અરે ભગત, તમે ઘરે જાવ છો તો તમારાં નાનાં દીકરા-દીકરીઓ માટે આવી રીતે ખરીદીને ડ્રાયફ્રૂટ લઈ જવાતું હશે ? મંદિરમાંથી જ લઈ જવું જોઈતું’તું ને !” ગુરુદેવ પ.પૂ. બાપજીના આ દયામય ઉદ્‌ગારો છે.

ગુરુદેવ પ.પૂ. બાપજી હરિભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણીએ પધાર્યા હતા. મંદિરમાં જ સ્ટાફની સેવા કરતા અન્ય એક હરિભક્ત પણ સાથે હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીની પધરામણી પૂર્ણ થતાં યજમાન હરિભક્તે ઠાકોરજીની સેવામાં કાજુ, બદામ, પિસ્તા આદિ મેવા અર્પણ કર્યા. ગુરુદેવ પ.પૂ. બાપજી મંદિરમાં પરત પધાર્યા અને હરિભક્તને કહ્યું કે, “પધરામણીમાં આવેલ તમામ વસ્તુ તમે કોઠારમાં જમા કરાવી આવો.” પેલા હરિભક્તની સ્થિતિ સારી નહોતી તથા આવેલ વસ્તુ જોઈ તેમાં લોભાઈ ગયા અને તે તમામ વસ્તુ પોતાના કબાટમાં મૂકી દીધી. આ દૃશ્ય મંદિરના કોઠારી જોઈ ગયા ને તેઓએ ગુરુદેવ પ.પૂ. બાપજીને ફરિયાદ કરી. તેઓએ ગુરુદેવ પ.પૂ. બાપજીને લઈ જઈ કબાટ ખોલી વસ્તુ બતાવી પણ ખરી.

બે-ત્રણ દિવસ પછી સવારે તે હરિભક્ત પોતાના ઘરે જવા માટે નીકળ્યા ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા આવ્યા. એ સમયે અન્ય ચાર-પાંચ હરિભક્તો પણ ગુરુદેવ બાપજી સાથે હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પેલા હરિભક્તને કહ્યું, “સાંજે જજો.” પેલા હરિભક્તે કહ્યું, “ભલે બાપજી.” સાંજે ૪:૩૦ વાગે નીકળતા પહેલાં ફરી ગુરુદેવ બાપજીનાં દર્શન કરવા ગયા. એ વખતે પેલા કોઠારી ગુરુદેવ પ.પૂ. બાપજીની જોડે હતા. આ હરિભક્ત ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરી નીકળવા ગયા ત્યાં તો પગમાં ઠેસ વાગતાં હાથમાંથી થેલી છટકી ને ડ્રાયફ્રૂટ ઢોળાયું. ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું કે, “ભઈલા, ધ્યાન રાખ. તને વાગ્યું તો નથી ને ? અને આ ડ્રાયફ્રૂટ ક્યાંથી લાવ્યો ?” ત્યારે તે હરિભક્તે કહ્યું, “બાપજી, આ બાળકો માટે થોડો મેવો ખરીદીને લઈ જઉં છું.” ત્યારે અતિ કૃપાળુ એ દિવ્યપુરુષ બોલ્યા : “અરે ભગત, તમે ઘરે જાવ છો તો તમારાં દીકરા-દીકરી માટે આવી રીતે ખરીદીને મેવા લઈ જવાના ના હોય. એમાંય આટલાથી શું થાય ? થોડું વધુ લઈ જવું જોઈએ. માટે હવે મંદિરમાંથી જ પૂ. સંતોને પૂછીને લઈ જવું.” આમ કહી ગુરુદેવ પ.પૂ. બાપજીએ બીજું ડ્રાયફ્રૂટ પણ આપ્યું.

ગુરુદેવ પ.પૂ. બાપજીનાં વચનો સાંભળી હરિભક્તની આંખમાંથી આંસુ સરી પડ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ આંસુનું કારણ પૂછ્યું ત્યારે હરિભક્ત ગુરુદેવ પ.પૂ. બાપજીના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા અને પોતાની ભૂલની માફી માગી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમના મસ્તક પર હાથ ફેરવી ખૂબ વ્હાલ આપ્યું અને બીજી વાર ભૂલ ન કરવા સમજાવ્યા. તે હરિભક્ત જ્યારે ઘરે જવા નીકળ્યા ત્યારે એમને ગુરુદેવ પ.પૂ. બાપજીની બીજી કરુણા સમજાઈ કે, ગુરુદેવ પ.પૂ. બાપજીએ સવારે ચાર-પાંચ હરિભક્તો જોડે હતા; એમની હાજરીમાં મારું

હીણું ન દેખાય એટલે સાંજે જવાની આજ્ઞા કરી. ખરેખર હું આટલા વર્ષોમાં ગુરુદેવ પ.પૂ. બાપજીને ઓળખી જ ન શક્યો.

ખરેખર દિવ્યપુરુષોની દિવ્યતા કંઈક અલગ જ હોય છે. એ જીવની જીવદશા સામું ન જોતાં જીવને અનાદિમુક્ત કરીને મહારાજરૂપ, મૂર્તિરૂપ કરી દે છે.

•••

વર્તમાનકાળે શ્રીજીમહારાજના સંકલ્પથી આ બ્રહ્માંડમાં દિવ્ય દર્શન આપતા વ્હાલા ગુરુજીએ તો કૃપાની હદ વાળી દીધી છે. આ દિવ્યપુરુષે જાણે-અજાણે, જ્ઞાને-અજ્ઞાને કરીને થયેલી બધી ભૂલોને ભૂલીને તેને કૃપાનું મહાપૅકેજ આપ્યું છે. આવી કૃપાની સરવાણીરૂપ પ્રસંગોનું આચમન કરી આપણે પણ તે કૃપાવર્ષામાં ભીંજાઈએ.

ઈસનપુર વિસ્તારના એક કિશોરને ગુરુજીની દિવ્યવાણી સાંભળી પશ્ચાત્તાપ થયો. તેણે ભૂલોના પ્રાયશ્ચિત્ત માટે ગુરુજીને પાંચ પેજનો નિષ્કપટ પત્ર લખ્યો. પત્ર વાંચી ગુરુજીએ તેને મળવા બોલાવ્યો. કિશોરને એમ કે ગુરુજી ઠપકો આપશે પણ આ તો કંઈક જુદું જ બન્યું. ગુરુજીએ તેના દેખતા જ પત્ર ફાડી નાખ્યો અને કહ્યું કે, ‘‘આ કોઈ ભૂલો તારી હતી જ નહિ; છે જ નહીં. ભૂતકાળને ભૂલી જા. હવેથી કદી આ ભૂલોને સંભારતો નહિ અને મહારાજની આજ્ઞામાં અલ્પ ફેર ન પાડતો.’’ આટલું સાંભળતાં કિશોર ગુરુજીના ખોળામાં માથું મૂકી રડી પડ્યો. ગુરુજીએ પોતાના ગાતડિયાથી તેનાં આંસુ લૂછી, પોતાનો દિવ્ય હસ્ત તેના માથે ફેરવી, તેને ભેટીને ખૂબ વ્હાલ વરસાવ્યું. પાણી આપી તેને શાંત કર્યો. કિશોર આસનેથી બહાર નીકળ્યો ત્યારે તેના એક જ ઉદ્‌ગાર હતા કે, ‘‘આ પત્રમાંથી એક ફકરો પણ જો મારા પિતાએ વાંચ્યો હોત તો મને મારીને ઘરની બહાર કાઢી મૂકત. જ્યારે ગુરુજીએ તો મારી અનંત ભૂલોને ન ગણીને અપાર હેત આપ્યું. કેવી આ દિવ્યપુરુષની કરુણા !’’

•••

સ્વામિનારાયણ સંપ્રદાયની જ અન્ય એક સંસ્થાને આપણા માટે ભાવ ઓછો. અવારનવાર જાહેરમાં તથા અંગતમાં પણ એસ.એમ.વી.એસ. માટે, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી માટે અમહિમાના શબ્દો એમના દ્વારા ઉચ્ચારાય. માત્ર એક નહિ, ઘણીબધી વખત બનતા આવા પ્રસંગોની જાણ ગુરુજીને જ્યારે થઈ ત્યારે ગુરુજીએ એક જ ઉપદેશ આપ્યો : ‘‘બીજા ભલે જે બોલે તે. આપણે કદી કોઈના માટે અભાવની વાત નહિ કરવાની. આપણે તટસ્થ છીએ. આપણા માટે તો સર્વે આપણા બાપ સ્વામિનારાયણના દીકરા જ છે. માટે કોઈના પ્રત્યે આપણને રાગ-દ્વેષ નથી. એને બિચારાને વાસ્તવિકતાની ખબર નથી એટલે બોલે છે. જ્યારે ખબર પડશે ત્યારે નહિ બોલે.’’

કોરોનાકાળ દરમ્યાન તે સંસ્થાના બે પૂ. સંતોની તબિયત નાદુરસ્ત થઈ. કોરોનાકાળ દરમ્યાન આપણી એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હૉસ્પિટલનું સેવાકાર્ય અન્ય હૉસ્પિટલ કરતાં અગ્રિમ સ્થાને હતું. વળી, તમામ હૉસ્પિટલો પૅક હતી. આપણી હૉસ્પિટલમાં બંને પૂ. સંતોની સારવાર કરવા માટે તેમણે અરજી કરી. ગુરુજીએ હૉસ્પિટલની સેવા સંભાળનાર પૂ. સંતોને આજ્ઞા કરી તે સંતોને આપણી હૉસ્પિટલમાં ઍડમિટ કરાવ્યા. એટલું જ નહિ, પેલા બંને પૂ. સંતોને પણ કહ્યું કે, ‘‘આપ જમવાની કોઈ ચિંતા કરશો નહીં. અમારા સંતોના રસોડેથી તમારે જે જમવું હોય તે બનાવીને મોકલી આપીશું.’’ સ્વામિનારાયણ ધામ ખાતેના પૂ. સંતોમાંથી બે પૂ. સંતોને ગુરુજીએ આજ્ઞા કરી કે, ‘‘તમારે આ બંને સંતોની અમારા ભાવથી સેવા કરવાની છે. એમને સહેજ પણ ઓછું આવે એમ ન કરતા. એમને જ્યારે જે જમવું હોય તે બનાવી આપજો. બીજું પણ જે જોઈએ તે આપજો.’’


ગુરુજીની વિશેષ દયા તો એ કે રોજેરોજ તેઓ પોતે તે સંતોની ખબર પૂછતા. જમ્યા-ન જમ્યા આ બધા સમાચાર લેતા. જેમ પોતાના સંતોને સાચવે, જતન કરે એટલું જ જતન આ બંને સંતોનું કર્યું. આ છે આ દિવ્યપુરુષની અજાતશત્રુતા ! જેને કોઈ શત્રુ-મિત્ર, પારકું-પરાયું છે જ નહિ એવા અલૌકિક ઓલિયાપુરુષ જ આવી દયા દાખવી શકે.

આના ફળ સ્વરૂપે પેલા બંને પૂ. સંતો તથા તેમની સંસ્થાના વડાને પણ ખૂબ ભાવ થયો. સાથે અત્યાર સુધી થયેલા અપરાધનો પસ્તાવો પણ થયો. બંને પૂ. સંતોએ તો નીકળતી વખતે ગુરુજીનાં દર્શન કરી ક્ષમા સાથે આશીર્વાદ માગ્યા ને તેમના ગુરુએ પણ ગુરુજી સાથે ફોન પર વાત કરી ક્ષમા સહ આભાર વ્યક્ત કર્યો.

આમ, ગુરુજીથી જે નિકટ આવે, એમના સાંનિધ્યનો એક ક્ષણ પણ અહેસાસ કરે તેની સર્વે ગાંઠો છૂટી જાય, સર્વે ગ્રંથિઓ ઓગળી જાય. આવા દયાસાગર સમા ગુરુદેવ અને ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...



**અનંત ભૂલો ભૂલી છાતીએ ચાંપનાર દિવ્યપુરુષ એટલે ગુરુજી.**



# પ્રાર્થના અને આશીર્વાદ રૂપે કરુણા વહાવે

"દયાળુ, દયા કરો; મારે શેર માટીની ખોટ છે. અમારે ઘેર પારણિયું બંધાય."

"દયાળુ, દીકરીને વળગાડ છે તો તે ટળે એવી દયા કરો."

"અંતરમાં ઉદ્વેગ, અશાંતિ, ચિંતાની લાયો બળે છે તેને ઠારો."

મહારાજ અને મોટાપુરુષની આગળ પોતાના દુઃખના કોથળા ઠાલવતા ભક્તોની રોજ લાઇન લાગતી હોય છે. મહારાજ અને મોટાપુરુષ પરભાવી સ્વરૂપો, આત્માના સુખના દેનાર હોવા છતાં જ્યારે નિજદાસનું દુઃખ જુએ, તેમની પ્રાર્થના સાંભળે ત્યારે આશીર્વાદ અને કૃપા રૂપે દયાનું ઝરણું વહેવા માંડે છે અને ભક્તોનાં દુઃખ ટળતાં હોય છે.

શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે ગોપાળયોગીનો મોક્ષ કરી આગળ નેપાળની રાજધાની કાઠમંડુ શહેર પધાર્યા. ત્યાં રસ્તામાં એક ખાખીની જમાત મળી. તેમણે વર્ણીને વાત કરી કે, "આગળ જતાં રસ્તામાં જે શહેર આવે છે તેના રાજા રણબહાદુરને શરીરમાં કોઈ અસાધ્ય રોગ થયો છે. તે જે કોઈ સાધુ-સંતો આવે તેમને પાકાં સીધાં આપી જમાડે છે અને પછી પોતાનો રોગ ટાળવા વિનંતી કરે છે. જો સાધુ-સંતોથી રોગ ન ટળે તો તેમને કેદ કરે છે. આજ સુધી ઘણાને તેણે કેદ કર્યા છે માટે આપણે શા માટે જાણી જોઈને મોત માગવું?"

આ સાંભળતાં દયાળુમૂર્તિ વર્ણીરાજનું હૃદય કેદ કરેલા સાધુ-મહાત્માઓ માટે દ્રવી ઊઠ્યું. તેમણે કહ્યું, "આપણે જરૂર જઈએ; સૌ સારાં વાનાં થશે." વર્ણીરાજ ખાખીની જમાત સાથે શહેરમાં પ્રવેશતાં નિત્યક્રમ મુજબ રાજાએ સૌની આગતા-સ્વાગતા કરી. પાકાં સીધાં આપી બીજા દિવસે પ્રાર્થના કરી કે, "હવે મારો રોગ મટાડો; નહિ તો બધાની જેમ તમને કેદ કરીશું."

શ્રીહરિએ રાજાને ઉપદેશ વચન કહ્યાં : "હે રાજન ! ધાર્યું બધું ભગવાનનું થાય છે. ભગવાન સામે હઠ કરવાથી કે ત્રાગું કરવાથી ભગવાન એવા ભોળા કે ડરપોક નથી તે આપી દે. એમની ઇચ્છા એ આપણું સુખ માનવું જોઈએ છતાં લાવો જળ, આજે અમે તમને રોગથી રહિત કરીએ." એમ કહી શુદ્ધ જળ મંગાવી તેનો સ્પર્શ કરી પ્રસાદીનું કર્યું. અને જેવું રાજાને પિવડાવ્યું કે એ જ મિનિટે રાજાનું તમામ કષ્ટ તત્કાળ દૂર થઈ ગયું.

રાજા ખૂબ ખુશ થઈ ગયા અને કહ્યું, "વર્ણી, મારી પાસે રાજ છે, ઘણું દ્રવ્ય છે. તમારે જે જોઈએ તે માગો."

દયાળુમૂર્તિ નીલકંઠ વર્ણીએ સ્વ માટે તો કાંઈ ન માગ્યું પણ કહ્યું, "હે રાજન ! અમારે દ્રવ્યાદિક કાંઈ જોઈતું નથી પણ તમે આ સાધુ-સંતોને બંદીખાને પૂર્યા છે તેમને છોડી મૂકો અને તેમની માફી માગી તેમને રાજી કરો તો અમે તમારી પર રાજી થઈશું." રાજાએ તુરત જ બંદીખાન કરેલા સાધુ-સંતોને મુક્ત કરવાનું ફરમાન કર્યું ને સર્વે બંદીખાન કરેલા સાધુઓને છોડી મૂક્યા.

આમ, નીલકંઠ વર્ણીએ કેવળ કરુણા કરી રાજાનું દુઃખ ટાળ્યું અને વૈરાગીઓનું દુઃખ પણ ટાળ્યું.

• • •

વર્તમાનકાળે ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પણ પ્રાર્થના તથા આશીર્વાદ રૂપે કેવી દયા-કરુણા વહાવે છે તેનું કિંચિત્ આચમન કરીએ.

એક દિવસ ગુરુદેવ પ.પૂ. બાપજીએ વ્હાલા ગુરુજીને કહ્યું, "સ્વામી, સવારથી લઈ રાતે પોઢીએ ત્યાં સુધીમાં દુખિયારા હરિભક્તોની લાઇનો લાગે છે. આપણે તો મૂર્તિસુખનો વેપાર કરવા આવ્યા છીએ. જ્યારે હરિભક્તો સકામ પ્રાર્થના કરે ત્યારે દુઃખી થઈ જવાય છે. પણ એ બધા પોતાનાં દુઃખ કોની આગળ કહે? અમારાથી આવા દુખિયારા હરિભક્તોનું દુઃખ જોયું જાતું નથી. માટે અમને એમ થાય છે કે ગોધર ખાતે અભિષેકના ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવીએ અને ત્યાં જે અભિષેક કરે તેનાં મહારાજ સર્વે પ્રકારનાં દુઃખો દૂર કરે."

ઈ.સ. ૨૦૦૫માં ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પને

સાકાર સ્વરૂપ આપવા ગોધર મંદિર ખાતે અભિષેક ઘનશ્યામ મહારાજની મૂર્તિની ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ. એ દિવસે ગુરુદેવ પ.પૂ. બાપજીએ મહાપ્રભુને ખૂબ પ્રાર્થના કરી અને દિવ્ય આશીર્વાદ આપ્યા કે,

"કોઈને દેહનું દુઃખ હશે, આર્થિક મુશ્કેલી હશે, કોઈ મૂંઝવણો કે સાંસારિક પ્રશ્નો હશે, ભૂત-પ્રેતાદિકનું નડતર હશે પરંતુ જે કોઈ આ ઘનશ્યામ મહારાજના અભિષેક મહિમા અને વિશ્વાસ સાથે કરાવશે તે જરૂરથી આ સર્વે દુઃખો થકી મુક્ત થશે, થશે ને થશે જ."

વર્તમાનકાળે એવા હજારો પ્રસંગો ગોધરના ઇતિહાસમાં અમર બની ગયા છે જેમાં કેટલાય હરિભક્તોએ ઘનશ્યામ મહારાજનો અભિષેક કરી આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્તિ મેળવી છે. વર્ષો જૂના ભૂત-પ્રેતાદિકની પીડાથી રહિત થયા છે.

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજી નાનામાં નાના હરિભક્તને, તેના ઘરની આર્થિક સ્થિતિને, તેની મૂંઝવણને અંતર્યામીપણે જાણી લેતા અને તેના પર આંતરદયા વહાવી તેના માટે મહારાજને ખૂબ પ્રાર્થના કરતા અને કરાવતા.

તા. ૧૦-૩-૨૦૧૯ ને રવિવારના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી મહેસાણા ખાતે સમૈયામાં વિડિયો કૉલ દ્વારા સંતો-હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કરી રહ્યા હતા. એ વખતે મહેસાણાના એક હરિભક્ત ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા માટે આવ્યા.

પૂ. સંતોએ ગુરુદેવ પ.પૂ. બાપજીને કહ્યું, "બાપજી, આમને ઓળખ્યા ?"

"હા, આ આપણા નરસિંહભાઈ."

"હા બાપજી, અને આ આપણા વહીવટદાર !"

"હા, રઘુભાઈ ને !"

"હા બાપજી."

આમ, વારાફરતી બધા હરિભક્તોને દર્શન આપ્યાં. વિડિયો કૉલ બંધ કર્યો ને તરત જ ગુરુદેવ પ.પૂ. બાપજી દુઃખી વદને અંતર્યામીપણે સાથે રહેલ સંતો આગળ બોલ્યા,

"સંતો, પેલા હરિભક્ત પૈસાથી બહુ દુઃખી છે. એને પૈસાની બહુ તકલીફ છે. માટે મહારાજને પ્રાર્થના કરજો, મહારાજ તેનું સારું કરે."

પરદુઃખે દુઃખી થઈ પરનું હિત કરવા કાજે હરપલ જેમનું કોમળ હૈયું શ્રીહરિને પ્રાર્થી રહ્યું છે એવા ગુરુદેવને ઉપલક દૃષ્ટિએ કોણ પિછાની શકે ? ગુરુદેવે એ હરિભક્ત માટે ખાસ પ્રાર્થના કરી તેમનું દુઃખ દૂર કર્યું.

• • •

તા. ૨-૭-૨૦૧૮ ને સોમવારના રોજ સેવક સંત ગુરુદેવ પ.પૂ. બાપજીને વ્હિલચૅરમાં પ્રદક્ષિણા કરાવી રહ્યા હતા.

એ જ વખતે બહાર વરસાદ ચાલુ થયો.

"બાપજી, આ વર્ષે વરસાદ સારો પડે અને બધી જગ્યાએ સારો પાક થાય અને બધાય ખેડૂતો સુખિયા થાય એવી દયા કરો." સેવક સંતે પ્રાર્થના કરી.

આ સાંભળી ગુરુદેવ પ.પૂ. બાપજીએ મહારાજને પ્રાર્થના કરી કે, "હે મહારાજ, હે બાપા ! આ વર્ષે બેઠો વરસાદ થાય (એટલે વીજળી અને પવન વગરનો વરસાદ પડે) અને બધા હરિભક્તોની વાવણી સારી થાય અને બે રૂપિયાનો પાક થાય (એટલે વધુ પાક પાકે) તેવી કૃપા કરો."

આટલેથી ગુરુદેવ પ.પૂ. બાપજીને કળ ન વળી.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગોધર મંદિરની સેવા સંભાળતા પૂ. સંતને ફોન કર્યો.

"સ્વામી, ત્યાં વરસાદ કેમનો છે ?"

"બાપજી, ઠીક ઠીક પડ્યો છે. હજુ થોડો સારો પડે તો સારો પાક થાય."

"સ્વામી, મહારાજને પ્રાર્થના કરીએ છીએ. મહારાજ ખૂબ સારો વરસાદ વરસાવશે."

ત્યારબાદ હિંમતનગર, સુરેન્દ્રનગર આદિ ગ્રામ્ય વિસ્તારના સેન્ટરો સંભાળતા પૂ. સંતોને ફોન કરી વરસાદની પૂછપરછ કરી.

ખેડૂત વર્ગની ચિંતા રાખી નિઃસ્વાર્થભાવે તેમના ભલા માટે

અવિરત પ્રાર્થના-આશીર્વાદની સરવાણી વહાવતા ગુરુદેવ પ.પૂ. બાપજી ખરેખર પરમાર્થી સ્વરૂપ છે !

●●●

ઈ.સ. ૨૦૧૮માં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી આફ્રિકા વિચરણાર્થે પધાર્યા હતા. તા. ૨૦-૨-૨૦૧૮ના રોજ એરપોર્ટ પર હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજીનાં દર્શન થતાં આફ્રિકન હરિભક્તોના હૈયે આનંદની હેલી ચડી. સૌ કોઈ નીતરતા નયણે વ્હાલા ગુરુજીનું સ્વાગત કરતા હતા. આ દૃશ્ય જોઈ એરપોર્ટના આફ્રિકન ઑફિસરો પણ ગુરુજીની કૃપા-આશિષથી ભીંજાવા દર્શનશ્રેણીમાં ઊભા રહ્યા. આ ઑફિસરોને જોઈ અતિ પ્રસન્ન મુખમુદ્રાએ ગુરુજી બોલ્યા, “આ બધા બીજું કાંઈ સમજતા નથી પણ આપણે આવ્યા તેથી રાજી થાય છે અને દર્શન કરે છે. માટે હે મહારાજ ! આ બધાયને આપ કારણ સત્સંગમાં ખેંચી લેજો. સૌનું પૂરું કરજો. મહારાજ સૌનું પૂરું કરશે... કરશે જ.”

આમ, માત્ર ગુણભાવે દર્શન કરનાર આફ્રિકન ઑફિસરો પર કેવળ કરુણા વાપરી ગુરુજીએ આશીર્વાદની હેલી વહાવી હતી.

●●●

ઘનશ્યામનગર સેન્ટરના ઘરધણી હરિભક્ત કનુભાઈ વેકરિયાને ઘૂંટણનું ઑપરેશન કરાવ્યા બાદ અવસ્થાના ભાવના કારણે ઘણી તકલીફ વધી ગઈ તેથી પથારીવશ રહેવું પડતું. તેમણે હરિભક્તો દ્વારા પૂ. સંતોને પ્રાર્થના કરાવડાવી કે,

“ગુરુજીને પ્રાર્થના કરજો કે સેવકને ધામમાં લઈ જાય.”

તા. ૨૨-૯-૨૦૨૨ના રોજ ગુરુજી ઘનશ્યામનગર વિચરણાર્થે પધાર્યા ત્યારે પૂ. સંતોએ વાત કરી. તરત જ ગુરુજી કનુભાઈના ઘરે સામે ચાલી હરિકૃષ્ણ મહારાજને લઈ રાત્રે ૧૦ વાગે પધાર્યા.

“કનુભાઈ, જય સ્વામિનારાયણ.”

“જય સ્વામિનારાયણ ગુરુજી, રાજી રહેજો. હવે મને મૂર્તિના સુખમાં લઈ જાવ. આ લોકમાં રહેવાની મુદ્દલ ઈચ્છા નથી. દુખાવો સહન થતો નથી.”

“મહારાજ સારું કરશે. ચિંતા ન કરો.”

“ના દયાળુ, આપ સમ્રાટ સ્વરૂપ છો. આજે મને ધામમાં લઈ જવાની તારીખ આપો, પછી જ આપને જવા દઈશ.” એમ કહી તેઓએ ગુરુજીનું ગાતડિયું પકડી લીધું.

પૂ. સંતોએ કનુભાઈને સમજાવવા પ્રયત્ન કર્યો પરંતુ કનુભાઈ ગુરુજીનું ગાતડિયું પકડી એક જ રટણ કર્યા કરતા હતા. આથી ગુરુજીએ અતિ કરુણા કરી અંતર્યામીપણે તેમની આવરદા કહી કે, “હજુ તો આપને ત્રણ વર્ષની આવરદા છે.”

“આટલાં બધાં ? દયાળુ, દયા કરો ને ! ટૂંકામાં પતાવો.”

“મહારાજને પ્રાર્થના કરીશું, ત્રણ મહિનામાં ધામમાં તેડી જાય.”

“ત્રણ મહિના ? હજુ ટૂંકમાં. મારાથી સહન થતું નથી. દયા કરો. આપ મુદ્દત નહિ આપો ત્યાં સુધી આપનું ગાતડિયું છોડવાનો નથી. આપને જવા દેવાનો નથી.”

તેમની અતિશે આગ્રહભરી પ્રાર્થના સાંભળી ગુરુજીના હૈયેથી કરુણાસરિતા રૂપે આશીર્વાદની હેલી વરસવા માંડી :

“જાવ, મહારાજને પ્રાર્થના કરીશું, મહારાજ ત્રણ અઠવાડિયાની અંદર પતાવશે. તમે પણ મહારાજને ખૂબ પ્રાર્થના કરજો.”

કનુભાઈની અવસ્થાના કારણે ગુરુજીએ ઘણા સમયથી મંદિરેથી પ્રસાદી મોકલવાની વ્યવસ્થા કરાવી હતી. ગુરુજીએ આશીર્વચન આપ્યાના બરાબર બાર દિવસ પછી મંદિરેથી આવેલી થાળની પ્રસાદી તેમણે બપોરે જમાડી. સાંજે સંધ્યા આરતીનાં દર્શન કરતાં નેત્રો મીંચી લીધાં. પાંચ દિવસ સુષુપ્તિમાં રહ્યા અને મહારાજ અને ગુરુજી ત્રણ વર્ષની આયુષ્ય ત્રણ અઠવાડિયા પૂરા થતાં પહેલાં પૂરી કરાવી તા. ૯-૧૦-૨૦૨૨ના રોજ ધામમાં લઈ ગયા. કેવી અનહદ કરુણા ! ત્રણ વર્ષની રિબામણને ટાળવા ત્રણ અઠવાડિયા પણ પૂરા ન થવા દે ! આવી કરુણા-દયા સત્પુરુષ સિવાય કોણ કરી શકે ?

આપણે પણ બીજાનાં દુઃખ માટે પ્રભુને પ્રાર્થના કરવાનું અંગ કેળવી ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના આ દયા-કરુણાના ગુણને આત્મસાત્ કરીએ.



દયા-કરુણા અને ક્ષમા સત્પુરુષને વરેલી છે.



# કઠોર દયા

"જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ;
અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરા ક્વાથ."

સત્પુરુષ એ આત્માની જનની છે. અનાદિકાળના ગંદા ને ગોબરા આત્માને નિકટ લઈ ચોખ્ખો કરી પુરુષોત્તમરૂપ પાત્ર કરવો એ એમનું અનાદિનું બિરુદ છે. છોડના વિકાસ માટે જેટલી પાણીની જરૂર છે એટલી ને એટલી જ સૂર્યના તાપની પણ જરૂર છે. એમ મૂર્તિસુખના પાત્ર થવા માટે ચૈતન્યને મોટાની કરુણા અને કટાક્ષ બંનેની સરખી જરૂરિયાત છે. મહારાજ તથા મોટાપુરુષ અતિ અમળ (શુદ્ધ) અને અમોલ (અમૂલ્ય) સ્વરૂપ છે. એ આપણને આપણા જેવા જણાય છે પણ છે તો સદા પરભાવમાં જ. એ એમનો નિજરંગ આપવા ક્યારેક કટુ વચન વદે એનો એક જ પરમાર્થ છે : પોતાનાને માયાથી નિર્ભય કરીને નિર્વાણ કહેતાં અનાદિનું પદ આપવું છે. આ જ સંકલ્પે શ્રીહરિની કેડી કંડારતા બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કુસુમ સમ કોમળતાની સાથે કડવી કઠોરતા દાખવી અનંતનાં અંગ, રંગ ને સંગ પલટાવ્યાં છે. આવો, આવી અનુપ અનુકંપા આપણે નિહાળીએ...

શ્રીજીમહારાજ પોતાના આશ્રિત સંતો-ભક્તોના જીવનમાં અલ્પમાત્ર-તલમાત્ર કસર સાખી ન લેતા. અરે, એમને શુદ્ધ કંચન જેવા પાત્ર કરવા પોતે દુઃખી થઈને પણ ભવોભવની પીડા ટાળી હતી.

શ્રીજીમહારાજને મૂળજી બ્રહ્મચારી બોલાવવા આવ્યા, "હે મહારાજ ! જમવા પધારો. પ્રભુ ! થાળ ઠંડા થઈ રહ્યા છે. જીવુબા- લાડુબા રાહ જોઈ રહ્યાં છે." આ સાંભળતાં જ મહારાજ તો ચપટી વગાડી ઊઠ્યા અને ચાલ્યા જમવા. જીવુબા-લાડુબાના ઓરડે જતાં રસ્તામાં ઘોડશાળ આવે. એમાં થઈને મહારાજ જમાડવા પધારતા હતા.

પણ... મહારાજે જોયું કે આગળ જતાં એક પાર્ષદને એક ઘોડીએ પગથી લાત મારી. પાર્ષદને વાગતાં વાગતાં રહી ગયું. તે દૃશ્ય જોઈ મહારાજે વિચાર્યું કે, 'અરરરર... અમારી જોડે રહેવા છતાંય ઘોડીનો લાતો મારવાનો સ્વભાવ ન ટળે તો એ ઠીક નહીં. બસ, આજે એનો સ્વભાવ ટળે પછી જ જમવું.'

મહારાજે એક ખુરશી મંગાવી, એક લાંબો વાંસ મંગાવ્યો અને એક લાકડાનું મોટું થડિયું મંગાવ્યું. ખુરશીમાં ઘોડીથી થોડે છેટે બેઠા. થડિયું ઘોડીના પગ પાસે મુકાવ્યું. મહારાજે વાંસથી ઘોડીના પૂંછડે કે પગે ગોદો મારવાનું ચાલુ કર્યું. જ્યાં પહેલો ગોદો માર્યો ત્યાં એકદમ ઘોડીએ લાત મારી. લાત સીધી થડિયા પર આવી. બીજી વખત ગોદો માર્યો ને ઘોડીએ લાત મારી ત્યાં જોરથી પગ થડિયા સાથે ભટકાયો. ઘોડીના પગે વાગવાથી છોલાઈ ગયું. લોહી વહેવા માંડ્યું. પણ જ્યાં સુધી ઘોડીએ લાતો મારવાનું ચાલુ રાખ્યું ત્યાં સુધી મહારાજે ગોદો મારવાનું ચાલુ જ રાખ્યું.

પછી જેવો ઘોડીએ પગ ઉપાડવાનો બંધ કર્યો ત્યાં મહારાજ બોલી ઊઠ્યા, "હાશ... હવે ઘોડીનો સ્વભાવ ટળ્યો. ચાલો, હવે અમે જમવા આવીએ." મહારાજને સ્વભાવ ટળાવવાનો કેવો આગ્રહ ! આમ, શ્રીહરિ પશુ જેવા જીવમાં પણ કસર ન ચલાવતા તો એમના સંતો-હરિભક્તોમાં શી રીતે ચલાવી લે ?

•••

એક વાર ગુરુદેવ પ.પૂ. બાપજી સુરેન્દ્રનગર મંદિરે શિબિરમાં લાભ આપતા હતા. સાંજના સત્રમાં મુંબઈ ને અમદાવાદના મોટેરા ભક્તો મોડા આવ્યા. પરમ હિતાર્થી એવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ ભરસભામાં તેઓને ટોકતાં કહ્યું, "કેમ મોડા આવ્યા ?"

"દયાળુ ! થોડો વધુ થાક લાગ્યો હતો તેથી સમયે આંખો ખૂલી નહીં."

ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "આ દેહને સાચવવામાં મહામોંઘી કથા ખોઈ તેનું શું ?"

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ હરિભક્તોને ચોખ્ખા

ચણાક કરવાની જવાબદારી બાખૂબ નિભાવી છે. આજે પણ એ ભક્તોને ગુરુદેવ પ.પૂ. બાપજીની ટકોર કથાવાર્તાના લાભમાં સજાગ કરી રહી છે.

●●●

ગુરુદેવ પ.પૂ. બાપજીની વાતુંમાં ભક્તોના જીવનને વર્તનશીલ કરવાનો આગ્રહ સદા ઝળહળતો. તેઓ શરણે આવનારની સાચી જનની બની દુઃખ લગાડીને પણ સાચા સુખની વાત કરતા. ગુરુદેવ પ.પૂ. બાપજી એક વાર બાળ સંચાલકોની સભામાં પધાર્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને વાત કરી કે, "તમે બાળ મંડળના સંચાલક છો. તમારું જીવન વર્તનશીલ જોઈએ. તમે બાળકોને જે ગુણ શીખવો તે ગુણ તમારામાં ઉપદેશ આપવા પૂરતા સીમિત ન હોવા જોઈએ. અમને આવા હિલોળિયા ગમે જ નહીં. જેની વાત ને વર્તન જુદાં હોય એવા અમને ગમે જ નહીં. માટે વર્તનવાળા થજો." ગુરુદેવ પ.પૂ. બાપજીના આ આગ્રહે જ એસ.એમ.વી.એસ.નો સત્સંગ સમાજ વર્તનવાળો બન્યો છે.

●●●

કોઈક લાંબા વાળ વધારીને દર્શને આવ્યા હોય; કોઈક કાબરચીતરાં-રંગબેરંગી વસ્ત્રો પહેરીને મળવા આવ્યા હોય; કોઈ વિચિત્ર દાઢી રાખીને આશીર્વાદ માટે આવ્યા હોય; કોઈ અત્તર છાંટીને આવ્યા હોય ત્યારે એને પંચવિષયમાંથી પ્રીતિ ટાળવા માટેની ગુરુદેવ પ.પૂ. બાપજીની કડવી દવા અચૂક મળી જ હોય. એ સત્સંગને ન શોભે તેવી રીતભાત ન છોડે-ન મૂકે ત્યાં લગણ ગુરુદેવ પ.પૂ. બાપજી એની કેડ ન મેલતા. સેવક સંતોને એને સુધારવાની સેવા આપતા. મહારાજને ગમે તેવું પાત્ર કરવા તેઓ સતત મથ્યા કરતા. વળી, ગુરુદેવ પ.પૂ. બાપજી એને રાજી પણ કરતા. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીની આ કરુણા અનંતને સદા સુખી કરનારી નીવડી. જેનો આજે સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજ સાક્ષી છે.

●●●

ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રતિકૃતિ એવા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ પણ સત્સંગ સમાજની જનની બની સત્સંગ સમાજને કઠોર વચન કહીને પણ ઘડ્યા છે. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દયાળુ સ્વરૂપ ! કોઈને ઘડતર માટે બે કડવાં વેણ કહે અને સામે સંત કે ભક્ત દુઃખી થાય તો ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બેચેન પણ થઈ જાય.

એક વખત એક કૉલેજિયન સત્સંગી યુવક ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન માટે આવ્યો.

"દયાળુ, જય સ્વામિનારાયણ..." એમ કહીને યુવક ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દંડવત-દર્શન કરવા લાગ્યો.

"ક્યાં જઈ આવ્યા તમે ?" હળવાશથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી બોલ્યા.

"દયાળુ, કૉલેજ જઈને આવ્યો છું... આપ સેવક પર રાજી તો છો ને ?" આમ બોલતાં બોલતાં યુવક ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણસ્પર્શ કરવા નિકટ ગયો.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી કંઈ બોલ્યા નહિ એટલે યુવકે બે હાથ જોડી પ્રાર્થના કરતાં ફરી પૂછ્યું :

"દયાળુ, આપ સેવક પર રાજી તો છો ને ?"

ત્યારે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ નિજહસ્ત પોતાના મસ્તકે મૂકી પૂછ્યું : "શું કરાવ્યું છે ?"

યુવકને ખ્યાલ આવી ગયો એટલે તે તરત બોલ્યો :

"દયાળુ, એ તો મેં વાળ ધોળા થઈ જાય છે એટલે માથામાં મેંદી નાખી છે."

"આપણે કોણ છીએ ? અને કોના છીએ એ ખ્યાલ છે ?"

યુવક નિરુત્તર રહ્યો.

"આપણે સત્સંગી છીએ, શ્રીજીમહારાજના આશ્રિત છીએ. એનો ખ્યાલ ક્યારેય મૂકવાનો નહીં. આપણે જગતના જીવ જેવા નથી. જગતના જીવને આવા ફેલફતૂર હોય; આપણને આવું ન શોભે. આવું જ કરવું હોય તો આપણે સત્સંગ શા માટે સ્વીકાર્યો ?"

"દયાળુ, રાજી રહેજો... હવે આ મેંદી નહિ કરાવું..."

"વાળને રંગવા એ કરતાંય આપણે જેને રંગવાનો છે તે

ચૈતન્યને ન રંગીએ..! હવે આ તમારા જીવનની પહેલી ને છેલ્લી ભૂલ... ખરું ને ! શ્રીજીમહારાજને રાજી કરવા ક્યારેય આ મહેંદી નહિ નાખવાની... બાપજી કાયમ 'મહેંદી' ને સ્થાને મહેંદો કહેતા..."

યુવક ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના મુખે ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રસાદીભૂત 'મહેંદો' શબ્દ સાંભળી હસી પડ્યો.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પણ એને હસતો જોઈ મર્મમાં હસ્યા.

પછી બોલ્યા : "આજથી અમને વચન આપો કે હવે ક્યારેય મહેંદો નહિ લગાવો..."

"હા દયાળુ, હવે ક્યારેય નહિ લગાવું."

પછી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ યુવકને નિકટ બોલાવી આશીર્વાદનો લાભ આપ્યો.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દૃષ્ટિ હંમેશાં મુમુક્ષુ ભક્તોના બાહ્યજીવન કરતાં આંતરજીવન સમક્ષ સવિશેષ રહે : "અમને જરિયે રજોગુણ ન રુચે તો શ્રીજીમહારાજે અમને જેમની સેવા સોંપી હોય તેવા મુમુક્ષુઓ કે ભક્તોમાં કેમ રુચે ? જરિયે ન રુચે."

આમ, શ્રીજીમહારાજ, બાપાશ્રી ને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી અતિ દયાએ કરી પોતાનાની ભૂલ હોય તો વઢીને પણ કહે છે. કારણ, એ આપણા ધન્વન્તર વૈદ્ય છે. એ આપણા રોગને જાણે છે. એ આપણને એમના જેવા કરવા માગે છે માટે કઠણ વચન કહે છે. એમની આ કૃપાનો વિચાર પણ ભર્યા કરશે. માટે આજથી એમની રોકટોક, વઢમાં આનંદ ગણવો-સુખ જ સમજવું.

(અનુસંધાન પેજ ૩૧ પરથી...)

ઈ.સ. ૨૦૨૦માં કોરોનાકાળ દરમ્યાન એક હરિભક્તની આર્થિક સ્થિતિ ખૂબ નિર્બળ હોવાથી ઘણી તકલીફો આવી પડી. ગુરુજીના કર્ણપટ સુધી તેમની દુઃખદ પરિસ્થિતિના સમાચાર પહોંચ્યા. ગુરુજીએ તેમને ફોન કર્યો :

"દયાળુ, આપ ઘરમાં કેટલા સભ્યો છો ?"

"ગુરુજી, આઠ સભ્યો છીએ."

"અત્યારે કાંઈ આવકનું સાધન છે ?"

"ના ગુરુજી, કોરોનાના લીધે બેકાર છીએ."

"તમે ચિંતા ન કરશો. તમારું ટિફિન મંદિરેથી આવી જશે."

"પરંતુ ગુરુજી, અમે જે મકાનમાં રહીએ છીએ એનું ભાડું ચડે છે. એનું મોટું ટૅન્શન છે. મકાનમાલિકે કહ્યું છે કે મકાનનું ભાડું સમયસર નહિ ભરી આપો તો બિસ્તરા-પોટલાં બહાર ફેંકી દઈશું." કહેતાં હરિભક્ત ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા.

ગુરુજીએ તેમને કહ્યું, "ભાઈ, તમે રડો નહીં. તમારી આંખનાં આંસુ અમારી આંખ ભીંજવી દે છે. તમે જરાય ચિંતા ન કરો. તમારું દુઃખ હવે અમારું થયું. તમારું ભાડું ઍડવાન્સ ચૂકવાઈ જશે. તેની વ્યવસ્થા અમે કરી દઈએ છીએ."

"ગુરુજી, આવા કપરા કાળમાં સંસ્થાની આવક નહિવત્ છે. સામે ખર્ચા અનેક છે. સંસ્થામાંથી સેવા આપતા સ્ટાફ સભ્યોને ઘેર બેઠા પગાર ચૂકવાય છે. કોરોના મહામારીની સહાય રૂપે સરકારમાં ઘણી સેવા આપી છે. માટે મારી ચિંતા આપ આપના શિરે ન લો." હરિભક્તે વિવેક કર્યો.

"ભાઈ, અમારા હરિભક્તના સુખે સુખી ને દુઃખે દુઃખી થવું એ તો અમારો જીવનમંત્ર છે. માટે હવે તમે ચિંતા છોડી દો અને સુખે ભગવાનને યાદ કરો." કહી ગુરુજીએ હરિભક્તને નિશ્ચિંત કરી દીધા. સઘળા ભાર-દુઃખથી હળવાફૂલ જેવા કરી દીધા.

આવા તો અનેક પ્રસંગો ગુરુજીના જીવનકોશમાં સંગ્રહાયેલા છે જેનો એસ.એમ.વી.એસ.ની પ્રત્યેક વ્યક્તિએ વ્યક્તિગત અનુભવ કર્યો હશે !

વર્તમાનકાળે એવા અસંખ્યાત હરિભક્તો ગુરુજીની અસીમ કૃપામાં સ્નાન કરી તન-મન-ધન અને જનના દુઃખોથી મુક્તિ પામી રહ્યા છે એવા કુસુમથીય કોમળ ગુરુદેવ અને ગુરુજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન !



# ભક્તોનું દુઃખ પોતે લેવા રૂપ દયા

ભક્તવત્સલતા એ ભગવાન સ્વામિનારાયણનો અનાદિનો ગુણ છે. શ્રીહરિનો આ દિવ્ય ગુણ ભક્તો માટે એક અનન્ય આશીર્વાદરૂપ છે. ભક્તના દુઃખમાં સહભાગી થવું, ભક્તની પીડા પ્રત્યે સંવેદના દાખવવી, ભક્તના સુખમાં સમાઈ જવું એ શ્રીહરિની વિલક્ષણતા હતી.

સંવત ૧૮૫૮ના કારતક સુદિ એકાદશીનો મહામંગલકારી દિન કે જ્યારે અક્ષરધામાધિપતિ શ્રીહરિએ અવરભાવની રીતે સંપ્રદાયની ધર્મધુરા સંભાળી. તે દિવસે સદ્. રામાનંદ સ્વામીએ વિધિવત્ શ્રીહરિનો પટ્ટાભિષેક કરી પોતાની ગાદી સોંપી કહ્યું, “હે સહજાનંદ સ્વામી ! આપ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ છો ! આપને હું શું આપું ? છતાં અવરભાવમાં આપના ગુરુપદે હોવાથી આપ માગશો એ આપું.”

શ્રીહરિએ દેખાતો અવરભાવ ભક્તોને અર્થે કરી નાખ્યો હોય તેમ સદ્. રામાનંદ સ્વામી પાસે માગ્યું જે, “ગુરુદેવ, આપની પાસે મારે બે વર માગવા છે. તે મને કૃપા કરીને આપશો. ભક્તોનું દુઃખ દેખી મારું અંતર દ્રવી જાય છે. માટે હે ગુરુદેવ ! સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ. પણ સત્સંગીને તે થાઓ નહિ, અને ભક્તોના પ્રારબ્ધમાં રામપત્તર (ભિક્ષાપાત્ર) લખ્યું હોય તે મને આવે પણ ભક્તમાત્ર અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય એ બે વર મુને આપો.”

શ્રીહરિની માંગણીથી સદ્. રામાનંદ સ્વામી સહિત સર્વે ભક્તજનોનાં નેત્ર સજળ બની ગયાં અને અંતરમાંથી ઉદ્ગાર સરી પડ્યા : “આ જ સાચા ગુરુ છે. આ જ સનાતન પ્રભુ છે.”

•••

શ્રીહરિ તેમજ બાપાશ્રીની ભક્તવત્સલતાના અજોડ ધારક એવા વર્તમાન સત્પુરુષ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીમાં એવાં જ અદ્ભુત દર્શન થઈ રહ્યાં છે.

સંત-ભક્તગણનું સ્થાન ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના હૃદયમાં છે. તેઓનું દુઃખ આ દિવ્યપુરુષોને મન અસહ્ય વેદના પમાડનારું હોય છે. તેથી જ ક્યાંક આશીર્વાદ આપી તો ક્યાંક પ્રસાદીનું જળ આપી પોતાના વ્હાલા દીકરા સમાન આશ્રિતોનું દુઃખ ટાળ્યું હોય એવા તો અગણિત પ્રસંગો એસ.એમ.વી.એસ. સમાજમાં મોજૂદ છે. પરંતુ આશ્રિતની અસહ્ય પીડા-વેદનાને પોતે સહી લઈ સદા પરઉપકારી બની રહ્યા હોય એવા પ્રસંગો તેમની પરમ માતૃવાત્સલ્યતાની અને દયા-કરુણાની ચરમસીમાના પુરાવા છે. સગો બાપ પણ દીકરાનું દુઃખ પોતે ન લે પણ આ દિવ્યપુરુષોએ ભક્તોના દુઃખને, કષ્ટોને, તેમની વેદનાને પોતે લઈ લીધી હોય તેવા કિંચિત્ પ્રસંગોનું આચમન કરીએ જે હૃદયને દ્રવિત કરી દે છે...

ગુરુદેવ પ.પૂ. બાપજીની રીત એવી કે રાત્રે એક વાર જાગી જાય પછી ફરી પોઢવાને બદલે પ્રાર્થના કરતા.

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી વહેલા જાગી ગયા હતા. તેથી સેવક સંતે પૂછ્યું,

“બાપજી, આપ કેટલા વાગે જાગ્યા હતા ?”

“સ્વામી, અમે બે વાગે જાગી ગયા હતા.”

“પછી આપે શું કર્યું ?”

“સ્વામી, અમે અમારા નિયમ મુજબ બેથી ચાર પ્રાર્થના કરી.”

“દયાળુ, રાજી રહેજો, પણ આપે કોના માટે પ્રાર્થના કરી ?”

“સ્વામી, સંતો-ભક્તોનો સમાજ અવરભાવ તથા પરભાવમાં સદા સુખિયો રહે તથા છતે દેહે મૂર્તિસુખનો ભોક્તા થાય તેવી મહારાજ, બાપાશ્રી અને સદ્ગુરુઓને ખૂબ પ્રાર્થના કરી.”

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રાતઃ કાળે ઊઠતાંની સાથે પ્રથમ મહારાજની સાથે પોતાના ભક્ત સમુદાયની સ્મૃતિ કરતા.

•••

એક દિવસ ગુરુદેવ પ.પૂ. બાપજીની અવરભાવની તબિયત અચાનક નાદુરસ્ત જણાતાં સેવક સંતે પૂછ્યું, “બાપજી, ગઈ કાલ સુધી તો આપને એકદમ સારું હતું. અચાનક શું થયું ?”

"કંઈ નહીં. મહારાજની મરજી હશે એમ થયું હશે."

"બાપજી, આ ડૉક્ટર આપની સારવાર માટે આવ્યા છે." એમ કહી સેવક સંત ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે ડૉક્ટરને લઈ આવ્યા.

ડૉક્ટરે તપાસ કરી લોહીનું પરિક્ષણ કર્યું તો સીધો ૩૫૦ ડાયાબિટીસ જણાયો. ડૉક્ટરના ગયા બાદ સેવક સંતે પૂછ્યું, "બાપજી, ગઈ કાલ સુધી તો કશું નહોતું ને અચાનક આટલો બધો ડાયાબિટીસ? આ લીલામાં કંઈ સમજાયું નહીં."

ત્યારે રહસ્યસ્ફોટ કરતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "સ્વામી, એ તો ગઈ કાલે પેલા હરિભક્ત આવ્યા નો'તા? એ બિચારા રડતા હતા. એમના ૧૫ વર્ષના દીકરાને ડાયાબિટીસ થયો હતો. એ કંઈ જમી શકતો નહોતો. તેથી પ્રાર્થના કરતા હતા કે કંઈક દયા કરો એટલે મહારાજને અમે પ્રાર્થના કરી કે એનો ડાયાબિટીસ અમને આપી દો પણ બિચારા દીકરાને સુખી કરો. આ એની પ્રસાદી છે."

"બાપજી, આપે એક દીકરાને સાજો કરવા એનું દુઃખ પોતે લઈ લીધું!"

ગુરુદેવ પ.પૂ. બાપજીની આવી પરાકાષ્ઠાની દયા-કરુણાનાં દર્શન કરતાં સંત ગુરુદેવની ભક્તવત્સલતામાં ડૂબી ગયા.

●●●

તા. ૨૯-૧૧-૨૦૦૭ના દિને ગુરુદેવ પ.પૂ. બાપજીએ હૃદય લીલા ગ્રહણ કરી હતી. બાયપાસ સર્જરીના એક-દોઢ મહિના બાદ પનુભાઈ સોની ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શને આવ્યા અને વાત કરી,

"બાપજી, મહારાજે થોડી લીલા કરી છે. થોડા સમયથી છાતીમાં દુખાવો રહેતો હતો તેથી ડૉક્ટરને બતાવવા ગયા. તેમણે કહ્યું, નળીઓ બ્લૉકેજ છે માટે બાયપાસ સર્જરી કરાવવી પડશે. એમણે તો આજે જ દાખલ થવાનું કહ્યું હતું પરંતુ મેં કહ્યું, હું મારા ગુરુ પ.પૂ. બાપજીને પૂછ્યા વગર નિર્ણય ન લઉં. માટે દયાળુ, આ સેવક આપને પૂછવા આવ્યો છે કે હું બાયપાસ સર્જરી કરાવું કે ન કરાવું?"

ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "લાવો, તમારી ફાઇલ." એમ કહી ગુરુદેવ પ.પૂ. બાપજીએ ફાઇલ ઉપર દૃષ્ટિ કરી કહ્યું, "પનુ, જો આ અમે તારા બદલે બાયપાસ કરાવી દીધું. હવે તારે હાલ કોઈ ઑપરેશન કરાવવાની જરૂર નથી. મહારાજ વગર ઑપરેશને બધું સારું કરી દેશે." એમ કહી ગુરુદેવ પ.પૂ. બાપજીએ ફાઇલમાંના રિપોર્ટ ફાડી નાખી પનુભાઈ સોનીને નિર્ભય કરી દીધા. પોતાના ભક્તને આવનાર બાયપાસ સર્જરીનું દુઃખ પોતે લઈ લીધું. આવી દયા-કરુણા આવા દિવ્ય સત્પુરુષ વગર કોણ વહાવી શકે ? એ પછી પનુભાઈને સાવ દુખાવો બંધ થઈ ગયો. તે પછી આઠ વર્ષ સુધી કાંઈ જ ન થયું. અમેરિકાના ડૉક્ટરો પણ રિપોર્ટ્સ જોઈ આશ્ચર્યમાં ડૂબી ગયા હતા.

●●●

તા. ૨૪-૨-૨૦૧૫ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજીની અવરભાવની તબિયત જરા નાદુરસ્ત હતી. સેવક સંતે પૂછ્યું, "બાપજી, આપ તો પરભાવનું સ્વતંત્ર સ્વરૂપ છો. આપ ધારો તો એક સેકન્ડમાં મંદવાડને વિદાય આપી શકો છો. તો શા માટે આટલું બધું સહન કરો છો?"

"સ્વામી, અમે હરિભક્તોના જામીન થયા છીએ. હરિભક્તો અમારી આગળ આવી દુઃખનો ઢગલો વ્યક્ત કરી દયાની યાચના કરતા હોય છે. બિચારા હરિભક્તોનું દુઃખ અમારાથી જોવાતું નથી. તેથી એમનો રોગ અમે લઈ લઈએ છીએ એટલે..." ગુરુદેવ પ.પૂ. બાપજીએ વાક્ય અધ્યાહાર છોડી દીધું.

"પણ બાપજી, બીજાનું સારું કરવામાં..." સેવક સંત વાક્ય પૂરું કરે તે પહેલાં જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું,


"હા સ્વામી, આ એવું જ છે. હરિભક્તો અમારા દીકરા કહેવાય. અમારાથી એમનું દુઃખ દેખ્યું નથી જાતું એટલે એના જામીન અમે થઈએ છીએ."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ કરુણાભીના સ્વરે આટલું બોલીને નેત્ર મીંચી દીધાં.

●●●

વર્તમાનકાળે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ હરિભક્તોના સુખ-દુઃખમાં પડછાયાની જેમ પડખે ઊભા રહે છે.

**(અનુસંધાન પેજ ૨૯ પર...)**



# જન જન પ્રત્યે દયા

"કલ્યાણ કરને કે વાસ્તે મેરા અવતાર હૈ. આજ તો મેરા પ્રયોજન એહી હૈ જ્યોં અવિદ્યા કું નાશ કરના, જીવ કું બ્રહ્મરૂપ (મૂર્તિરૂપ) કરના. ઇસ પ્રયોજન વાસ્તે મૈં પ્રગટ હુવા હૂં. જીવું કું મુક્તિ દેને કે વાસ્તે મનુષ્ય ઐસા બન્યા હૂં."

શ્રીહરિના પ્રસાદીના પત્ર-૭નો આ અંશ શ્રીહરિનું આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્ય કેવળ આત્યંતિક કલ્યાણ અર્થે જ છે એવું ફલિત કરે છે.

આવા સર્વોપરી રાજાધિરાજે બ્રહ્માંડના સામાન્ય જીવો પરત્વે કેવી દયા-કરુણા દાખવી છે !

શ્રીહરિએ જ્યારે સંપ્રદાયની ધુરા સંભાળી ત્યારે સમાજમાં કેટલાક ક્રૂર અને ઘાતકી કુરિવાજો જેવા કે બાળકીને દૂધપીતી કરવી, સતીપ્રથા વગેરે સમાજમાં પ્રવર્તતા હતા. શ્રીહરિએ તેને બંધ કરાવી સ્ત્રી વર્ગને સમાજમાં ઉચ્ચ સ્થાન અપાવ્યું જે શ્રીહરિની દયા-કરુણાનું ઉત્તમ દર્શન કરાવે છે.

સંવત ૧૮૬૯માં પડેલા દુષ્કાળ વખતે શ્રીહરિએ ગામોગામ ફરી સત્સંગી-બિનસત્સંગી સૌને દુષ્કાળ પાર પાડવાની ભલામણ કરી હતી. તથા ગઢપુર બોલાવી પોતાના સાંનિધ્યમાં દુષ્કાળ પાર પડાવ્યો હતો.

●●●

જીવનપ્રાણ બાપાશ્રીના સમયમાં કોરોના જેવો જ પ્લેગ રોગ ફાટી નીકળ્યો હતો. ત્યારે ગામોગામ કૉરેન્ટાઇન કરેલાં. કોઈ કોઈના ઘરે જઈ ન શકે. ત્યારે બાપાશ્રીએ પોતાના ડુંગરવાળા ખેતરે જવા માંડ્યું. ત્યારે તેમના દીકરીએ પૂછ્યું,

"બાપા, તમે કદી આ ખેતરે આવતા નથી તે હવે કેમ આવો છો ?"

ત્યારે બાપાશ્રીએ કહ્યું, "હમણાં ગામમાં પ્લેગ આવ્યો છે તે હરિભક્તો ઘર બહાર નીકળી ન શકે. કોઈ દુખિયા કે હેતવાળા હરિભક્તો અમારાં દર્શને ગામમાં તો ન આવી શકે; માટે તેઓ સારુ આ જંગલમાં આવીએ તે તેઓને કોઈ રોકે નહિ, તેઓને ભગવાનની વાતો કરીએ ને દુઃખ દૂર કરીએ." વળી, પ્લેગનો ફેલાવો વધતાં બાપાશ્રી ઘરેથી પોતા સારુ શાક, રોટલો ને છાશ લઈ ખેતરે આવે અને માથે કપડું ઢાંકી દે. જે કોઈ દર્શને આવે તેને મહારાજના મહિમાની વાતો કરે ને પોતાના ભાતમાંથી પતરાળામાં રોટલો ને ઉપર શાક મૂકી જમાડે. આ જોઈ સૌને આશ્ચર્ય થાય કે, 'આટલા નાના સૂંડલામાં ભાત તે કેટલું હશે !' એ વખતે પ્લેગની બીકથી કેટલાક દિલગીર થાય ને મૂંઝાય તેમને ખૂબ બળનાં વચનો કહેતા. વળી, કોઈને પ્લેગ થયો હોય ને આવી ન શકે તેવાને પોતાને હાથેથી રોટલાનો ભૂકો કરીને આપતા અને આશીર્વાદ આપતા કે, "આ પ્રસાદી જમાડી દેજો એટલે મહારાજ સારું કરી દેશે."

આ રીતે બાપાશ્રી પણ જન જન પ્રત્યે દયા દાખવી સૌને આ લોક-પરલોકમાં સુખિયા કરતા.

●●●

એ જ ચીલો ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ યથાવત્ જાળવી રાખ્યો છે. તેથી તેઓ કાયમ કહે છે, "જેનું કોઈ નથી તેના અમે છીએ. જેનો હાથ કોઈ ન ઝાલે એનો આ લોક-પરલોકમાં કાયમ હાથ ઝાલી રાખીશું." આવો, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની જન જન પ્રત્યેની કરુણાનું આચમન કરીએ.

ઈ.સ. ૧૯૮૪માં ઘનશ્યામનગર મંદિરના દશાબ્દી ઉત્સવ ઉપક્રમે ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાને શિરોવંદ્ય કરી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પંચમહાલની ભૂમિ પર સૌપ્રથમ વખત પધાર્યા. ત્યાંના ૨૧ દિવસના વિચરણ દરમ્યાન ૨૭ ગામોને સત્સંગના રંગે રંગ્યા. રોજનો માટલાં ભરી દારૂ પીનારાને દારૂનાં વ્યસન છોડાવ્યાં, કંઠી બાંધી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત કર્યા.

ઈ.સ. ૧૯૮૪થી ગુરુદેવ પ.પૂ. બાપજીનો પંચમહાલ પ્રદેશ પર વહેતો કરુણાનો સ્રોત અદ્યાપિ વહી રહ્યો છે. જેના પરિણામે પંચમહાલનાં અનેક ગામડાંઓ કારણ સત્સંગના રંગે રંગાઈ ગયાં છે. માટલાં ભરીને દારૂ પીનારાઓ આજે ચાને પણ વ્યસન ગણે છે. પંચમહાલ પ્રદેશના આદિવાસી મુક્તોને મૂર્તિનિવાસી કર્યા. તેમનાં ઉત્કૃષ્ટ જીવન કરવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ ભૂખ, ઊંઘ, તરસ, ટાઢ, તડકો, રાત-દિવસ કાંઈ જોયાં નથી. જે ગામમાં ગાડી પણ ન જઈ શકે તેવા અંતરિયાળ

ગામોમાં પગદંડીએ ચાલી, ડુંગરાઓ ચડીને ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઘેર ઘેર પધરામણીઓ કરી છે. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ પંચમહાલના જન જન પ્રત્યે દયા વરસાવી છે.

•••

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ ગુજરાત માટે ગોઝારો દિન નીવડ્યો. ભૂકંપના વિનાશક આંચકા સાથે ગુજરાતની ઈમારતો ધરાશય થઈ. શાળાઓ, ધાર્મિક સ્થાનો, રહેઠાણ, આવાસો કડડડભૂસ કરતાં પડી ભાંગ્યાં. હજારો લોકો દટાઈ ગયા, કેટલાક મોતને ઘાટ ઊતર્યા તો કોઈ બેઘર બન્યા. ૯૦ સેકન્ડના ધરતીકંપે વિરાટ સમય માટે હૃદય કંપાવે એવી ગોઝારી ઘટનાઓ ઊભી કરી દીધી.

અવરભાવમાં વાસણા મંદિરે બિરાજતા દયાળુમૂર્તિ ગુરુદેવ પ.પૂ. બાપજીની દયાનો સ્રોત સમગ્ર ગુજરાત પર વહેવા લાગ્યો. ભૂકંપનો અહેસાસ થતાંની સાથે જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ શ્રીહરિને આર્તનાદે પ્રાર્થના કરવાનું શરૂ કરી દીધું. ભૂકંપના આંચકા બંધ થતાંની સાથે જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ તમામ સંતો-હરિભક્તોને પ્રેરણા કરી અખંડ ધૂનનો પ્રારંભ કરાવી દીધો.

ડિસેમ્બર, ૨૦૦૧માં સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ આવી રહ્યો હતો. વાસણા ખાતે પુરજોશથી તેની તૈયારીઓ ચાલી રહી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ તમામ સ્વયંસેવકોને બોલાવ્યા અને કહ્યું, “મહોત્સવ તો મહારાજ જરૂરાજરૂર કરશે પણ અત્યારે માનવસેવા એ આપણો પ્રથમ ધર્મ છે. નિઃસહાય અને જરૂરિયાતમંદોને મદદ કરવી એ આપણી પવિત્ર ફરજ છે. માટે મહોત્સવની સેવામાં રહેલા તમામ સ્વયંસેવકો અત્યારે માનવસેવામાં જોડાઈ જાવ.”

ગુરુદેવ પ.પૂ. બાપજીની એક હાકલે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ભૂકંપનું રાહતકાર્ય હાથ પર લીધું. ભૂકંપના દિવસે બપોરે જ વાસણા, પાલડી વિસ્તારના નિઃસહાય લોકોને આશ્રયની વ્યવસ્થા કરી, ફૂડપૅકેટનું વિતરણ કરી તેઓને પહેલો ભોજનનો કોળિયો પહોંચાડનાર ગુરુદેવ પ.પૂ. બાપજી હતા.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ અમદાવાદના બધા સેન્ટરોમાં કપડાં, વાસણો, અનાજ જેવી જીવનજરૂરિયાતની વસ્તુઓ ભૂકંપ પીડિતો માટે આપે તેવી ટેલ નખાવી. બીજા દિવસે વહેલી સવારે ગુરુદેવ પ.પૂ. બાપજી, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી, પૂ. સંતો તથા ૬૦ જેટલા હરિભક્તો આવેલી વસ્તુ, અનાજ બધું ટ્રકોમાં ભરી કચ્છ-ભૂજ ખાતે પધાર્યા.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ભૂજ તથા તેના અંતરિયાળ ગામોની મુલાકાત લીધી. પરિસ્થિતિ નજરે નિહાળતાં અંતર દ્રવી ઊઠ્યું. ગલીએ ગલીએ ફરી સૌને સાંત્વના આપી, પૂ. સંતોને કહ્યું, “તમે ૬ સંતો તથા ૬૦ હરિભક્તોની ટીમ ભચાઉ બાજુ જાવ. ત્યાં રાહતકાર્ય કૅમ્પ શરૂ કરો. આપણાથી થાય તેટલી મદદ કરો. બીજું, નિરાધાર લોકો પરત્વે હમદર્દી દાખવનારા ઘણાય મળશે પરંતુ વસ્તુની સાથે ભગવાન આપજો, પ્રાર્થના કરજો, વ્યસન મુકાવજો અને ધૂન-ભજન કરાવજો.”

દયાળુમૂર્તિ ગુરુદેવ પ.પૂ. બાપજીએ વિશેષ મહારાજને પ્રાર્થના રૂપે આશીર્વચનો વહાવ્યાં હતાં : “હે દયાળુ ! આપની મરજી વિના કંઈ થતું નથી. દયાળુ, છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય. હવે સૌ પર રાજી થઈ આ આવી પડેલી અણધારી આફતમાંથી મુક્તિ અપાવો. જેનાં ઘર પડ્યાં છે તેમનાં ઘર થઈ જાય, જે ધામમાં ગયા છે તે કારણ સત્સંગમાં જન્મ ધરે, જે ઈજાગ્રસ્ત છે તે જલદી સાજા થઈ જાય અને આર્થિક રીતે સધ્ધર થાય એવી દયા કરો, દયા કરો, દયા કરો…”

અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ, પૂર હોય કે પછી રોગચાળો ફાટી નીકળ્યો હોય એમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની સહાનુભૂતિભરી દયાની મીઠી છાયામાં કેટલાય દુખિયાનાં દુઃખો શમ્યાં છે.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજી પંચમહાલ ખાતે વિચરણમાં પધાર્યા હતા. સાથે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી હતા. તેમને સંબોધીને ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “સ્વામી, આ બિચારા આદિવાસી હરિભક્તોના બાળમુક્તોના ચરણમાં પહેરવા જોડાં નથી. શરીરે પહેરવા કપડાં નથી. એ ભણશે નહિ તો આખી જિંદગી આવી જ સ્થિતિમાં રહેશે. માટે સ્વામી, આપણે આવા આદિવાસી બાળકોને ભણાવવાની કોઈક વ્યવસ્થા કરીએ તો સારું.”



મેરુ જેવી ભૂલને ભૂલી પ્રેમ આપે એ જ સત્પુરુષ.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું આદિવાસી બાળકો પરત્વેનું આર્દ્ર (મૃદુ) હૃદય જોઈ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ગોધર ગુરુકુલ સ્થાપવાનો સંકલ્પ કર્યો. પણ એ વખતે સંસ્થાની સ્થિતિ એવી સારી ન હતી કે ગુરુકુલની સ્થાપના કરી શકે. પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીનો એ સંકલ્પ ગુરુજીને યાદ હતો અને ગુરુદેવ પ.પૂ. બાપજી અંતર્ધાન થયા એ વખતે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સંસ્થાના શિક્ષણ વિભાગમાં સેવા બજાવતા સંતો-હરિભક્તોને બોલાવી ગુરુદેવ પ.પૂ. બાપજીનો સંકલ્પ જણાવ્યો કે, "ગુરુદેવ પ.પૂ. બાપજીનો સંકલ્પ છે કે આપણે સારા ઘરના બાળકો જેવી રીતે અભ્યાસ કરે છે એવો અભ્યાસ આદિવાસી બાળકોને કરાવવો છે. તેઓ નિરક્ષર રહેશે તો આખી જિંદગી ગરીબાઈમાં જ પૂર્ણ થશે. તેથી તેઓ માટે ગુરુકુલની વ્યવસ્થા કરો."

"પણ દયાળુ, એ બાળકોને ભણવામાં એટલો રસ જ હોતો નથી. માટે એમને ભણાવવા એ બહુ અઘરું કાર્ય છે."

"ગુરુદેવ પ.પૂ. બાપજીનો સંકલ્પ છે એટલે કરવાનું જ છે. ભલેને અઘરું કાર્ય હોય. એ માટે સારા શિક્ષકો રોકજો."

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજી અંતર્ધાન થયા એ વખતે એમની દિવ્યાંજલિ સભામાં દયા-કરુણાના પ્રતીક રૂપે બે પુષ્પની અંજલિ ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે ધરી હતી :

૧. એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ચાલી રહેલા ગર્લ્સ ગુરુકુલમાં તથા ગર્લ્સ છાત્રાલયમાં આગામી વર્ષથી પ્રત્યેક વિદ્યાર્થિનીને નિઃશુલ્ક અભ્યાસ તથા રહેવા-જમવાની તમામ સગવડ આપવામાં આવશે.

૨. ગુરુદેવ પ.પૂ. બાપજીને અતિ વ્હાલા એવા આદિવાસી સમાજના લાભાર્થે તીર્થધામ ગોધર મુકામે બૉય્ઝ ગુરુકુલનું નિર્માણ કરવામાં આવશે. જેમાં પણ વિદ્યાર્થીઓને અભ્યાસની તથા રહેવા-જમવાની તમામ સગવડ નિઃશુલ્ક રહેશે.

કેવો અવિરત વહેતો દયા અને કરુણાનો મહાસ્રોત..!

આ ઉપરાંત સંસ્થા દ્વારા ઈ.સ. ૨૦૦૯થી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પણ પૂરી પાડવામાં આવે છે.

• • •

સંસ્થા દ્વારા ચાલતી **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ એટલે ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની અપાર દયા-કરુણાનું જીવંત નજરાણું.

ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પને સાકાર સ્વરૂપ આપવા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ અત્યાધુનિક સારવાર સાથેની **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલનું નિર્માણ કરાવ્યું. એટલું જ નહિ, હૉસ્પિટલ મૅનેજમૅન્ટ કમિટીને પણ ભલામણ કરતાં આદેશ કર્યો કે, "આ હૉસ્પિટલ કમાવા માટે નથી. સમાજની સર્વશ્રેષ્ઠ સેવા કરવા માટે છે. આપણે ખૂબ જ પ્રામાણિકતાથી દર્દીઓની સેવા કરવાની છે. વળી, અમારી ખાસ અનુજ્ઞા છે કે તમે આવનાર દરેક દર્દીને દર્દી તરીકે ન જોતાં તે સૌમાં અમારાં દર્શન કરજો. દર્દીને તકલીફ પડશે તો અમને તકલીફ પડશે. આ ભાવ સાથે તમે સેવા કરશો તો જ દર્દીને સંતોષ થશે અને તો જ ગુરુદેવ પ.પૂ. બાપજીના અને અમારા હૈયે હાશ થશે."

• • •

ઈ.સ. ૨૦૨૦માં કોરોના મહામારીએ સમગ્ર વિશ્વને ભરખી લીધું હતું. કોરોનાની મહામારીથી બચવા ભારતમાં ચાર તબક્કામાં થયેલા લૉકડાઉનમાં સામાન્ય જન સમાજની દયનીય સ્થિતિ સર્જાઈ હતી. આ સમયે અતિ દયાળુ સ્વરૂપ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ જન સમાજ પરત્વે કેવી કરુણાવર્ષા વહાવી તેનું કિંચિત્ આચમન કરીએ...

"સંતો, આ લૉકડાઉનના સમયમાં સામાન્ય મજૂર વર્ગની રોજીરોટી બંધ હોય તો એ બિચારા શું જમતા હશે ? તેથી તેઓ માટે ગરમ ભોજનની વ્યવસ્થા કરો."

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના વચનને અધ્ધર ઝીલી પૂ. સંતોએ તાત્કાલિક ગરીબ અને પછાત વિસ્તારમાં ભોજન તેમજ ફૂડપૅકેટ વિતરણની વ્યવસ્થા શરૂ કરી. એ જ રીતે અનાજ વિતરણ તેમજ શાકભાજી વિતરણ પણ કરવામાં આવતું. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને એટલેથી સંતોષ ન થતાં એ જ દિવસે રાત્રે લૉકડાઉન વખતની ફૅમિલિ ટાઈમ સભામાં ગુરુજીએ હરિભક્તોને ભલામણ કરી,

"સંસ્થા તો ભોજન વિતરણ સેવા કરી રહી છે પણ સેવાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. ત્યારે સરકાર કે સંસ્થા માટે બધે પહોંચી વળવું શક્ય ના બને તો હરિભક્તો, તમે પણ ભોજન વિતરણની સેવામાં જોડાશો. આજુબાજુના ગરીબ વિસ્તારોમાં જઈ ભોજન પૂરું પાડજો. આ લૉકડાઉનના સમયમાં કોઈ ભૂખ્યું

ના રહેવું જોઈએ. તમે એમના દુઃખમાં ભાગીદાર થઈ તેમને જરૂરિયાત મુજબ વસ્તુ-સામગ્રી આપજો.'' આટલું કહેતાં એ દિવ્યપુરુષનાં નેત્રો સજળ થઈ ગયાં હતાં.

એ અરસામાં દેશ-વિદેશમાં કોરોના મહામારીના કારણે વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. સારી સારી કંપનીઓ પોતાના સ્ટાફના માણસોને છૂટા કરવા માંડી હતી. આવા કપરા કાળમાં પણ દયાના સાગર સમા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સંસ્થાના એચ.આર. વિભાગને આજ્ઞા કરી કે, ''ભલે કોરોનાના સમયમાં સ્ટાફમુક્તો મંદિરો કે કાર્યાલયોમાં સેવામાં આવી શકે તેમ નથી તેમ છતાં કોઈ પણ સ્ટાફમુક્તનો પગાર કાપવાનો નથી. તેમજ તેમને કોઈ જરૂરિયાત હોય તો બધી જ રીતે મદદ કરવી. સંસ્થાના સ્ટાફમુક્તો એ આપણા પરિવારના જ સભ્યો છે. તેમને કોઈ તકલીફ ન પડવી જોઈએ.'' ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની આવી દયા-કરુણાભરી સહાનુભૂતિ જોઈ સંસ્થાના સ્ટાફ સભ્યોનાં હૃદય ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની સ્વજન સમી હૂંફથી ભીંજાઈ ગયાં હતાં.

•••

ઈ.સ. ૨૦૨૧ના એપ્રિલ માસમાં કોરોનાના દ્વિતીય તબક્કામાં રોજ સવારે સૂરજ ગોઝારા સમાચાર સાથે જ ઊગતો, 'આજે આમને કોરોના પૉઝિટિવ આવ્યો તો આજે પેલા ધામમાં ગયા.'

કોરોના મહામારીએ એક હદ વટાવી દીધેલી. હૉસ્પિટલો ઊભરાવા લાગી. મોં માગ્યા પૈસા આપવા છતાં ઑક્સિજનની બૉટલો ન મળતાં દર્દીઓ ટપોટપ મૃત્યુ પામતા હતા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આ પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા હૉસ્પિટલની સેવા સંભાળનાર પૂ. સંતોને બોલાવી પૂછ્યું, ''સ્વામી, આપણી હૉસ્પિટલમાં ઑક્સિજન બૉટલની શું વ્યવસ્થા છે ?''

''ગુરુજી, ઘણા પૈસા આપતાં પણ બૉટલો મળતી નથી. બહુ જ અછત વર્તાય છે. બીજે પણ આ ઑક્સિજન ન મળવાને લીધે...'' પૂ. સંત વાક્ય પૂર્ણ કરે તે પહેલાં જ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, ''તેને લીધે દર્દી ધામમાં જાય છે એવું જ ને..?''

''હા ગુરુજી, એવું જ બને છે. શું કરવું ? તે કાંઈ સમજાતું નથી. આપણે તો ગમે તેમ કરી ઑક્સિજન પૂરો પાડીએ છીએ પણ પહોંચી વળતા નથી.''

''આપણી હૉસ્પિટલમાં એવી કોઈ વ્યવસ્થા ન થઈ શકે કે આપણે ઑક્સિજન ઉત્પન્ન કરી શકીએ ?''

''ગુરુજી, એવું બની શકે પણ ઑક્સિજન પ્લાન્ટ સેટ કરવાના આશરે ૬૦થી ૭૦ લાખ રૂપિયા થાય. એ તો હાલ આપણા માટે શક્ય જ નથી. વળી, કોરોનાની લહેર જતાં આપણા માટે આ પ્લાન્ટ નકામો થઈ પડે.''

''સ્વામી, જે કરવું પડે તે કરો. ઑક્સિજન પ્લાન્ટ સેટ કરી દો. જો લોકોના જીવ બચાવી શકીશું તો અનેક પરિવારના આશિષ આપણને મળશે. માટે જલદીથી આ કામ હાથ પર ધરો.''

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાએ હૉસ્પિટલમાં તાત્કાલિક ૬૫ લાખનો ઑક્સિજન પ્લાન્ટ સેટ કરવામાં આવ્યો. જેનાથી હૉસ્પિટલમાં દાખલ થનાર કોરોનાગ્રસ્ત દર્દીઓને બચાવવામાં આવ્યા.

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું ખરું શિષ્યત્વ કેળવ્યું ત્યારે જ કહેવાય જ્યારે આપણે સૌ પણ તેઓની જેમ અજાણ અને અપરિચિત જન જન પ્રત્યે પણ દયા-કરુણા વહાવી ભલાઈનો ગુણ કેળવીએ.


**નિવેદન ફૉર્મ : ૨૦૨૩ (ઘનશ્યામ)**

ઘનશ્યામ માલિકી અને બીજી માહિતી નિવેદન (ફૉર્મ નં-૪, રૂલ-૮)

**પ્રકાશન સ્થળ** : સ્વામિનારાયણ ધામ, કોબા- ગાંધીનગર હાઈવે ગાંધીનગર - ૩૮૨૦૦૭

**પ્રકાશન ક્રમ** : માસિક

**મુદ્રકનું નામ** : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

**પ્રકાશકનું નામ**: સાધુ ભક્તવત્સલદાસ

**તંત્રીનું નામ** : નરેન્દ્ર આર. ત્રિવેદી

**રાષ્ટ્રીયતા** : ભારતીય

**માલિકનું નામ** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**સરનામું** : સ્વામિનારાયણ ધામ, કોબા - ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - ૩૮૨૦૦૭

હું, સાધુ ભક્તવત્સલદાસ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ યોગ્ય છે.

સહી

સાધુ ભક્તવત્સલદાસ

(તા. ૧-૩-૨૦૨૩)




**જેના શ્વાસે શ્વાસે પરહિત પરિભ્રમણ કરે એ જ સત્પુરુષ.**



# અબોલ જીવ સૃષ્ટિ પ્રત્યે દયા

"જેણે રચી ચિત્ર વિચિત્ર સૃષ્ટિ,
જેની કરુણામય દિવ્ય દૃષ્ટિ."

માત્ર માનવ સૃષ્ટિ જ નહિ, સમગ્ર સૃષ્ટિ પર દયાનું અવિરત ઝરણું સ્વયં શ્રીહરિએ જ વહાવ્યું છે. કારણ, શ્રીહરિ દયાનો મહાસાગર છે. જેમાંથી સમગ્ર સજીવ સૃષ્ટિ પર નિતાંત દયા વરસે છે. જેમની દયા-કરુણા પશુ-પક્ષી, વૃક્ષ-વેલીઓ પ્રત્યે પણ ઘણી ઉમદા હતી.

એક વાર વર્ણી વેશે શ્રીહરિ વૈરાગી બાવાઓ ભેળા હતા. ત્યારે વૈરાગી બાવાઓએ વર્ણીને કહ્યું, "તાંદળજાની ભાજી તોડી લાવો." વર્ણીએ કહ્યું, "એ તો અમે નહિ તોડીએ. લીલી ભાજીમાં જીવ હોય." વૈરાગીઓએ તલવાર તાણી તોય વર્ણીએ ભાજી ન તોડી. જેનો ઉલ્લેખ શ્રીહરિએ ગઢડા મધ્યના ૬૦મા વચનામૃતમાં સ્વમુખે કર્યો છે.

ગઢડા પ્રથમના ૬૨મા વચનામૃતમાં પણ શ્રીહરિએ પોતાનો અંતર્ગત અભિપ્રાય જણાવતાં કહ્યું છે કે, "એક કીડી જેવા જીવને દૂભવવો નહીં."

• • •

બાપાશ્રીએ સંવત ૧૯૮૪માં કચ્છમાં છેલ્લો જગન કર્યો હતો. સમગ્ર સત્સંગ સમાજમાંથી સંતો-હરિભક્તો બાપાશ્રીનો લાભ લેવા આવતા હતા. ચૈત્ર સુદ છઠ્ઠને દિવસે બાપાશ્રી પૂજા કરી ઓસરીમાં બિરાજ્યા અને પછી સંતોને કહ્યું, "સંતો, આ અમારો અહિંસામય યજ્ઞ છે. તેમાં કોઈનું મન દુખાય નહિ એવો ખટકો રાખીએ છીએ કેમ જે આપણો અહિંસા ધર્મ છે. સાધુને બીજે ગામ જાવા ટાણે ગાડાં જોડાવવાં તેમાં આવો વિચાર કરવો ખપે. અમારો ઠરાવ એવો જે ક્યાંક જવું હોય ને કોઈ ગાડું જોડે પણ બળદ ઘરડા-દૂબળા હોય તો અમે કાંઈક બાનું કાઢીને જઈએ નહીં. એવા અબોલ જીવને દુઃખ થાય તે કરતાં પગે ચાલીને જવું એ ઠીક ને એમાં મહારાજ રાજી થાય. વળી, અમે આ યજ્ઞમાં હરિભક્તોને પણ કહ્યું છે કે, કોઈનો બળદ માંદો હોય અથવા ઘરડો કે દૂબળો હોય તેને ગાડે જોડવો નહીં. કોઈ એવાને જોડે તેથી તેને પરાણે ચાલવું પડે એટલે એ નિસાસા નાખે તેનું પાપ અમને લાગે. અમે કોઈને દુઃખ દઈએ એવા નથી."

એવી રીતે બાપાશ્રીએ યજ્ઞમાં લાભ લેવા આવેલા સંતો-હરિભક્તોને અબોલ પશુને વિષે દયા-કરુણાના પાઠ શીખવ્યા.

આ દિવ્ય ગુણની પ્રતીતિ વર્તમાનકાળે દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનચરિત્રોમાં સહજ થાય છે. તેઓનું સમગ્ર જીવન એટલે દયા-કરુણાનો અખૂટ ખજાનો. પરંતુ અહીં એ બધાનો સમાવેશ શક્ય નથી. અત્રે તો તેનો એક પરિચય માત્ર છે. જેનું આચમન કરી એ કરુણામય સદ્‌ગુણને સ્વજીવનમાં ચરિતાર્થ કરવાના દૃઢ સંકલ્પી બનીએ.

• • •

દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીનું પૂર્વાશ્રમનું નામ દેવુભાઈ હતું. એક વખત દેવુભાઈ બળદગાડું લઈ ખેતરે જઈ રહ્યા હતા. ખેતરે જવામાં થોડું મોડું થઈ ગયેલું. બળદ ઉતાવળા ન ચાલે એટલે 'હો બાપો' કરતાં હોંકારા દેવા માંડ્યા.

કોઈ વટેમાર્ગુએ કહ્યું, "દેવુભાઈ, આર મારો, આર. એમનમ ઉતાવળા નહિ હાલે."

"ભાઈ, આર મારીએ તો બિચારા અબોલ જીવ દુભાય. આપણો અહિંસા ધર્મ લોપાય." દેવુભાઈના વચનમાં પ્રાણીઓ પ્રત્યેના પ્રેમ અને દયાનાં દર્શન થતાં વટેમાર્ગુ આભા જ બની ગયા. આમ, દેવુભાઈની પોતા પ્રત્યેની દયાનાં દર્શન કરી એ બળદ પણ નતમસ્તક થઈ ગયો હશે !

• • •

દેવુભાઈ ચણાના દાણા લઈ આંગણામાં વેરતા હતા. ત્યારે કોઈએ કહ્યું, "દેવુભાઈ, આ શું કરો છો ?" "આ ચકલી, કબૂતર, કાબર બધાં પક્ષીઓ માટે ચણ નાખું છું. એ બિચારા ક્યાં જાય ?" એમ પ્રત્યુત્તર આપતાં પાણીનું શીકું ભરી દીધું. વળી સ્વગત બોલ્યા, 'બિચારાં પંખીડાં, આ ટાઢું પાણી પીશે અને એમના કોઠા ઠરશે.'

બાલ્યાવસ્થામાં નાની ઉંમરમાં દેવુભાઈની આવી દયાળુ પ્રકૃતિ જોઈ ગામલોકોને દયા-કરુણાનો સર્વોત્તમ પાઠ શીખવા મળતો.

• • •

ઈ.સ. ૨૦૦૧માં સમગ્ર ગુજરાત રાજ્યમાં દુષ્કાળે ભરડો લીધો હતો. જેમાં અનેક મનુષ્ય તથા અબોલ પ્રાણીઓ તેનો



પ્રેમાળ હૈયે જ દયાનો દિવો પ્રગટેલો હોય છે.

ભોગ બન્યાં હતાં. સમગ્ર સજીવ સૃષ્ટિ રોજીરોટી માટે આકુળ-વ્યાકુળ બની ગઈ હતી. અતિ દયાળુ સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજીએ અબોલ પશુઓના રડતા હૈયાને સાંત્વના આપવા પૂ. સંતો તથા કાર્યકરોને વાત કરી કે, "માણસો તો મજૂરી કરી, સ્થળાંતર કરીને પણ દુકાળ પાર પાડી શકે પણ બિચારા અબોલ પ્રાણીઓનું શું ? આવા સમયે મૂંગા પ્રાણીઓનો આધાર બની શક્ય તેટલું જીવતદાન આપવું એ આપણો માનવ ધર્મ છે. તે માટે સંસ્થા દ્વારા કૅટલ કૅમ્પનું આયોજન થવું જોઈએ."

"બાપજી, આપણી સંસ્થા માટે તેનો આર્થિક ખર્ચો પરવડે તેમ નથી."

"સંતો, આ તો પરોપકારની સેવા છે. મહારાજની કૃપાથી અને સંતો-ભક્તોના સહયોગથી જરૂર પાર પડશે એવો અમને સંપૂર્ણ વિશ્વાસ છે."

અતિ દયાળુ સ્વભાવી ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં સ્વામિનારાયણ ધામની પવિત્ર ભૂમિ પરથી તા. ૧૨-૪-૨૦૦૧ ને ગુરુવારથી ઘાસ વિતરણ અને દાણ વિતરણ શરૂ થયું.

દાહોદ અને પંચમહાલ જિલ્લો, સાબરકાંઠા જિલ્લો તેમજ અન્ય વિવિધ વિસ્તારોમાં મળીને અંદાજિત ૧૨૦ ગામોમાં ૬૯૭૧ પશુઓને વિના મૂલ્યે ઘાસ તથા દાણનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં ૨,૩૨,૧૭૫ કિલો ઘાસ અને ૧,૯૪,૦૦૦ કિલો દાણનું વિતરણ કરી પશુઓને નવું જીવતદાન આપી ગુરુદેવ પ.પૂ. બાપજીએ અબોલ જીવો પર બહુ મોટી કરુણા વહાવી હતી. આ પછી પણ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગોધર, પંચમહાલ ખાતે અવારનવાર કૅટલ કૅમ્પ કરાવી, 'આ ઘાસ-દાણ જમનારા સૌ અક્ષરધામના અધિકારી થાય એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.' આવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અબોલ પશુઓના ચૈતન્યની સંભાળ રાખનાર દયાળુમૂર્તિ ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન !!

•••

ઈ.સ. ૨૦૦૮માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ બાયપાસની મંદવાડ લીલા ગ્રહણ કરી હતી. અમદાવાદની ક્રિષ્ના હાર્ટ હૉસ્પિટલમાં ગુરુદેવ ઑપરેશન બાદ આરામ કરતા હતા. બીજા દિવસે ગુરુદેવ પાસે વ્હાલા ગુરુજી બિરાજ્યા હતા. એ સમયે કેટલાંક કબૂતર રૂમની બારી પર આવીને બેઠાં હતાં. ગુરુદેવની કરુણા દૃષ્ટિ કબૂતર પર હતી. તેઓ કબૂતરને અપલક નજરે જોઈ રહ્યા હતા. ગુરુજી આ દૃશ્ય જોઈ બોલ્યા, "બાપજી, શું જુઓ છો ?"

"સ્વામી, અમને આ અબોલ જીવડાને જોઈ વિચાર આવે છે કે બિચારાનો મોક્ષનો વારો ક્યારે આવે ?"

"બાપજી, આપને ઘેર ક્યાં ખોટ છે ? એનું રૂડું કરો."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ આશીર્વાદ આપતાં કહ્યું, "જેમ સૂરજબાએ મહારાજને પ્રાર્થના કરી એટલે મહારાજે કહ્યું કે, આ બધાં કબૂતર કચ્છમાં કણબી થશે. તેમ અત્યારે વાપી, વલસાડ, નવસારી, સુરત, મુંબઈ આ બધેય કારણ સત્સંગનાં કેન્દ્રોની જરૂરી છે. માટે આ બધાંય કબૂતર એ વિસ્તારોમાં કારણ સત્સંગમાં જન્મ લઈ મહારાજના સિદ્ધાંતો પ્રવર્તાવશે."

અનંત જન્મનાં ખોટનાં ખાતાં વાળી દયાળુમૂર્તિ ગુરુદેવ પ.પૂ. બાપજીએ કબૂતરો પર કરુણાની રેલમછેલ વહાવી દીધી.

•••

તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ હિંમતનગર ખાતે 'વચનામૃત કુટિર' ફ્લૅટમાં સત્સંગી હરિભક્ત નવનીતભાઈ પટેલના ઘરે ગુરુજી પધરામણીએ પધાર્યા હતા. ફ્લૅટના માલિક જગદીશભાઈ પટેલે આવી ગુરુજીને પ્રાર્થના કરી, "સ્વામી, મારી ઑફિસે ઠાકોરજીની પધરામણી કરો ને !" તેમની પ્રાર્થના સ્વીકારી ગુરુજી તેમની ઑફિસ પર પધાર્યા. એ વખતે એક કાચબો ગુરુજીનાં દર્શન કરવા પાછળ આવતો હતો. સંતો-હરિભક્તોને નવાઈ લાગી. ગુરુજીને અડી ન જાય તે માટે બધા હાથના ઈશારાથી તેને દૂર હાંકવા લાગ્યા.

"જગદીશભાઈ, આ કાચબો અહીં ક્યાંથી ?" ગુરુજીએ પૂછ્યું.

"સ્વામી, આ સ્કીમ શરૂ કરી ત્યારથી અહીં આવીને વસ્યો છે."

કરુણામૂર્તિ ગુરુજી બોલ્યા, "સંતો-હરિભક્તો, એને તગેડશો નહીં. એ બિચારો ઠાકોરજીનાં દર્શન કરી પોતાનું પૂરું કરવા આવ્યો છે. માટે એને આવવા દો. જાવ, થોડું પાણી લઈ આવો. એને વર્તમાન ધરાવીએ."

હરિભક્તો પાણી લાવ્યા. તેને મહારાજની પ્રસાદીનું કરી કાચબા પર જળ છંટકાવ કરી વર્તમાન ધરાવ્યાં.

"જા, તારું પૂરું." ગુરુજીનાં આશીર્વચન સાંભળી દિવ્ય અંજલિના છંટકાવનો સ્પર્શ પામી કાચબો ધન્યતા અનુભવતો ત્યાં જ મસ્તક નમાવી જાણે બેસી ગયો હોય એવા સૌ કાઈને દર્શન થયાં હતાં.

•••

એક વખત ગુરુજી સત્સંગ વિચરણાર્થે વિજાપુર પધારેલા. રબારી વાસમાં પધરામણી હતી. રસ્તામાં કેટલીક ગાયો સૂતી હતી. ગાડી ચલાવવાની સેવા કરનાર હરિભક્ત અર્પણભાઈએ બે-ચાર હૉર્ન માર્યા પરંતુ ગાયો ઊભી ન થઈ.

"સ્વામી, હું એને નીચે ઊતરી જરા ઢંઢોળું તો જ એ ઊઠશે; નહિતર નહિ મેળ પડે." કહી અર્પણભાઈ નીચે ઊતરવા ગયા.

ગુરુજીએ કહ્યું, "ઊભા રહો. આપણે જે ઘરે જવું છે તે ઘર કેટલે દૂર છે?"

"સામે દેખાય છે એ. સો એક ડગલાં હશે."

"ભાઈ, આપણા સ્વાર્થ માટે થઈ એને ઉઠાડાય નહીં. એ અબોલ જીવનો નિસાસો અમારે નથી લેવો. સૂતેલાને જગાડવા એ મહાપાપ કહેવાય. આપણે સો ડગલાં ચાલતા જતા રહીએ."

"ગુરુજી, આપ ચાલતા પધારશો ? અહીં બહુ છાણ-ગારો છે."

"હા, એમાં શું વાંધો છે ? ચાલવું પોષાય પણ અબોલ પ્રાણી દુભાય, એનો નિસાસો લાગે તે ન પોષાય." કહેતાં ગુરુજી ગાડીમાંથી નીચે ઊતરી ચાલવા લાગ્યા.

જેના હૈયામાં સમગ્ર જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે સાચો પ્રેમ હોય તેના હૈયેથી જ આવી અકલ્પનીય દયા-કરુણાની ગંગોત્રી વહી શકે !!

•••

એક સેન્ટર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી શોભાયાત્રામાં પધારવાના હતા. બગી શણગારેલી ઘોડાગાડી આવી. પૂ. સંતોએ ગુરુજીને પ્રાર્થના કરી, "દયાળુ, આ ઘોડાગાડીવાળી બગી પર મહાપ્રભુ સાથે આપ બિરાજમાન થાવ."

ઘોડાગાડી તરફ નજર કરી ગુરુજી બોલ્યા, "સંતો, આ બગી પર નહિ બેસાય. પેલી ગાડીવાળી બગી છે તેમાં બેસીશું."

"પરંતુ ગુરુજી, આપના માટે આ ઘોડાવાળી બગી છે. એમાં બિરાજો ને !"

"સંતો ! જુઓ, આ ઘોડાના પગે કપડું બાંધેલું છે. એને કાંઈક ઈજા થઈ લાગે છે. અમે એના પર બેસીએ તો તેને બિચારાને પરાણે ચાલવું પડે. એ દુખાય-દુભાય તો અમારો અહિંસા ધર્મ લોપાય. માટે બગીવાળાને કહો, ઘોડાગાડી પાછી લઈ જાય."

ઘોડાવાળાએ કહ્યું, "સ્વામી, કંઈ નહિ થાય. ઘોડા ચાલે જ છે."

ત્યારે દયાળુમૂર્તિ ગુરુજીએ કહ્યું, "બગીવાળાને જે પૈસા થતા હોય તે આપી દો પરંતુ આ ઘોડાગાડીવાળી બગી પર તો નહિ જ બેસીએ."

ગુરુજીની અબોલ પ્રાણી પ્રત્યેની સંવેદનશીલતાની ઉચ્ચકોટિની ચરમસીમાની અનુભૂતિ થતાં ઘોડાગાડીવાળા ભાઈ તથા પૂ. સંતો ગુરુજીના કરુણા હૃદયને વંદી રહ્યા !

•••

ઈ.સ. ૨૦૨૩ના જાન્યુઆરી માસમાં ઉત્તરાયણ પર્વ બાદ અમદાવાદના એક કિશોરનો ગુરુજી પર ઇ-મેઇલ આવ્યો.

"ગુરુજી, રાજી રહેજો. જય સ્વામિનારાયણ. હાલ પતંગની એવી ચાઈનીઝ દોરીઓ નીકળી છે કે જેના દ્વારા પતંગ ચગાવવામાં અસંખ્યાત પક્ષીઓનો વધ થઈ રહ્યો છે. આ વર્ષે પણ એવું જ કંઈક બન્યું છે. માટે સર્વે પક્ષીઓનું પૂરું કરજો."

આ મેઈલ વાંચી ગુરુજીનું હૃદય દ્રવી ઊઠ્યું.

તા. ૭-૨-૨૦૨૩ ને મંગળવારના રોજ સ્વામિનારાયણ ધામ ખાતે ગાંધીનગર ઝોનની ઝોનલ શિબિર હતી. તેમાં 'દયા-કરુણા' વિષય પર લાભ આપતાં ગુરુજી બોલ્યા, "કેટલા કિશોરો-યુવકો પતંગ ચગાવવાના શોખીન છો ? હમણાં મારા પર એક કિશોરનો મેઈલ આવ્યો હતો. તેણે કહેલું કે, આજની ચાઇનીઝ પતંગની દોરીથી અસંખ્યાત પક્ષીઓ મૃત્યુ પામે છે.

યુવાનો ! આપણા એક શોખ ખાતર થઈ કેટલાંય પક્ષીઓ મૃત્યુ પામે. કેટલાંય બાળપક્ષી માબાપ વગરનાં અનાથ થઈ ટળવળે. કેટલાંય માબાપ પક્ષી બાળકો વિનાનાં થઈ જાય તો એમની શું દશા થાય ? જો આપણામાં દયા-કરુણા હોય તો એવા કિશોરો-યુવાનોને વિનંતી કરું છું કે આપણો શોખ છોડી દેવો જોઈએ."

પક્ષી જગત પ્રત્યેની અનુકંપા અને લાગણીયુક્ત ગુરુજીની



વેરવૃત્તિને તોડવાનું અમોઘ શસ્ત્ર એટલે દયા.


હૃદયદ્રાવક વાણી સાંભળી સમગ્ર સભાજનોની આંખમાં સહાનુભૂતિનાં ઝળઝળિયાં આવી ગયાં હતાં અને પોતાના શોખને છોડવા તૈયાર થયા હતા.

•••

ઈ.સ. ૨૦૦૧માં સેક્ટર-૬ ખાતે ચાલી રહેલ સાધક તાલીમ કેન્દ્રના સાધકમુક્તોને લઈ ગુરુજી સૌરાષ્ટ્ર વિચરણાર્થે પધાર્યા હતા. ભાવનગર ખાતે વિચરણ કરી સાધકમુક્તોને રાજી કરવા ગુરુજીએ ચોરવાડના દરિયામાં સ્નાન માટે જવાનો સંકલ્પ જણાવ્યો.

રસ્તામાં એક ભાઈને દરિયાનો રસ્તો પૂછ્યો. તેમણે કહ્યું, ‘‘સ્વામીજી, એ ગાંડો દરિયો છે. ત્યાં કોઈ જતું નથી. છતાં આપ કહો છો તો આ બાજુ વળો, આગળ દરિયો આવશે.’’ દરિયાકિનારે પહોંચ્યા ત્યારે ખરેખર દરિયો ખૂબ તોફાને ચડેલો હતો. ગાડીમાંથી નીચે ઊતરી ગુરુજી દરિયા તરફ ધીરા ડગલે ચાલવા લાગ્યા. ત્યારે કોઈ હરિભક્તે કહ્યું, ‘‘ગુરુજી, બહુ આગળ નહિ જવાય. બહુ ગાંડો દરિયો છે. પાણીની એક થાપટે અંદર ખેંચી જાય એવો તોફાની છે.’’ છતાં ગુરુજી આગળ ચાલ્યા. ત્યાં દરિયો પાંચ ડગલાં પાછળ જતો રહ્યો. ગુરુજી ફરી પાંચ ડગલાં આગળ વધ્યા. ત્યાં દરિયો બીજા પાંચ ડગલાં પાછળ જતો રહ્યો. ગુરુજીનાં દર્શન કરી દરિયો ગાંડપણ છોડી શાંત-સ્થિર બની ગયો હતો પરંતુ ગુરુજીના ચરણસ્પર્શ કરી શકતો ન હતો. ગુરુજીએ કહ્યું, ‘‘સંતો-સાધકો, આ દરિયો અમારા ચરણસ્પર્શ નથી કરી શકતો તેનું રહસ્ય ખબર છે ? પહેલાં આમાં સ્નાન કરી લો, પછી તમને રહસ્ય જણાવું. નહિતર તમે આમાં સ્નાન નહિ કરો.’’ એમ કહી ગુરુજીએ પ્રથમ સૌને સ્નાન કરાવ્યું. ત્યારબાદ રહસ્ય જણાવતાં કહ્યું, ‘‘આ દરિયામાં જે જીવ છે તે ખૂબ પાપી અને અપરાધી હતો. આજે એનાં પાપ ધોવા જ અમે આવ્યા છીએ. મનુષ્યનો તો કલ્યાણનો વારો આવે પણ આવા જીવોના કલ્યાણનું શું ?’’ જડવત્ રહેલા જીવને પણ પાપથી નિર્મૂળ કરી પવિત્રતા બક્ષવાની સદ્ભાવના ગુરુજીમાં નિહાળી ઉપસ્થિત સૌના હૈયે સજીવ સૃષ્ટિ પ્રત્યેની દયા-કરુણા દાખવવાની ચિનગારી પ્રગટી હતી.

ખરેખર ! સમગ્ર સજીવ સૃષ્ટિ પ્રત્યેનો ગુરુદેવ અને ગુરુજીનો સ્નેહ, મમતા અને કરુણા સઘળી માનવજાત માટે અનુકરણીય ઉદાહરણ છે.





# આત્માની દયા

દારૂના પીઠામાં કોઈ સજ્જન વ્યક્તિ ન આવે તેમ સ્વયં શ્રીહરિ તથા શ્રીહરિની મૂર્તિમાં રમમાણ કરતા દિવ્ય સત્પુરુષો આ દારૂના પીઠા સમ બ્રહ્માંડમાં ક્યાંથી હોય ?? જગતમાં કોઈને સત્તાનો કેફ ચડ્યો હોય છે તો કોઈને સંપત્તિનો; કોઈને પંચવિષયનું વ્યસન થઈ ગયું છે તો કોઈ રૂપ અને ગુણ પાછળ ઘેલા હોય છે. તેવાને મૂર્તિનો કેફ ચડાવવા કહેતાં અનાદિકાળથી દેહભાવે યુક્ત ચૈતન્યને શુદ્ધ પુરુષોત્તમરૂપ પાત્ર કરી મૂર્તિસુખનો અધિકારી કરવા શ્રીજીમહારાજ તથા એમના દિવ્ય સત્પુરુષો આ બ્રહ્માંડને વિષે પધારે એ જ જીવો પરની એમની સૌથી મોટી દયા છે.

સ્વયં શ્રીહરિએ પોતાના જોગમાં આવનાર મનુષ્ય તથા જીવ-પ્રાણીમાત્રને પણ પોતાના ધામની પ્રાપ્તિ કરાવી છે.

શ્રીહરિ એક વખત સરધાર પધાર્યા. સરધારમાં દરબાર તોંગાજી અને વીરાજીએ મહારાજનું ખૂબ ભાવભર્યું સ્વાગત કર્યું. તે સમયે સરધારના વણિક હરિભક્તો કમળશીભાઈ તથા ગોરધનભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી, “દયાળુ, આપ ગરીબનિવાજ છો તો દયા કરી આ વખતે અમ ગરીબ વાણિયાને ઘેર પધારો. અમને આપની સેવાનો લાભ લેવા દ્યો.”

શ્રીહરિ તેમના ભાવને વશ થઈ તેઓના ઘેર પધાર્યા.

બંને ભાઈઓએ શ્રીહરિની ખૂબ સારી સરભરા કરી જમાડ્યા. બપોર થતાં પોતાના માતુશ્રીને કહ્યું, “મા, અમે દુકાને જઈએ છીએ. તું મહારાજને સારો પલંગ બિછાવી દેજે.” તેઓનાં માતુશ્રી બિનસત્સંગી. વળી, શ્રીહરિ પરત્વે કોઈ ભાવ નહીં. તેથી શ્રીહરિને પોઢવા માંકડથી ભરેલો ખાટલો પાથરી આપ્યો. શ્રીહરિ ખાટલામાં પોઢ્યા અને માંકડ કરડવા લાગ્યા. તેથી શ્રીહરિ ઝબકીને જાગી ગયા અને તુરત ખાટલાનો ત્યાગ કરી પૃથ્વીએ બિરાજ્યા.

એ જ સમયે બંને ભાઈઓ ગોરધનભાઈ તથા કમળશીભાઈ ઘેર આવ્યા. શ્રીહરિને પૃથ્વી પર પોઢેલા જોઈ પૂછ્યું,

“મહારાજ, આ ખાટલો ઢાળ્યો છે તેના પર પોઢોને.”

ત્યારે શ્રીહરિએ કહ્યું, “તારી માને પૂછ. આ માંકડથી ભરેલો ખાટલો છે; તેમાં કેમ સુવાય ?”

ત્યારે અંદરથી ડોસીમા બોલ્યાં, “એ તો તારા સ્વામિનારાયણ ભગવાન છે તે આપણા ઘરના માંકડનો મોક્ષ કરશે એમ જાણી માંકડવાળો ખાટલો પાથરી આપ્યો.”

એટલામાં તો ડોસીમાને સમાધિ થઈ ને મોક્ષ માર્ગ દેખાયો. ત્યાંથી અનંત વિમાન આવી એક એક વિમાનમાં એક એક માંકડને બેસાડીને લઈ જતા દીઠા.

•••

જેમ શ્રીહરિએ આવા અલ્પ જીવો પર પણ કેવળ દયા કરી છે તેમ જીવનપ્રાણ અબજીબાપાશ્રી પણ દૃષ્ટિએ ચડે તેના ચૈતન્યને ધામની પ્રાપ્તિ કરાવવારૂપ દયા-કરુણા વહાવતા.

એક વખત બાપાશ્રી વાડીમાં ઝાડ નીચે ધ્યાન કરતા હતા. તેવામાં બાપાશ્રી સામું જોઈને એક મોટો નાગ ફેણ ઊંચી કરી ફૂંફાડા મારવા લાગ્યો. બાપાશ્રી ધ્યાન કરી જાગ્યા અને નાગને કહેવા લાગ્યા : “આમ હજુ કેટલા દિવસ દુખિયા રહેવું છે ?” એ વખતે કાનજી ભક્ત આ ઘટના સાદૃશ્ય નિહાળતાં બાપાશ્રીને પ્રાર્થના કરવા લાગ્યા જે, “બાપા, આને ધામમાં મૂકી દો ને !” ત્યારે બાપાશ્રીએ કહ્યું, “આ તો પૂર્વે મોટા રાજા હતા. તે કુકર્મોએ આવો દેહ પામ્યા છે તે એમનેમ કેમ જાય ?” આમ વાતો કરે છે ત્યાં તો નાગ તુરત ચાલવા લાગ્યો. આગળ જતાં કોઈકે તેને લાકડી મારી તેથી નાગ તરફડવા માંડ્યો. તુરત બાપાશ્રીએ તેની પાસે જઈ વર્તમાન ધરાવ્યાં ને આશીર્વાદ આપ્યા જે, “જાઓ, હવે તમારું પૂરું થયું.” ત્યારે કાનજી ભક્તે કહ્યું, “બાપા, આટલી જ વાર ? એને ક્યાં મૂક્યો ?” “અમે તેનો મોક્ષ કરી મૂર્તિધામમાં મૂકી દીધો.”

આમ, બાપાશ્રી પણ પોતાના જોગમાં આવનારના ચૈતન્યની મોક્ષસંબંધી દયા-કરુણા વહાવતા.

•••

વર્તમાનકાળે ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની તમામ સેવા-પ્રવૃત્તિ, વિચરણ, પ્રતિષ્ઠા પ્રસંગો, ઉત્સવ-સમૈયાઓ, ગોષ્ઠિ, સભાઓ કે ધ્યાન-પ્રાર્થના આદિક તમામનું કેન્દ્રસ્થાન એક જ રહ્યું છે : ચૈતન્ય પરની કરુણાવર્ષા.

કારણ સત્સંગના રંગે રંગાયેલું કલોલ તાલુકાનું લાંઘણજ ગામ. જ્યાં વર્ષો પૂર્વે ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી હરિભક્તોની કથાવાર્તાની પ્યાસ બુઝાવવા વર્ષમાં એક વખત પધારતા.

એક વખત નિત્યક્રમ મુજબ સવારના ૪:૩૦ વાગ્યે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કથાવાર્તાની જય બોલાવી. બંને દિવ્યપુરુષો પ્રાતઃ ક્રિયાથી પરવારી ૬ વાગ્યે મંગળા આરતી બાદ અમદાવાદ ભણી પ્રયાણ કરવા ગાડીમાં બિરાજમાન થયા. ત્યારે જ એક હરિભક્ત હાંફળા-ફાંફળા દોડતાં ગાડી નજીક

આવતા હતા.

"બાપજી, સ્વામી... ઊભા રહો, ઊભા રહો."

ગુરુદેવ પ.પૂ. બાપજી ગાડીની ફ્રન્ટલાઈટ બંધ કરાવી, હાથનું નેજવું કરી હરિભક્ત સામું જોઈ રહ્યા.

"અરે, આ તો પહેલાદજી (પ્રહ્‌લાદભાઈ)."

"બાપજી, બારીનો કાચ ખોલો ને."

"પહેલાદજી, હમણાં તો તમે સભા પૂરી કરી ઘરે ગયા હતા. અત્યારે શું કામ પડ્યું તો દોડતાં દોડતાં આવ્યા?"

"દયાળુ, હું સભા બાદ ઘેર પહોંચી સ્નાનાદિક ક્રિયા કરતો હતો ત્યારે મારા બાપુજીએ બૂમાબૂમ કરી મૂકી, 'અલ્યા પ્રહ્‌લાદ, બાપજી જતા રહેશે. તું જલદી જા, બાપજીને કહે હવે મારે આ લોકમાં રહેવું નથી. મારી મૂર્તિધામની ટિકિટ ફાડી આપો.' આમ, બાપુજીએ ખૂબ રડીને પ્રાર્થના કરી છે. આપ એમની પ્રાર્થના સ્વીકારો." પ્રહ્‌લાદભાઈની પ્રાર્થના સાંભળી ગુરુદેવ પ.પૂ. બાપજીએ નેત્ર બંધ કરી દીધાં. થોડી વારે ગંભીર મુખમુદ્રાએ બોલ્યા, "પહેલાદજી, હજુ તમારા બાપુજીની ઘણી આયુષ્ય છે."

ત્યારે ખૂબ વિનવણી કરતાં પ્રહ્‌લાદભાઈ બોલ્યા,

"દયાળુ, હવે બાપુજીને આ લોકમાં કોઈ રસ રહ્યો નથી. આપ તો અતિ સમર્થ છો. માટે દયાળુ, એમની આયુષ્ય પૂર્ણ કરીને મૂર્તિસુખમાં પહોંચાડી દો એવી પ્રાર્થના છે."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, "સ્વામી, આજે આપણે મગનભાઈની ટિકિટ ફાડીને જવાનું છે." એમ કહી ગાડીમાંથી નીચે ઊતરી ગયા અને પ્રહ્‌લાદભાઈને કહ્યું, "તમારે ઘેર ગાયો-ભેંસો હોય તો શેર (૫૦૦ ગ્રામ) દૂધ અને મોરસ (ખાંડ) લેતા આવો."

પ્રહ્‌લાદભાઈ હરખાતા હૈયે ઘરેથી દૂધ તથા મોરસ લઈ આવ્યા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ દૂધ ગાળીને ગળ્યું દૂધ બનાવી હરિકૃષ્ણ મહારાજને ધરાવ્યું. જેઓ જીવનમાં કદી પ્રાતઃ સમયે કંઈ જ ગ્રહણ નહોતા કરતા પરંતુ મગનબાપાના ચૈતન્યને સુખમાં મૂકવા બંને દિવ્યપુરુષોએ પત્તરમાં થોડું દૂધ ગ્રહણ કર્યું. ત્યારબાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સૌને બેસાડી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવી આશીર્વાદ આપ્યા :

"પહેલાદજી, મગનબાપાને કહેજો કે અમે જઈએ છીએ આમ (અમદાવાદ) અને મગનબાપા જશે આમ (મૂર્તિસુખમાં)."

આત્યંતિક કલ્યાણની કૃપાવર્ષા વહાવી ગુરુદેવ પ.પૂ. બાપજીની ગાડી કલોલ તરફ આગળ વધી. લાંઘણજ હજુ પંદર કિલોમીટર દૂર થયું હશે ત્યાં તો મહારાજ મગનભાઈને ધામમાં તેડી ગયા.

કેવી દયા કે ગુરુદેવ પ.પૂ. બાપજીને એક પ્રાર્થના કરવાથી સાજા સમ મગનદાદાના ચૈતન્યને એક જ કલાકમાં મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દર્શન આપી મૂર્તિના સુખમાં લઈ ગયા !

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીએ એક દિવસ સેવક સંતને કહ્યું, "કાલે સવારે વહેલા પાંચ વાગે ગાડી બોલાવી લેજો."

"દયાળુ, આપણે કયા ગામે વિચરણમાં જવાનું છે ? આપણા આયોજનમાં તો કાલે કંઈ ફાળવ્યું નથી. વળી, કોઈ સેન્ટરના સંતોને પણ કંઈ જાણ નથી કરી." સેવક સંતે વિનય વચને ગુરુદેવ પ.પૂ. બાપજીને પૂછ્યું.

"તમે સવારે વહેલા ગાડી તૈયાર રાખશો. સવારે જણાવીશું."

બીજા દિવસે સવારે મંગળા આરતી પછી સૌ મુક્તો ગાડીમાં ગોઠવાયા. ગુરુદેવ પ.પૂ. બાપજી પણ બિરાજમાન થયા અને કહ્યું, "વિસનગર બાજુ ગાડી લઈ લો."

"બાપજી, દયાળુ ! એ બાજુ તો આપણું કોઈ મંદિર નથી કે કોઈ હરિભક્તનું ઘરેય નથી. તો આપણે ક્યાં જવાનું છે ?" સેવક સંતે પૂછ્યું.

"આજે આપણે અનંત મુમુક્ષુઓની આત્યંતિક કલ્યાણની યાત્રાનો પ્રારંભ કરવા જવાનું છે."

"દયાળુ, કંઈ સમજાયું નહીં."

"નજીકમાં પરોક્ષની મોટી પૂનમ આવે છે. દર વર્ષે આ અરસામાં અનેક શ્રદ્ધાળુઓ પગપાળા યાત્રાએ જતા હોય છે. એ ભલે સ્વામિનારાયણ ભગવાનને ઓળખતા નથી પણ મુમુક્ષુ છે ને એટલે તેઓનાં આત્યંતિક કલ્યાણ કરવા અને સંકલ્પોનાં વાવેતર કરવા માટે હરિકૃષ્ણ મહારાજ સાથે આપણે જવાનું છે."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સવારથી સાંજ સુધી રસ્તે ચાલતા પદયાત્રીઓને કંઠી પહેરાવી, પ્રસાદી આપી આશીર્વાદ આપ્યા. આમ, દિવ્યદૃષ્ટિથી સૌનું સેવન કરી સંકલ્પોનું વાવેતર કર્યું.

સાંજે પાછા વાસણા આવતી વખતે ગુરુદેવે પ્રસન્ન થઈ સાથેના સંતો-હરિભક્તોને કહ્યું કે,

"કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાનો મહારાજનો સંકલ્પ પ્રબળ છે. 'હજુ જોજો તો ખરા...' અમે જે આ સંકલ્પો કરીએ છીએ તે બધાય પદયાત્રીઓ ભવિષ્યમાં કારણ સત્સંગમાં આવશે. જરૂરાજરૂર આવશે. શ્રીજીમહારાજના સ્વરૂપને

ઓળખી અનાદિમુક્તની સ્થિતિ પામશે. મહારાજ આ સંકલ્પોને ભવિષ્યમાં જરૂર ફળીભૂત કરશે.''

આવું તો એક વખત નહિ, પછી તો દર વર્ષે વિસનગર બાજુ અને ડાકોર બાજુ ગુરુદેવ પ.પૂ. બાપજી આત્માની કલ્યાણયાત્રા માંડતા.

•••

''સંતો, આજે ઝોનલ શિબિરમાં અહીંના બધા હરિભક્તોનાં દર્શન થયાં પરંતુ આપણા આગેવાન હરિભક્તનાં દર્શન ન થયાં. ક્યાંય બહારગામ ગયા છે કે શું ?'' ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી એક સેન્ટરમાં ઝોનલ શિબિર અન્વયે પધાર્યા ત્યારે પૂ. સંતોને પૂછ્યું. પૂ. સંતે વાસ્તવિકતા જણાવતાં કહ્યું.

''દયાળુ, એ ભગત મંદિરમાં ખૂબ ઘરધણી થઈને સેવા કરતા હતા પરંતુ સેવાકીય બાબતોમાં હરિભક્તો સાથે ઘર્ષણ થતાં થોડું મન છેટું થઈ ગયું. તેથી મંદિરે આવતા બંધ થઈ ગયા છે.''

''કેટલા સમયથી મંદિરે આવતા નથી ?''

''બે મહિનાથી.''

''આપણે કોઈ પ્રયત્ન કર્યો કે નહીં ?''

''હા દયાળુ, અમે સંતોએ ઘણી વખત ફોન કર્યા છે, રૂબરૂ ઘરે જઈને માફી પણ માગી આવ્યા છીએ. 'હા, હવેથી આવીશ.' એવું પણ કહે છે છતાં આવતા નથી.''

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સ્વયં એ હરિભક્તને ફોન કર્યો પણ તેમણે ફોન ન ઉપાડ્યો. ઝોનલ શિબિરના વ્યસ્ત કાર્યક્રમમાં પણ ગુરુજીની આજ્ઞાથી પૂ. સંતોએ હરિભક્તો દ્વારા તેઓના શો-રૂમ (દુકાન) પર ગુરુજીની પધરામણી ગોઠવાવી.

પધરામણીએ પધારતાં રસ્તામાં પૂ. સંતોએ ગુરુજીને પ્રાર્થના કરતાં પૂછ્યું,

''દયાળુ, ભૂલ અમારી સંતો-હરિભક્તોની છે તો અમે માફી માગીએ એ વાત બરાબર છે. પણ આપ એક હરિભક્ત માટે કેમ આટલો દાખડો કરો છો ?'' ''સંતો, આટલા હરિભક્તોમાં એક હરિભક્ત મંદિરે આવતા બંધ થઈ જાય તેનાથી આપણને કોઈ ફરક ન પડે પણ આવો કારણ સત્સંગ છૂટી જાય તો એ બિચારા જીવના મોક્ષનું શું ? એ માટે દાખડો કરીએ છીએ.'' તેમની દુકાન આવતાં ગાડીમાંથી ઊતરી તરત ગુરુજીએ બે હસ્ત જોડી માફી માગતાં કહ્યું, ''મારા સાધુની કે મારા હરિભક્તની કે અમારી કોઈ સિસ્ટમની ભૂલ થઈ હોય તો હું એ બધા વતી આપની માફી માગું છું. પણ આપ આ સત્સંગ ન છોડશો. આ ગુરુદેવ પ.પૂ. બાપજીને ન છોડશો. હું એક જ આગ્રહ રાખું છું કે આપ એક વાર મંદિરે દર્શન કરવા તથા સત્સંગ કરવા પધારો. આપ કોઈ સેવા-જવાબદારી નહિ નિભાવો તો ચાલશે પણ સત્સંગ ન છોડશો.''

આટલું કહી ગુરુજીએ તેમના ચરણસ્પર્શ કરી માફી માગી.

આહાહાહા... જેના ચરણનો સ્પર્શ અનંતાનંત મુમુક્ષુઓ ઝંખે છે એવા દિવ્યપુરુષની કેટલી વિશાળતા કે અલ્પ જીવને મોક્ષના માર્ગેથી પડી જતો બચાવવા વિના અપરાધે તેના ચરણનો સ્પર્શ કરી માફી માગે ! આ માત્ર દયા જ નહિ, દયાનો દરિયો રેલાવ્યો કહેવાય.

•••

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી AYP કૅમ્પમાં જીવનધ્યેયની દૃઢતા પર લાભ આપી રહ્યા હતા. તે સમયે નરોડા સેન્ટરના સુખી હરિભક્ત સુહાગભાઈ ઠક્કરને ગુરુજીએ પૂછ્યું,

''દયાળુ, તમારો ધ્યેય શું છે ?''

ત્યારે સુહાગભાઈ ઊભા થઈ હાથ જોડી બોલ્યા,

''ગુરુજી, આપે મને આજ સુધી ઘણું આપ્યું છે. એસ.એમ.વી.એસ.ની છત્રછાયામાં હું મોટો થયો છું. ગુરુદેવ પ.પૂ. બાપજીની અને આપની કૃપાથી અહીં સુધી પહોંચ્યો છું. હવે મારે બાપજી માટે, આપના માટે અને એસ.એમ.વી.એસ. માટે હોમાઈ જવું છે એટલે કે મારી મોટાભાગની આવક એસ.એમ.વી.એસ. માટે વાપરવી છે.'' યુવક સભ્યોએ તેઓના જવાબને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કે જેમની દૃષ્ટિ આત્મવિકાસ કરાવી આત્માને ભગવાનનો ભેટો કરાવવા તરફ છે માટે તેમણે કહ્યું,

''તમારો સંકલ્પ વાજબી છે. મહારાજે તમને આપ્યું છે એટલે તમે મહારાજને અર્પણ કરો તે બરાબર છે. મહારાજ રાજી છે પણ તમારો અભિગમ સંસ્થા વિકાસનો છે; સ્વવિકાસનો નથી. અમે સંપ્રદાયના ઇતિહાસમાં જોયું છે કે લાખો-કરોડોનાં દાન કરનારને પણ વિઘ્ન આવ્યાં છે. જ્યારે સ્વવિકાસનો ખ્યાલ રાખી એ જ માર્ગે પ્રગતિ કરનાર નિર્વિઘ્ને આરપાર ઊતરી ગયા છે. માટે કહું છું કે આપણો ધ્યેય માત્ર સંસ્થા વિકાસનો ન રાખતાં સ્વવિકાસનો હોવો જોઈએ. આત્માના મોક્ષ માટે જાગૃત થવું તે ધ્યેય બાંધવો જોઈએ.''

સદ્. ગુણાતીતાનંદ સ્વામી ભરસભામાં નવલખા શિવલાલ શેઠને ટકોર કરી ચૈતન્યની શુદ્ધિ-વૃદ્ધિનું કાર્ય કરતા તેમ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી એક નહિ પરંતુ સેંકડો શિવલાલ શેઠ સમ સુખી હરિભક્તોને વર્તમાનકાળે ભરસભામાં ટકોર દ્વારા દ્રવ્ય-સંપત્તિના મદ ઉતારી મહારાજનો મદ કરાવે છે.

એ દિવ્યપુરુષોના બાહુપાશમાં આપણને સૌને સ્થાન મળ્યું છે ત્યારે ખરેખર સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિને પામી એમના પ્રાગટ્યના હેતુને લક્ષ્યાર્થ કરીએ.



# દયા-કરુણાથી કર્યાં અનેકનાં પરિવર્તન

"જનમ સુધાર્યો રે હો મારો, મળિયા નટવર ધર્મદુલારો..."

સદ્. મુક્તાનંદ સ્વામીએ મહારાજ તથા મોટાપુરુષની કરુણાનું ગાન આ પદમાં કર્યું છે. જન્મ સુધારવો એ જીવ પર મોટામાં મોટી ને છેલ્લામાં છેલ્લી કૃપા કહેવાય ! આ કૃપાથી જે અહોભાવ ઊપજે એનો આનંદ અમાપ જ હોય. પોતાના જોગમાં આવનારનું પશુજીવનમાંથી મનુષ્યજીવન બને, મનુષ્યજીવનમાંથી ભક્તજીવન બને અને ભક્તજીવનમાંથી મુક્તજીવન બને એ માટે મહારાજ અને મોટાપુરુષો સદા યત્નશીલ હોય છે. આવા પરોપકારી કાર્યને સિદ્ધ કરવા માટેની એમની રાજાચાવી એટલે દયા-કરુણા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહારાજ તથા મોટાપુરુષે એવું દયા-કરુણારૂપી ઝરણું વહાવ્યું છે જેમાં અનેક નવા-જૂના મુમુક્ષુઓનાં જીવનપરિવર્તન થયાં છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિથી લઈ ગુરુજીની નિશ્રામાં અનેકે દયા-કરુણાથી થયેલ પરિવર્તનગાથા અનુભવી છે. તો આપણે પણ એમાંની કિંચિત્ પરિવર્તનગાથાને માણીએ...

શ્રીજીમહારાજે જેતલપુરમાં મોટો યજ્ઞ કરેલો. યજ્ઞ માટે આવેલ અનાજને દળવા માટે શ્રીહરિએ જેતલપુર ગામના તમામ રહેવાસીઓને આજ્ઞા કરી : 'દરેકે એક એક મણ અનાજ દળવાની સેવા કરવાની છે.' સાથે ખૂબ આશીર્વાદ પણ આપ્યા. જેતલપુરમાં એક સમાજથી તરછોડાયેલ ગણિકા રહેતી હતી. તેણે શ્રીહરિ પાસે આવી સેવા રૂપે દયાની યાચના કરી. ગામજનો તરફથી એ વખતે પણ તિરસ્કારના શબ્દો ઉચ્ચારાયા. તેમ છતાં શ્રીહરિએ અતિ દયાએ કરીને તેણીને હવેથી અધર્મ ન આચરવાની શરતે સેવા આપી. એટલું જ નહિ, પરંતુ સેવા પૂર્ણ થયા બાદ ગણિકાના ઘરે પધરામણી કરી તેને સમાજમાં ઉચ્ચ સ્થાન અપાવ્યું અને એથી આગળ તેના ચૈતન્યને પોતાની મૂર્તિમાં કાયમી સ્થાન આપી દીધું. આ છે ભગવાન સ્વામિનારાયણની અવિરત અનુકંપા.

•••

એવી જ પરંપરા જીવનપ્રાણ બાપાશ્રીએ પણ જાળવી છે.



કુંભારિયા ગામમાં કચ્છના બહુ મોટા શેઠ હતા હરજીભાઈ. જેઓને ઝરિયામાં કોલસાની બહુ મોટી કૉલિયરી ચાલતી હતી. દોમદોમ સાહેબી વચ્ચે મોટા થયેલા તથા સુખ-સાહેબીમાં જીવન જીવતા આ હરજીભાઈ ભગવાન સ્વામિનારાયણના ભક્ત તો હતા પરંતુ તેમના જીવનમાં રજોગુણ-તમોગુણ ખૂબ હતો. તેઓ ધનની સેવા ખૂબ કરતા પરંતુ કથાવાર્તાનું અંગ નહીં. તેથી જીવનમાં ઘણીબધી કસરો રહી ગઈ હતી. એ જમાનામાં ૭૦ રૂપિયાનાં જોડાં પહેરતા. જમતી વખતે દાળમાં એક ફોતરું આવે તોય અતિ આકરા થઈ જતા. તેથી તેમની રાખ-રખાપ કરવામાં સંતો-ભક્તોને ઘણો ભીડો પડતો. બાપાશ્રીના કાને આ વાત પહોંચી. આથી બાપાશ્રીએ એમના ઉતારાની બહાર જ સભા કરી. સભામાં એમને અનુલક્ષીને જ વાતોરૂપી ચાબખા મારવા માંડ્યા. બાપાશ્રીની કૃપાએ એમનો અંતરાત્મા જાગૃત થયો. એમને પોતાના દોષ-સ્વભાવ સૂઝવા લાગ્યા ને પછી બાપાશ્રીના સમાગમે પરિવર્તનની રાહે દોડવા માંડ્યા. બાપાની કૃપાએ એમનું રાજસી જીવનમાંથી સંપૂર્ણ સાદું જીવન બન્યું. પારસના સંગે લોઢું સોનું ન થાય તો પારસ કેવી રીતે કહેવાય ? એમ પારસ સમા બાપાશ્રીના સંગે લોઢા જેવા હરજીભાઈનું જીવન સોના જેવું શુદ્ધ બન્યું.

•••

પંચમહાલમાં અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમ અને વ્યસનમય જીવન જીવતા અનેકનાં જીવન ગુરુદેવ પ.પૂ. બાપજીની કૃપાથી બદલાયાં છે. કેળ ઉપર તો કેળાં આવે પરંતુ થોરિયા ઉપર કેળાં લાવે તે ગુરુદેવ પ.પૂ. બાપજી. અર્થાત્ મુમુક્ષુનાં કલ્યાણ તો સૌ કરે પરંતુ પશુ કરતાં પણ બદતર જીવનમાં સત્સંગના પ્રાણ પૂરી અનાદિમુક્તની સ્થિતિ પમાડવી તે થોરિયા પર કેળાં લાવવા સમાન ભગીરથ કાર્ય ગુરુદેવ પ.પૂ. બાપજીએ કેવળ કૃપાએ કર્યું છે. આવા જીવનપરિવર્તનના સૂર અનેકના જીવનમાં ઝિલાયા છે.

ઝાંઝરીના જેઠાભાઈનું જીવનપરિવર્તન થતાં તેઓ કહેતા હોય છે : "હું અઠવાડિયે ના'તો. આજે હું રોજ સ્નાન-પૂજા કર્યા

વિના પાણીનું ટીપું પણ મોંમાં મૂકતો નથી.''

જૂના કાળીબેલના લાલાભાઈ પગી પોતાની પરિવર્તનગાથા વર્ણવતાં કહેતા હોય છે : ''મેં ગામમાં પાણીથી ભરેલાં તળાવ જેટલો દારૂ પીધો હતો. આજે હું ચાને પણ વ્યસન માની પીતો નથી કે કોઈને પાતો પણ નથી.''

સરસવાના સહજભાઈ ડામોર ગુરુદેવ પ.પૂ. બાપજીની કૃપા જણાવતાં કહેતા હોય છે : ''હું વહેમ-અંધશ્રદ્ધાથી પર મુક્તજીવન જીવી રહ્યો છું. મારા જીવનને ગુરુદેવ પ.પૂ. બાપજીએ પવિત્ર કર્યું છે.''

દાભડના પર્વતભાઈ આદિક હરિભક્તોના જીવનપરિવર્તનના સૂર જણાવે છે : ''અમારા હાથમાં તીર-કામઠાં ને શસ્ત્રો રહેતાં. કોઈ સારો માણસ અમારું નામ ન લે કે નામ ન પૂછે. સાવ ઊતરતી કક્ષાના જીવનવાળા. પણ ગુરુદેવ પ.પૂ. બાપજીએ તીર-કામઠાંને બદલે આજે માળા આપી, સત્સંગ આપ્યો. એમણે અમને ન્યાલ કર્યા.''

ગુરુદેવ પ.પૂ. બાપજીએ આવા તો અનેકના જીવનમાં ધરખમ બદલાવ આણ્યા હતા. આવા તો એક નહિ પરંતુ મોટો ગ્રંથ રચાય એટલા પ્રસંગો છે. લકડીપોયડાના દીપસિંહ, દાંતિયાના રામસિંગ, હિંમતસિંહ ટપાલી જેવા ખૂનખાર ડાકુ ગણાતા અનેક આજે દિવ્યજીવન જીવી રહ્યા છે. આમ, પામર-પતિત અને પશુજીવન જીવતી વ્યક્તિઓના ગુરુદેવ પ.પૂ. બાપજી બેલી બન્યા ને દિવ્યજીવન જીવતા કર્યા.

•••

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી એટલે જીવન શિલ્પી – જીવન ઘડવૈયા. ગુરુજી સંગેની માત્ર એક ક્ષણ પણ નવા-જૂના, પામર-પતિત કે મુમુક્ષુ માટે આમૂલ બદલાવની ક્ષણ બની રહે. ગુરુજીનું જીવન જ સૌ કોઈ માટે પરિવર્તન આણનારો પારસમણિ છે. એમનાં દર્શનમાત્રે જીવ તળિયેથી નળિયે પહોંચી જાય છે. આજે સત્સંગમાં એવાં કેટલાંય દિવ્યજીવન જીવતાં પાત્રો છે જે ગુરુજીની અનુકંપાથી દુ:ખમય જીવનને બદલે સુખમય ને આનંદમય, પ્રભુમય જીવન જીવે છે. આવો, ગુરુજીની મહેરમાં ભીંજાયેલા, જીવનપરિવર્તન પામનારાના ઉદ્‌ગારોનું અધ્યયન કરીએ.

''સત્સંગ પહેલાંના મારા જીવનની વાત લખવા બેસીએ તો પાર આવે તેમ નથી. સાવ છેલ્લી કક્ષાનું અધમ જીવન હતું. રોજ સવાર, બપોર, સાંજ ને રાત ચોવીસ કલાક દારૂના નશામાં ચકચૂર રહેતો. તીર-કામઠાં રાખીને શિકાર કરતો. મારી માથાભારે જાત હતી. શ્રદ્ધાના નામે વાર-તહેવારે બકરાં-કૂકડાંની બલિ લઈ તેની મિજબાની માણતો. વહેમ, વ્યસન અને વ્યભિચારમાં મારી ૮૦% આવક વપરાઈ જતી. મારા આવા જીવનને લઈ ઘર-પરિવારમાં ઝઘડા-કંકાસનો કાયમી નિવાસ રહેતો. મારો ક્રોધી ને આક્રમક સ્વભાવ હતો. ટૂંકમાં, પશુને શરમાવે એવું જીવન. પણ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી મને મળ્યા ત્યારથી મને નવો જન્મ મળ્યો. મારું તો પરિવર્તન થયું પણ સાથે સાથે મારા પરિવારનું પણ પરિવર્તન થયું. એક સમયની મારી ને મારા પરિવારની અમાનવીય ને અભક્ષ્ય જીવનશૈલી સાવ પાયાથી જ બદલાઈ ગઈ. આજે મારું ને મારા પરિવારનું જીવન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની મરજીથી હરિને ગમે એવું થયું છે. ગુરુજીના સંગે અમારા સર્વેનું જીવન આજ્ઞામય-વર્તનમય બન્યું છે. અરે ! આ દિવ્યપુરુષે મારું પ્રારબ્ધ બદલીને મને જીવમાંથી શિવ કહેતાં અનાદિમુક્ત કર્યો છે. આજે ગુરુજીની કૃપાથી મહારાજના રાજીપાનાં સાધનો થાય છે અને આજ્ઞામય જીવન જિવાય છે. એ દિવ્યપુરુષની કૃપાએ પરિવારમાંથી એક પુત્રનું સમર્પણ થયું છે. (એ પુત્ર એટલે આપણા પૂ. વંદનસ્વામી) આ દિવ્યપુરુષ ન મળ્યા હોત તો અમે હજુ પણ અધમાધમ જીવન જીવતા ક્યાંય રખડતા હોત...'' થાંભા ગામના રહેવાસી વજાભાઈ પટેલિયાના પરિવર્તનગાથામય શબ્દો ગુરુજીની કૃપાનો અહેસાસ કરાવે છે.

•••

ગુરુજીની દયાના હજારો પ્રસંગો છે જે પરિવર્તનની ગાથા પોકારી પોકારીને ગાય છે.

ઈ.સ. ૨૦૦૧માં સ્વામિનારાયણ ધામ ખાતે ભવ્યતાથી ઊજવાયેલ સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવમાં **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ નિર્માણના સંકલ્પના અંકુર ફૂટ્યા. મહોત્સવના મધ્ય સમયગાળામાં એક યુવાન ચંપલ ચોરતા પકડાયો. સંત આશ્રમના કોઈ રૂમમાં સ્વયંસેવકો ઉગ્ર

અવાજમાં તેની પૂછતાછ કરતા હતા. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પોતાના આસને અન્ય પૂ. સંતો સાથે ગોષ્ઠિમાં બિરાજેલા. એમના કર્ણપટ પર આ અવાજ પડ્યો. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પૂછતાછ કરી સઘળી વાત જાણી અને યુવાનને પોતાના આસને એકલા મળવા બોલાવ્યો. ત્યારબાદનો વાર્તાલાપ ખરેખર હૃદયભેદક હતો.

"ભાઈ ! બીજી બધી વાત પછી. પહેલાં તું જમ્યો ?"

"ના."

"પહેલાં આને જમાડી દો. પછી ફરી આસને લાવજો."

(સ્વયંસેવકોએ યુવાનને જમાડ્યો અને ફરી આસને લાવ્યા.)

"ભઈલા ! તું ભૂખ્યો તો નથી રહ્યો ને ?"

"ન... ન... ના !" જવાબ આપતાં યુવાન ગદ્ગદ થઈ રડી પડ્યો. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ યુવાનનું મસ્તક પોતાના ખોળામાં મૂકી માતૃવાત્સલ્ય સ્નેહ વરસાવ્યો અને શાંત પાડીને પૂછ્યું,

"ભાઈ ! તને આવો ચોરી કરવાનો વિચાર કેમ આવ્યો ?"

યુવકનાં નેત્ર ફરી સજળ બન્યાં.

"હું ચોર નથી. હું પણ એક સંસ્કારી ઘરનો દીકરો છું. પરંતુ... હું નાનો હતો ત્યારે મારા પિતા ધામમાં ગયેલા. મારી માએ મને પેટે પાટા બાંધી મોટો કર્યો છે. મારી મા અત્યારે હૉસ્પિટલમાં છે. ૮૬,૦૦૦ રૂપિયાનું બિલ થયું છે. મારી પાસે એટલા બધા રૂપિયા ક્યાંથી હોય ? આ બિલ ભરવા મને બીજો કોઈ રસ્તો ન દેખાતાં ચંપલ ચોરવાનાં ચાલુ કર્યાં. પરંતુ આજે એમાં પકડાઈ ગયો."

યુવકની આ કારુણ્ય કથા સાંભળી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું હૃદય પણ દ્રવી ઊઠ્યું અને એમનાં નેત્ર પણ સજળ બન્યાં. "તું કાંઈ ચિંતા ન કરીશ. તારી મા કઈ હૉસ્પિટલમાં ને કયા ડૉક્ટરની સારવાર લઈ રહી છે ? તેની વિગત જણાવ. તેની ખાતરી કરતાં જો એ સાચું હશે તો તારી માનું તમામ બિલ સંસ્થા ભરી દેશે. પરંતુ તું આજથી નિયમ લે કે કોઈ દિવસ ચોરી નહિ કરે."

યુવકે ફરી ગદ્ગદિત થઈ પોતાના અશ્રુજળથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણ પખાળ્યા અને જીવનમાં કદી ચોરી ન કરવાનો નિયમ લીધો.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સ્વયંસેવકો દ્વારા તેની માને જે હૉસ્પિટલમાં દાખલ કરી હતી તેની સંપૂર્ણ વિગત જાણી અને યુવકની માનું બિલ તાત્કાલિક ભરાવડાવ્યું.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા યુવક પર થયેલી કૃપાને લીધે તેનું જીવન સંસ્કાર ને અધ્યાત્મસભર બન્યું. આજે આ યુવક સંસ્થા દ્વારા ચાલતા આદર્શ પ્રૉજેક્ટના સભ્ય છે. આ યુવકને ગુરુજીની કૃપા વિષે પૂછીએ ત્યારે તે કહેતા હોય છે, "ગુરુજી મારાં આ લોક ને પરલોકનાં માવતર છે. એમણે મારો હાથ ઝાલી મને ખોટા માર્ગેથી ઉગાર્યો. એમણે મારા ક્ષીણ જીવનને, ડૂબતા જીવનને બચાવ્યું. એટલું જ નહિ, પણ એમાં કૃપા કરીને પરિવર્તન પણ આણ્યું છે. આજે ગુરુજી ન હોત તો હું ક્યાં હોત ? પણ એમણે મને આબાદ બચાવી, જીવન બદલી મારો જન્મ સુધાર્યો છે." અને ગુરુજીએ આવા અનેક જરૂરિયાતમંદ લોકોને રાહત દરે તબીબી સેવા આપવા માટે **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલનું નિર્માણ કર્યું.

આમ, ગુરુજીની કૃપાનાં આવાં હજારો દૃષ્ટાંત છે જે ગુરુજીની 'સર્વજીવહિતાવહ'ની ભાવનાને રજૂ કરે છે.

સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ઘણાના ઉજ્જડ જીવનને ઉપવન સમું કર્યું છે. એમની આ કરુણાને લીધે અનેકને 'જીવન કોને કહેવાય ?' એની દિશા અને ઉચ્ચ દશા પ્રાપ્ત થઈ છે. ત્યારે મોટાના વચનની સાખ લઈ કહેવાની ઈચ્છા થાય છે :

"એવા સંત સહુનાં સગાં રે, પર ઉપકારી પૂરા છે."

### આગામી માસના સામયિક અંગે સૂચના

આથી સર્વે મુક્તોને જણાવવાનું કે માર્ચ-એપ્રિલ માસનું સામયિક સંયુક્ત વિશેષાંક રૂપે પ્રકાશિત થયેલ હોવાથી એપ્રિલ માસનું ઘનશ્યામ સામયિક પ્રકાશિત થશે નહીં. હવે પછીનું સામયિક 'મે-૨૦૨૩'માં પ્રકાશિત થશે. જેની સર્વે વાંચકોએ ખાસ નોંધ લેવી...

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ. નિ. પરષોત્તમભાઈ રાઘવજીભાઈ સોલંકી, ઉંમર વર્ષ-૮૬, રાજકોટ; તા. ૭-૧૨-૨૨ :** તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીના તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના રાજીપાપાત્ર હતા. ઈ.સ. ૨૦૧૬માં તેઓ ગંભીર બીમારીમાં સપડાયા હતા. ત્યારે તેમના દીકરા મિતેષભાઈએ ગુરુદેવ પ.પૂ. બાપજી સુરેન્દ્રનગર ખાતે પધાર્યા હતા ત્યાં પ્રાર્થના કરી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, તમે ઘરે જઈને તેમને શીરો જમાડજો અને પ્રસાદીનું જળ આપજો. મહારાજ દયા કરશે. ત્યારપછી ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપેલા આશીર્વાદ મુજબ તેમને શીરો જમાડ્યો તેમજ પ્રસાદીનું જળ આપ્યું અને બીજા જ દિવસે તેઓ સાજા થઈ ગયા. ત્યારબાદ તેઓ સાડા છ વર્ષ સ્વસ્થ આયુષ્ય સાથે રહ્યા અને સેવા કરી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ગુરુદેવ પ.પૂ. બાપજીએ અવરભાવની ચિંતા તો રાખી જ પણ સાથે સાથે પરભાવમાં પણ સમય આવ્યે તેઓને દર્શન આપી મૂર્તિના સુખે સુખિયા કર્યા હતા. તેમના દીકરા મિતેષભાઈ સંસ્થામાં સક્રિય કાર્યકર-નિરીક્ષક તરીકે સેવા બજાવી રહ્યા છે.

**મૂ. નિ. ગિરીશભાઈ જયંતિભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૯, નરોડા; તા. ૨૭-૧૨-૨૨ :** તેઓ નરોડા સેન્ટરમાં સ્ટાફ સભ્ય તરીકે સક્રિય સેવા બજાવતા હતા. દરરોજ રાત્રે મંદિરે પોઢતા અને રાત્રિ દરમ્યાન કેમ્પસની દેખરેખ રાખવાની સેવા કરતા તેમજ રસોડાની સેવા પણ ખૂબ ઉત્સાહથી નિભાવીને ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેમના દીકરા કૃતાર્થભાઈ પણ તેમના જ ચીલે ચાલી સક્રિય કાર્યકર તરીકે સેવા બજાવી રહ્યા છે. તેમના સમગ્ર પરિવારને મહારાજ સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે તેવી પ્રાર્થના.

**મૂ. નિ. દર્શનભાઈ વાસુદેવભાઈ ભટ્ટ, ઉંમર વર્ષ-૫૧, વાસણા; તા. ૩૦-૧૨-૨૨ :** ગુરુદેવ પ.પૂ. બાપજીના અતિ કૃપાપાત્ર વાસુદેવભાઈ ભટ્ટના નાના દીકરા દર્શનભાઈ ભટ્ટ શ્રીજીમહારાજની



મૂર્તિના સુખે સુખિયા થયા છે. સંસ્થાના નિર્માણ સમયે તેઓએ શિર સાટે પક્ષ રાખી ગુરુદેવ પ.પૂ. બાપજીના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તેમના પુત્ર શ્રીજીને આશીર્વાદ આપી ખૂબ બળ આપ્યું હતું. મહારાજ અને મોટાના ચરણે એ જ પ્રાર્થના કે અચાનક આવી પડેલી વિપદાના આ સમયમાં તેમના સમસ્ત પરિવારને આ પરિસ્થિતિ વહન કરવાનું બળ પ્રદાન કરે.

**મૂ. નિ. શામજીભાઈ ગોકળભાઈ ચાવડા, ઉંમર વર્ષ-૮૯, રાજકોટ; તા. ૫-૧-૨૩ :** રાજકોટ સેન્ટરમાં સક્રિય કાર્યકર તરીકે સેવા બજાવતા નિતેષભાઈના પિતાશ્રી શામજીભાઈ ગોકળભાઈ ચાવડા મહાપ્રભુની મૂર્તિના સુખે સુખિયા થયા છે. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓને પોતાની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આપે તથા સમસ્ત પરિવારને સત્સંગનું અને સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**મૂ. નિ. વાડીભાઈ મોહનલાલ મોદી, ઉંમર વર્ષ-૮૫, નરોડા; તા. ૫-૧-૨૩ :** નરોડા સેન્ટરના ઘરધણી મુક્ત તથા યુવક મંડળના સંચાલક એવા નીતિનભાઈ મોદીના પિતાશ્રી વાડીભાઈ મોદી મહાપ્રભુની મૂર્તિના સુખે સુખિયા થયા છે. અંત સમયે મહાપ્રભુની મૂર્તિનું સ્મરણ કરતાં કરતાં મહારાજે તેઓને સુખિયા કરી દીધા હતા.

**મૂ. નિ. પ્રાગજીભાઈ મધુભાઈ ડોબરિયા, ઉંમર વર્ષ-૮૨, ઘનશ્યામનગર; તા. ૨૭-૧-૨૩ :** ઘનશ્યામનગર સેન્ટરના ઘરધણી મુક્ત પ્રાગજીભાઈ ડોબરિયા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના રાજીપાપાત્ર હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીની



આજ્ઞાથી તેઓએ સંસ્થાના ગોધર, મુંબઈ તથા જર્સીસિટી (અમેરિકા) મંદિરે ઉત્સાહપૂર્વક સેવા બજાવી હતી. મહાપ્રભુની અનન્ય નિષ્ઠાની દઢતા તથા મોટાપુરુષ સાથે આગવું હેત તેમના જીવનમાં ખૂબ જોવા મળતું. તેમના જ ચીલે ચાલી તેમના દીકરા નયનભાઈ ડોબરિયા હાલ કેનેડા મંદિરે

ખૂબ ઉત્સાહ ને ઉમંગથી સેવા બજાવી રહ્યા છે. મહાપ્રભુને ખૂબ પ્રાર્થના કે તેમના સમગ્ર પરિવારને સત્સંગનું તથા સમજણનું બળ પ્રદાન કરે.

**મૂ.નિ. દશરથભાઈ અંબાલાલ ઠક્કર, ઉંમર વર્ષ-૮૦, વાસણા; તા. ૨૮-૧-૨૩ :** વાસણા સેન્ટરના દશરથભાઈ અંબાલાલ ઠક્કર શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીના અતિ કૃપાપાત્ર હરિભક્ત હતા. સંસ્થા તેમજ સંતો સાથે તેઓ ઘણા મમત્વભાવ સાથે જોડાયેલા હતા. તેમના બંને દીકરા કમલેશભાઈ તથા દર્શનભાઈને મહારાજ ખૂબ બળ આપે તેવી પ્રાર્થના.



**મૂ.નિ. અંબાલાલભાઈ હરજીવનદાસ પટેલ, ઉંમર વર્ષ-૯૨, ઘાટલોડિયા; તા. ૩૦-૧-૨૩ :** ઘાટલોડિયા સેન્ટરના આગેવાન હરિભક્ત અંબાલાલભાઈ હરજીવનદાસ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓ સ્વભાવે શાંત, સરળ, નિખાલસ અને વિવેકી હતા. નાના-મોટા સૌ કોઈને ખૂબ માનથી બોલાવતા. તેઓનું જીવન ખૂબ મહાત્મ્ય આકારે હતું. સંતો-હરિભક્તોનો ખૂબ મહિમા સમજી સૌને અવારનવાર રસોઈ જમાડવાનો આગ્રહ જણાવતા. તેઓએ ગુરુદેવ પ.પૂ. બાપજીનો ખૂબ પક્ષ રાખ્યો હતો. પરિણામે તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અંતરનો રાજીપો કમાયા હતા. પૂ. સંતોની ધોતિયાની સેવા, ઝોળી સેવા, અન્નકૂટની સેવા ખૂબ મહાત્મ્ય સમજી કરતા અને અન્યને પણ પ્રેરણા આપતા. પૂ. સંતોએ આપેલ કોઈ પણ વચન અધ્ધરથી ઝીલી સેવા કરતા. ધામમાં ગયાના થોડા સમય પહેલાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ઘાટલોડિયા વિચરણમાં પધાર્યા હતા. તે દરમ્યાન તેઓએ ગુરુજીને મૂર્તિના સુખમાં લઈ જવા માટે પ્રાર્થના કરી હતી. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, ટાણું આવે એટલે મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી દર્શન દઈને તેડી જશે. અંત સમય નજીક હોય તેનો જાણે અણસાર આવી ગયો હોય તેમ ધામમાં જતા પહેલાં સંતોને રસોઈની સેવા આપી હતી. 'એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહિ' એ ન્યાયે તા. ૩૦-૧-૨૩ના રોજ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આપેલા આશીર્વાદ મુજબ મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ અંત સમયે દર્શન આપી મહાપ્રભુની મૂર્તિના સુખમાં લઈ લીધા હતા.



તેમના બંને સુપુત્રો મહેન્દ્રભાઈ, પ્રવીણભાઈ તથા મૂ.નિ. હસમુખભાઈના દીકરા શનિ તથા સાહિલ સંસ્થાને સમર્પિત થઈ મહાત્મ્યસભર થઈ સત્સંગ વારસો આગળ ધપાવી રહ્યા છે. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેમના સમગ્ર પરિવાર પર ખૂબ રાજીપો વરસાવે.

**મૂ.નિ. ત્રિભોવનભાઈ ઠાકરશીભાઈ ડાભી, ઉંમર વર્ષ-૮૫, મેમકા; તા. ૭-૨-૨૩ :** છેલ્લા ૨૦ વર્ષથી તેઓ સંસ્થા સાથે જોડાયેલા હતા. સંસ્થાના સુરેન્દ્રનગર સેન્ટરમાં કાર્યકર તરીકે સેવા બજાવી રહેલા મનસુખભાઈના તેઓ પિતાશ્રી હતા. પત્રિકા વિતરણ, પધરામણી, ઝોળી સેવા આદિ સેવાઓમાં તેઓનું સ્થાન મોખરે હતું. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અંતરના રાજીપાના પાત્ર બન્યા હતા. તેમના પરિવારમાંથી સંસ્થાને પૂ. પવિત્રસ્વામીની ભેટ મળેલ છે. સેવા, સમાગમ અને સમર્પણના આગ્રહી એવા ત્રિભોવનભાઈને મહાપ્રભુએ પ્રાતઃ સમયે ધ્યાન કરતાં કરતાં મૂર્તિના સુખમાં લઈ લીધા હતા.



**મૂ.નિ. સંતોષભાઈ કનૈયાલાલ ગૌડ, ઉંમર વર્ષ-૪૫, કાલુપુર; તા. ૨૩-૧૨-૨૨**

**મૂ.નિ. ભાવેશભાઈ પોપટભાઈ મારવાડી, ઉંમર વર્ષ-૩૬, કાલુપુર; તા. ૮-૧-૨૩**

**મૂ.નિ. નરોત્તમદાસ ભગવાનજીભાઈ પૂજારા, ઉંમર વર્ષ-૮૯, સ્વામિનારાયણ ધામ; તા. ૨૧-૧-૨૩**

**મૂ.નિ. કસ્તૂરભાઈ ચમનભાઈ માંડલિયા, ઉંમર વર્ષ-૮૦, સુરેન્દ્રનગર; તા. ૨૧-૧-૨૩**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**

# કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૧૫-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **મોરબી** ખાતે હરિકૃષ્ણ મહારાજ સંગે હરિભક્તોના ગૃહે પધરામણી તેમજ **મોરબી** મંદિરે શિલા અર્પણ સમારોહ નિમિત્તે યોજાયેલ જાહેર સભામાં દિવ્યવાણીનો લાભ આપી સૌને ધન્ય કર્યા હતા. આ પ્રસંગે ૯૦૦થી પણ વધુ હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

**તા. ૧૬-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે પ્રાતઃ સમયે તેમજ સાયંકાળે ૧૦ પધરામણીનો લાભ આપ્યો હતો. આજરોજ રાત્રિ સેશનમાં આયોજિત રાત્રિ સભામાં AYP, પ્રિ-મુમુક્ષુ સહિતના ૧૩૫૦થી પણ વધુ યુવાનોને **વ્હાલા ગુરુજી**એ દિવ્યવાણીનો લાભ આપી સદ્‌માર્ગે ચાલવા માટેની પ્રેરણા આપી હતી.

**તા. ૧૭-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** મંદિરે પ્રાતઃ સભામાં કથાવાર્તાનો ધોધ વહાવી AYP તથા પ્રિ-મુમુક્ષુના ૩૩૦થી પણ વધુ સભ્યોને રાજીપાના માર્ગે આગળ વધવા માટે બળ આપ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે ૭ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને કૃતાર્થ કર્યા હતા. ઉપરાંત, રાત્રિ સેશનમાં આયોજિત યુવા સંમેલનમાં ૧૫૦૦થી પણ વધુ યુવાહૃદયોને દિવ્યવાણીનો લાભ આપી ધન્ય બનાવ્યા હતા.

**તા. ૧૮-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે જ્ઞાન-ધ્યાન ચિંતન સભા તેમજ અંગત શિબિરમાં ૪૫૫થી વધુ મુક્તોને બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી મહાપ્રભુને રાજી કરવાના ઉપાય બતાવ્યા હતા. આજરોજ દ્વિતીય સેશનમાં **વ્હાલા ગુરુજી**એ બાળ સંમેલનમાં ૨૯૫થી વધુ બાળમુક્તોને બાળશૈલીમાં દિવ્યવાણીનો લાભ આપી રાજી કર્યા હતા.

**તા. ૧૯-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં દિવ્ય કથાવાર્તાનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત ૨૩,૭૬૫થી પણ વધુ હરિભક્તોને દિવ્યાનંદમાં ગરકાવ કર્યા હતા.

**તા. ૨૩-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ડભોલી (સુરત)** ખાતે પ્રાતઃ કાળે ૫ પધરામણી તથા મહાપૂજા અને રસોઈનો લાભ આપી હરિભક્તોને મહાત્મ્યની દુનિયામાં ગરકાવ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ડભોલી** ખાતે સંધ્યા સત્રમાં કિશોર સભા અન્વયે ૨૯૫ જેટલા કિશોરોને દિવ્યજીવનની રીત શીખવી હતી. તથા રાત્રિ સભામાં યુવા સંમેલન નિમિત્તે ૨૬૦૦ જેટલા યુવાનોને અધ્યાત્મ માર્ગ ઉપર આગળ વધાર્યા હતા.

**તા. ૨૪-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ડભોલી** ખાતે ૧૧ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સત્રમાં **ડભોલી** તથા **વરાછા (સુરત)** ખાતે ૩ પધરામણીનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સંધ્યા સત્રમાં બાળસભામાં ૭૧૫ જેટલા બાળમુક્તોને લાડ લડાવી આદર્શતાના પાઠ શીખવ્યા હતા અને **વરાછા** ખાતે અંગત સભામાં ૬૭૪ જેટલા હરિભક્તોને લાભ આપી સત્સંગનાં મૂલ્યો દૃઢ કરાવ્યાં હતાં.

**તા. ૨૫-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા** ખાતે પ્રાતઃ સત્રમાં ૪૦૬ જેટલા મુક્તોને અંગત સભાનો લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા** ખાતે સાયં સત્રમાં યુવા સંમેલન અન્વયે ૨૪૫૯ જેટલા યુવાનોને પ્રામાણિકતાનાં અમૂલ્ય પીયૂષ પાયાં હતાં. તેમજ અગ્રેસર મુક્તો સાથેની ગોષ્ઠિમાં ૭૦ જેટલા હરિભક્તોને લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨૬-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા** ખાતે દિવસ દરમ્યાન કુલ ૧૮ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપ્યો હતો.

**તા. ૨૯-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **મેઘરજ (મોડાસા)** ગામે પ્રાતઃ સમયે ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને સ્નેહસાગરમાં ડુબાડ્યા હતા. આજરોજ મધ્યાહ્ન સત્રમાં **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** મંદિરે AYP, પ્રિ-મુમુક્ષુ બૅચના તથા ઘરના ૫૦૦ જેટલા હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી અધ્યાત્મ સમૃદ્ધ કર્યા હતા અને સંધ્યા સત્રમાં **મોડાસા** મંદિર ખાતે પોતાના અતિ લાડલા એવા ૪૮૦ જેટલા બાળમુક્તોને લાભ આપી માતૃવાત્સલ્યથી ભીંજવ્યા હતા. તેમજ રાત્રિ સત્રમાં **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** ખાતે અગ્રેસર મુક્તો સાથેની ગોષ્ઠિમાં ૬૫ જેટલા અગ્રેસર મુક્તોને લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૩૦-૧૨-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **માલપુર**ના ગ્રામ્ય વિસ્તારોમાં **ગોપાલપુર** તથા **નેસડા** ખાતે ૫ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી સૌને કૃપાવંત કર્યા હતા. આજરોજ સાયં સત્રમાં **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** ખાતે ૫ પધરામણીનો લાભ આપી હરિભક્તોનાં ગૃહ પાવન કર્યાં હતાં. ત્યારબાદ **મોડાસા** ખાતે યુવા સંમેલન નિમિત્તે ૨૪૦૦ જેટલા યુવાનોને સત્સંગસભર કર્યા હતા.

**તા. ૩૧-૧૨-૨૨**ના રોજ **હિંમતનગર** ખાતે **વ્હાલા ગુરુજી**એ ૧૦ પધરામણી તથા રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂરા કર્યા હતા. આજરોજ સંધ્યા સત્રમાં **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** મંદિરે ૩૮૫ જેટલા બાળમુક્તોને કથાવાર્તાનો લાભ આપી પરભાવી સ્નેહ વરસાવ્યો હતો. અને રાત્રિ સત્રમાં **વ્હાલા ગુરુજી**એ કિશોર સભામાં ૧૪૫ જેટલા કિશોરોને લાભ આપી રસભીના કર્યા હતા.

**તા. ૧-૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે AYP, પ્રિ-મુમુક્ષુ તથા ઘર ઘરના હરિભક્તોની સભામાં ૭૫૦ જેટલા મુમુક્ષુઓને અધ્યાત્મ બળ પૂરું પાડ્યું હતું. આજરોજ **હિંમતનગર** ખાતે **વ્હાલા ગુરુજી**એ યુવા સંમેલનમાં ૨૫૦૦ જેટલા યુવાનોને કથાવાર્તા દ્વારા અધ્યાત્મ રાહ ચીંધ્યો હતો.

**તા. ૨-૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત ૨૭,૭૨૬થી પણ વધુ હરિભક્તોને મહાત્મ્યભીના કર્યા હતા.

**તા. ૬-૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમના સમૈયા દરમ્યાન કથાવાર્તાનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત ૨૧,૯૭૮થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૭-૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે પ.ભ. શ્રી ધીરુભાઈની ફેક્ટરીએ મહાપૂજાનો લાભ આપ્યો હતો તથા **ગોત્રી** વિસ્તારમાં રહેતા ભરતભાઈના ઘરે મહાપૂજા અને સભાનો લાભ આપ્યો હતો. જેમાં ૩૫૦ જેટલા હરિભક્તો લાભ લઈ ધન્ય બન્યા હતા.

**તા. ૮-૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સત્રમાં **વાસણા** ખાતે અમદાવાદ પશ્ચિમ ઝોનના હરિભક્તોને ઝોળીસેવાનો લાભ આપ્યો હતો. જેમાં ૩૫૦ જેટલા હરિભક્તો લાભ લઈ અનેરાં અભયદાન પામ્યાં હતાં. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સત્રમાં **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ૨૩૦ જેટલા પ્રેમીભક્તોને ઝોળીસેવાનો લાભ આપી આત્યંતિક કલ્યાણના કોલ આપ્યા હતા. તેમજ રાત્રિ સત્રમાં **ઘનશ્યામનગર** ખાતે અમદાવાદ પૂર્વ ઝોનના ૧૨૦૦ જેટલા હરિભક્તોને ઝોળીસેવાનો લાભ આપી કૃતકૃત્ય કર્યા હતા.

**તા. ૧૫-૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **દેવડા (રાજકોટ)** ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણીનો લાભ આપ્યો હતો તથા જાહેર સભામાં સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજાવી ૩૨૦૦થી પણ વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી બળિયા કર્યા.

**તા. ૧૮-૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભા દરમ્યાન અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઈન ઉપસ્થિત ૧૪,૬૫૪થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૧૯-૧-૨૩**થી **તા. ૩-૨-૨૩** દરમ્યાન **વ્હાલા ગુરુજી**ના સાંનિધ્યમાં દિવ્ય સંત શિબિર-૪૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર દરમ્યાન **વ્હાલા ગુરુજીએ** સંસ્થાના તમામ પૂ. સંતો, પૂ. પાર્ષદો, સમર્પિત મુક્તોને પ્રાતઃ સભા, ગ્રૂપગોષ્ઠિ, ધ્યાન કુટિર તેમજ અંગત બેઠક દ્વારા કથાવાર્તા અને અંગત લાભ આપી સર્વેને છતે દેહે મૂર્તિસુખ પામવા માટેની આધ્યાત્મિક યાત્રાના માર્ગે આગળ વધાર્યા હતા.

**તા. ૧-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત ૧૩,૮૫૯થી પણ વધુ હરિભક્તોને દિવ્યાનંદમાં ગરકાવ કર્યા હતા.

**તા. ૫-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે પૂનમના સમૈયા દરમ્યાન બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત ૧૭,૪૦૬થી પણ વધુ હરિભક્તોને ધન્યભાગી બનાવ્યા હતા.

**તા. ૭-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે રાત્રિ સેશન દરમ્યાન આયોજિત યુવા અધિવેશનમાં 'દયા અને કરુણા' વિષય પર દિવ્યવાણીનો લાભ આપી ૧૨૨૩થી પણ વધુ યુવાનોને આદર્શ જીવનશૈલીનાં મૂલ્યો સમજાવ્યાં હતાં.

**તા. ૮-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રથમ સેશનમાં અંગત સભા દરમ્યાન AYP તથા પ્રિ-મુમુક્ષુ બૅચના અને ઘરના સભ્યો એમ ૨૪૦થી વધુ સિલેક્ટેડ મુક્તોને કથાવાર્તાનો લાભ આપી મહારાજને રાજી કરવાનું વિશેષ બળ પ્રદાન કર્યું હતું. આજરોજ સાંજે ૫થી ૮ દરમ્યાન **વ્હાલા ગુરુજી**ના સાંનિધ્યમાં **ગાંધીનગર** ઝોનના ૨૭૦ બાળમુક્તોને બાળ શિબિરનો દિવ્ય લાભ મળ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે રાત્રિ સેશન દરમ્યાન આયોજિત યુવા સંમેલનમાં ૨૪૯૭થી પણ વધુ યુવાઓને 'પ્રામાણિકતા' વિષય પર કથાવાર્તાનો લાભ આપી ઉત્કૃષ્ટ જીવન જીવવાનો રાહ બતાવ્યો હતો.

**તા. ૯-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સેશનમાં અંગત શિબિર દરમ્યાન ૨૪૫થી પણ વધુ સભ્યોને તેમજ **ચાંદખેડા** ખાતે સાયંકાળે આયોજિત કિશોર શિબિરમાં ૨૨૦થી પણ વધુ કિશોરોને દિવ્યવાણીનો લાભ આપી રાજી કર્યા હતા.

**તા. ૧૧-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે કિશોર સભામાં ૨૨૫થી વધુ કિશોરોને તેમજ રાત્રિ સેશન દરમ્યાન આયોજિત યુવા સંમેલનમાં 'દયા અને કરુણા' વિષય ઉપર કથાવાર્તાનો લાભ આપી ૧૪૯૫થી પણ વધુ યુવાનોને દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૧૨-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સેશનમાં અંગત શિબિર દરમ્યાન AYP તથા પ્રિ-મુમુક્ષુ બૅચના તેમજ ઘરના સભ્યો એમ કુલ ૪૩૦થી પણ વધુ હરિભક્તોને મહાત્મ્યસભર દિવ્યવાણીનો લાભ આપી મહાત્મ્યભીના કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે સાયંકાળે આયોજિત બાળ શિબિરમાં ૪૫થી વધુ બાળકોને તેમજ રાત્રિ સેશન દરમ્યાન યોજાયેલ યુવા સંમેલનમાં 'પ્રામાણિકતા' વિષય ઉપર બળપ્રેરક કથાવાર્તાનો લાભ આપી ૧૩૭૫ યુવાનોને નવી દિશા ચીંધી હતી.

**તા. ૧૩-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ૧૩ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી મુમુક્ષુઓના કોડ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **સેટેલાઇટ** ખાતે ૬ પધરામણી તથા **અશ્લાલી** ખાતે ૧ મહાપૂજા અને જાહેર સભાનો લાભ આપી ૧૩૦થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા. તેમજ રાત્રિ સેશનમાં આયોજિત અંગત શિબિર દરમ્યાન AYP તથા પ્રિ-મુમુક્ષુ સહિતના ૬૦૭થી પણ વધુ મુક્તોને રાજીપાના માર્ગે આગળ વધારવા માટેનું બળ પૂરું પાડ્યું હતું.

**તા. ૧૪-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સેટેલાઇટ** ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ૧૦ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી હરિભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૧૫-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે ૩૬મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તેમજ એસ.એમ.વી.એસ. સંસ્થા દિનની ઉજવણી દરમ્યાન કથાવાર્તાનો લાભ આપી ૬૦૦થી વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં હતાં. આજરોજ **વ્હાલા ગુરુજી**એ AVP બૅચના ૫૦૦થી વધુ વડીલ હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**અનંત બ્રહ્માંડોમાં અણીશુદ્ધ પરમાર્થી સ્વરૂપ મોટાપુરુષ છે.**

# SMVS સંચાલિત શૈક્ષણિક સેવાઓ

## શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસનો ત્રિવેણી સંગમ... પ્રવેશ ચાલુ

### SMVS સ્વામિનારાયણ ધામ - ગુરુકુલ

ધો. ૮થી ૧૨ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)



- ધો. ૮ અને ૯ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળશે.
- પ્રવેશ માટે ૬૫% હોવા ફરજિયાત છે.
- ધો. ૮ની પ્રવેશ પરીક્ષા તા. ૧૪/૫/૨૩ અને ધો. ૯ની પ્રવેશ પરીક્ષા તા. ૧૫/૫/૨૩ના રોજ રહેશે.

પ્રવેશ ફોર્મ ઉપલબ્ધ : સંસ્થાનાં દરેક મુખ્ય સેન્ટર પરથી મળી શકશે તથા www.smvs.org વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

- પ્રવેશ ફોર્મનું વિતરણ તા. ૭/૫/૨૩ સુધી જ થશે.

**● SMVS ગુરુકુલની વિશેષતાઓ ●**

● પવિત્ર સંતોનું દિવ્ય સાંનિધ્ય ● હાઇટેક એજ્યુકેશન ● વિશાળ વાંચનાલય ● અલગ કોચિંગ ક્લાસની વ્યવસ્થા ● વિશાળ પ્લે ગ્રાઉન્ડ ● ધો. ૧૦ અને ૧૨ માટે વેકેશન બેચનું આયોજન ● ભોજન માટે ડાઇનિંગ ટેબલની વ્યવસ્થા

અન્ય માહિતી માટે સંપર્ક :- સમય : સવારે ૯થી ૧૨ અને સાંજે ૫થી ૭ ● કાર્યાલય સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૦૦૪/૨૭૧

### સ્વામિનારાયણ ધામ ઇન્ટરનેશનલ સ્કૂલ



- અંગ્રેજી માધ્યમ :
  - નર્સરીથી ધો. ૧૨ સુધી (ICSE બોર્ડ)
  - નર્સરીથી ધો. ૧૨ સુધી (GSEB બોર્ડ) (કૉમર્સ/સાયન્સ)
- ગુજરાતી માધ્યમ :
  નર્સરીથી ધો. ૧૨ સુધી (કૉમર્સ/સાયન્સ)
- ટ્રાન્સપોર્ટેશન :
  અમદાવાદ, કલોલ, ગાંધીનગર, દહેગામ સુધી
- સંપર્ક : (મો.) ૯૯૭૯૮૮૪૪૭૧/૭૩ ● visit us : www.sdis.edu.in

### ગુરુદેવ પ.પૂ. બાપજી વિદ્યાસેવા સંકલ્પ સંકુલ

**SMVS સ્વામિનારાયણ ગુરુકુલ, ગોધર**
**ધો. ૮થી ૧૦ (ગુજરાતી માધ્યમ)**



- પ્રવેશ પરીક્ષા દ્વારા એડ્મિશન
- ધો. ૮ અને ૯માં પ્રવેશ ચાલુ
- પૂ. સંતોનું દિવ્ય સાંનિધ્ય
- સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૦૧૮/૩૩

**SMVS સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલ**
**ધો. ૮થી ૧૨ (ગુજરાતી માધ્યમ)**



- પ્રવેશ પરીક્ષા દ્વારા એડ્મિશન
- ફક્ત ધો. ૮ માટે જ પ્રવેશ ચાલુ
- પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા ગર્લ્સ ગુરુકુલનું સંચાલન
- સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૩૮૦, ૯૬૬૨૭૫૧૩૧૭

**ભણવા, રહેવા અને જમવાની નિઃશુલ્ક સુવિધા**
**શૈક્ષણિક અનુદાન સેવામાં સહભાગી થવા SMVS સંસ્થાના સેન્ટરનો સંપર્ક કરવો.**

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

# વર્ષ ૨૦૨૨-૨૩ની ઉપલબ્ધિ

# નૂતન કાર્યરત ડિપાર્ટમેન્ટ ઓફ કાર્ડિયોલોજી

## સૌથી અદ્યતન ટેક્નૉલૉજીથી સુસજ્જ

## આકર્ષક પ્રમોશનલ કાર્ડિયાક પૅકેજિસ

એન્જીયોગ્રાફી ~~7999/-~~ 3999/-*

એન્જીયોપ્લાસ્ટી ~~79999/-~~ 49999/-*







'મુખ્યમંત્રી અમૃતમ્ (મા)' અને 'આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય' યોજના અંતર્ગત વિના મૂલ્યે ઉપલબ્ધ સારવાર

કોરોનરી ઍન્જીયોગ્રાફી, કોરોનરી ઍન્જીયોપ્લાસ્ટી

- સૌથી અદ્યતન કૅથલૅબની શરૂઆત
- કોરોનરી ઍન્જીયોગ્રાફી અને કોરોનરી ઍન્જીયોપ્લાસ્ટીની સંપૂર્ણ સુવિધા
- સૌથી ઓછું રેડિયેશન
- સૌથી અનુભવી અને નિષ્ણાત કાર્ડિયોલૉજિસ્ટની ટીમ

## Journey of 4 Years

| OPD | IPD | Surgery | Dialysis | TMT | Sonography |
|---|---|---|---|---|---|
| 300000+ | 12000+ | 7000+ | 15000+ | 2500+ | 25000+ |
| **Health Checkup** | **Pathology** | **CT Scan** | **X-Ray** | **Echo** | **Mammography** |
| 15000+ | 130000+ | 15500+ | 30000+ | 7500+ | 2000+ |

દયાનો ગુણ શીખ્યે શિખાતો નથી; જન્મજાત ગુણ છે.

# ઉપલબ્ધ સુવિધાઓ

## સ્પેશ્યાલિટી ડોક્ટર્સ

| સ્પેશ્યાલિટી | ડોક્ટર | ટાઇમ |
|---|---|---|
| ફિઝિશયન | ડૉ. હિમાંશુ પરમાર<br>ડૉ. મૌલિતા કાપડિયા<br>ડૉ. નીરવ ચોવડિયા | બપોરે ૨:૩૦થી સાંજે ૬:૦૦ (સોમથી શનિ)<br>સવારે ૯:૩૦થી ૧૧:૩૦ & સાંજે ૬:૦૦થી ૮:૦૦ (સોમથી શનિ)<br>બપોરે ૧૨:૦૦થી ૨:૦૦ (સોમથી શનિ) |
| ઓર્થોપેડિક & જોઇન્ટ રિપ્લેસમૅન્ટ સર્જન | ડૉ. સંદીપ રાઠોડ | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ (સોમથી શનિ)<br>હાડકાંના રોગોને લગતી સારવાર |
| જનરલ & લેપ્રોસ્કોપિક સર્જન | ડૉ. આનંદ ટાંક | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ (સોમથી શનિ) |
| ઓફ્થેલ્મોલૉજિસ્ટ<br>આંખને લગતી સારવાર | ડૉ. સ્વીટી ચૌધરી | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ (સોમથી શનિ) |
| ઈ.એન.ટી. સર્જન<br>કાન,નાક,ગળાને લગતી સારવાર | ડૉ. જાન્વી ભાવસાર | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ (સોમથી શનિ) |
| ડેન્ટિસ્ટ<br>દાંતના રોગોને લગતી સારવાર | ડૉ. નેન્સી જોષી | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ (સોમથી શનિ) |
| ઓબ્સ્ટ્રેટીક & ગાયનેકૉલૉજિસ્ટ | ડૉ. પ્રિયંકા વીરાણી | સાંજે ૫:૩૦થી ૮:૦૦ (સોમથી શનિ)<br>સ્ત્રીરોગ અને પ્રસૂતિને લગતી સારવાર |
| પીડિયાટ્રિશયન & નિયોનેઇટોલૉજિસ્ટ<br>બાળકોના રોગને લગતી સારવાર | ડૉ. માધવ પંડ્યા | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ (સોમથી શનિ) |
| ડર્મેટૉલૉજિસ્ટ<br>ચામડીના રોગોને લગતી સારવાર | ડૉ. કર્તવ્ય બેન્કર<br>ડૉ. ઉત્પલ પટેલ | બપોરે ૨:૦૦ (શનિવાર) / સાંજે ૫:૦૦ (ગુરુવાર)<br>સાંજે ૪:૦૦ (બુધવાર) |
| ક્રિટિકલ કેર સ્પેશ્યાલિસ્ટ<br>(આઈ.સી.યુ. સ્પેશ્યાલિસ્ટ) | ડૉ. જય કોઠારી & ટીમ<br>ડૉ. રાકેશ પંચાલ | સવારે ૯:૩૦થી સાંજે ૬:૦૦ (સોમથી શનિ)<br>સવારે ૯:૩૦થી સાંજે ૬:૦૦ (સોમથી શનિ) |
| સાઈકાયટ્રિસ્ટ<br>માનસિક રોગોને લગતી સારવાર | ડૉ. દર્શન પટેલ | સાંજે ૬:૦૦ (સોમથી શુક્ર)<br>BY APPOINTMENT |

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

Follow us :



દયાળુ હૃદયમાં પ્રભુનો નિવાસ હોય છે.

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

# સુપર સ્પેશ્યાલિટી ડોક્ટર્સ

| સ્પેશ્યાલિટી | ડોક્ટર | ટાઇમ |
|---|---|---|
| **કાર્ડિયોલૉજિસ્ટ**<br>હૃદયરોગની સારવાર | ડૉ. સંજીવ ભાટિયા | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ (સોમથી શુક્ર)<br>સવારે ૧૦:૦૦થી બપોરે ૧:૦૦ (શનિવાર) |
| **યુરૉલૉજિસ્ટ**<br>પેશાબ તથા મૂત્રમાર્ગના રોગોની સારવાર | ડૉ. રાકેશ વાઢેર | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ (સોમથી શનિ) |
| **નેફ્રોલૉજિસ્ટ**<br>કિડનીના રોગની સારવાર | ડૉ. જય પટેલ &<br>ડૉ. નીરજ પટેલ ટીમ | સાંજે ૫:૩૦ (સોમવાર-બુધવાર-શુક્રવાર) |
| **ન્યુરૉફિઝિશયન**<br>મગજને લગતી સારવાર | ડૉ. કેયૂર મચ્છાવડા | સવારે ૧૧:૩૦ (મંગળવાર-ગુરુવાર-શનિવાર) |
| **ન્યુરૉ સર્જન**<br>મગજના સર્જન | ડૉ. કેતન પટેલ | સવારે ૧૦:૦૦ (સોમવાર/ગુરુવાર) |
| **ગૅસ્ટ્રો એન્ટેરોલૉજિસ્ટ**<br>પેટ અને આંતરડાંને લગતી સારવાર | ડૉ. નિલેશ પાંડવ | બપોરે ૩:૩૦થી સાંજે ૬:૦૦ (સોમથી શનિ) |
| **પલ્મોનોલૉજિસ્ટ**<br>ફેફસાંને લગતી સારવાર | ડૉ. ખુશ્બુ શાહ<br>ડૉ. કેયૂર પટેલ | બપોરે ૧૨:૩૦ (સોમવાર-બુધવાર-શુક્રવાર)<br>BY APPOINTMENT |
| **ઑન્કો ફિઝિશયન**<br>કેન્સરને લગતી સારવાર | ડૉ. રૂષિત શાહ | BY APPOINTMENT |
| **ઑન્કો સર્જન**<br>કેન્સરના સર્જન | ડૉ. કિરણ કોઠારી | સાંજે ૪:૩૦ (સોમવાર/ગુરુવાર)<br>BY APPOINTMENT |
| **સ્પાઇન સર્જન**<br>મણકાને લગતી સારવાર | ડૉ. હાર્દિક સુથાર | બપોરે ૨:૦૦ (મંગળવાર/શુક્રવાર) |
| **પ્લાસ્ટિક સર્જન** | ડૉ. હિતેષ પટેલ | BY APPOINTMENT |
| **વાસ્ક્યુલર સર્જન**<br>લોહીની નસોના સર્જન | ડૉ. તુષાર શર્મા | BY APPOINTMENT |
| **પીડિઍટ્રિક સર્જન**<br>બાળકોના સર્જન | ડૉ. અનીઝ રતાણી | BY APPOINTMENT |
| **રુમેટોલૉજિસ્ટ**<br>સાંધાને લગતી સારવાર | ડૉ. નિકુંજ દધાણિયા<br>ડૉ. હાર્દિક રાઠોડ | બપોરે ૧૨:૦૦ (મંગળવાર)<br>સવારે ૧૧:૦૦ (શુક્રવાર) BY APPOINTMENT |
| **ઍન્ડોક્રિનોલૉજિસ્ટ** | ડૉ. શ્રુતિ આતરેકર | ૧/૩ (ગુરુવાર) BY APPOINTMENT |

**SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ, **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - ૩૮૨૦૦૭.

**વધુ માહિતી માટે કૉલ કરો : ૬૩ ૫૯ ૭૭ ૦૭ ૨૫** info@smvshospital.com

## સારી ગુણવત્તા અને વાજબી ભાવે

# ચોપડા : ૨૦૨૩

## દિવ્યામૃત ચોપડા (ફ્લોરોસન્ટ)



## દિવ્યામૃત ચોપડા



## અમૃત ચોપડા



## સંકલ્પ ચોપડા



BOOKBUZZ

## ચોપડાની વિશેષતાઓ

ટાઈટલ : કવર સાથે ફ્લોરોસન્ટ મલ્ટિ કલર / મલ્ટિ કલર

પુસ્તકો : પ્રીમિયમ બુક / એક્ઝિક્યુટિવ બુક

લાઇન : સિંગલ લાઇન

લેમિનેશન : થર્મલ મેટ

કાગળ : સુપર સ્પેશિયલ

ડિઝાઇન : શીર્ષકમાં વિવિધ ડિઝાઇન

અન્ય :નોલેજ-ગેઈમ્સ અને દરેક પુસ્તક પર ટાઈટલ

**પ્રાપ્તિસ્થાન**


એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ.




(૧–૫) સ્વામિનારાયણ ધામ ઝોન ખાતે અનુક્રમે શિબિરમાં લાભ (૬) રાજકોટના દાવડા ગામે પધરામણી તથા સભામાં લાભ (૭–૮) **STK, SSP** તથા છાત્રાલયના મુક્તોને પ્રવાસમાં વ્હાલા પ.પૂ. ગુરુજીનો દિવ્ય લાભ

Ghanshyam, March-April-2023. Published on 10-03-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.









## દિવ્ય સંત શિબિર : ૨૦૨૩



